સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૫૦૦ | અંક : ૧૦ | જાન્યુઆરી - ૨૦૧૯



## ગણતંત્ર દિવસની શુભેચ્છાઓ

# હરભાઈ સ્મારક નિધિ • સરસ્વતી વિદ્યામંડળના ઉપક્રમે સન્માન સમારોહ




હરભાઈ સ્મારક નિધિ તથા સરસ્વતી વિદ્યામંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૧ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ બાલભારતી સંકુલમાં એક અનોખા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરની સ્મૃતિમાં શ્રી જશુબેન પટેલ તથા શ્રી ભારતીબેન દવેનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ઘરશાળા

**જાન્યુઆરી - ૨૦૧૯**
**વર્ષ : ૪૧ સળંગ અંક : ૫૦૦**


સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| લેખ | લેખક / પાનું |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૭ |
| સૂરસાગરનો માણવા જેવો મધુરરસ | હીરજીભાઈ નાકરાણી / ૯ |
| માનવજાતનું ઊર્ધ્વારોહણ : અહિંસક માર્ગે સ્વરાજ | મનસુખ સલ્લા / ૧૫ |
| મુબારક - જન્મ દિન હ્રાય (બે) | સુરેશચંદ્ર ગઢવી / ૧૮ |
| સત્યના પ્રયોગો | ભરત મહેતા / ૧૯ |
| સ્વામ્બો | રણછોડ શાહ / ૨૬ |
| પંચોત્તેરનાં પગરણ | હંસાબહેન દેસાઈ / ૨૮ |
| એક નવોદિત શિક્ષિકાની તપસ્યા અને સહિષ્ણુતા | જયશ્રી / ૨૯ |
| સંબંધ | ઉપેન્દ્રભાઈ પટેલ / ૩૬ |
| અમૃત વર્ષની શુભેચ્છા | દિલીપ દવે / ૩૬ |
| મેઘાણી, મહારાજ અને માણસાઈના દીવા | વી. એસ. ગઢવી / ૩૭ |
| ધર્મનું સાચું સ્વરૂપ | દુર્ગેશ ઉપાધ્યાય (વડોદરા) / ૩૯ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |
| શતાબ્દી વર્ષ - અમૃત પર્વ (શુભેચ્છા રેલી) | / ૪૨ |


# "ઘરશાળા"

# શૈક્ષણિક માસિક

## લેખક જોગ - વાચકો જોગ

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## શિક્ષણ એટલે અનુકૂલન પ્રક્રિયા

જન્મથી માંડી મૃત્યુ સુધી મનુષ્ય તેના જીવનની નૌકા ચલાવતાં-ચલાવતાં અનેક પ્રકારની અડચણો, અવરોધો, મૂંઝવણો અને ભંગાણોને ભેટે છે. પોતાની સૂઝ, સમજશક્તિને શ્રદ્ધાથી તે તેને અનુકૂળ માર્ગ શોધી કાઢે છે, ને આગળ વધે છે. અર્થાત્ તે અનુકૂલન સાધીને સિદ્ધિ તરફ જવાની કોશિશ કરે છે.

આ અનુકૂલન સાધવાની ક્ષમતા ઈશ્વરે લગભગ દરેક માણસને, પશુપંખીને આપેલી છે, જેના થકી તે તેનું જીવન સુગમ અને સફળ બનાવી શકે છે. જેને શૈક્ષણિક મનોવિજ્ઞાનની પરિભાષામાં ‘એડજસ્ટમેન્ટ’ કહે છે, તે અનુકૂલન શિક્ષણની આગવી ઓળખ બની રહે છે. સમગ્ર શિક્ષણશાસ્ત્રના કેન્દ્રમાં પડેલો કોઈ અતિ મહત્ત્વનો હેતુ કે સિદ્ધાંત હોય તો તે આ છે. Education itself is a continuous process of adjustment.

બાળકના માર્ગમાં ખાડો આવે તો તે ફંટાઈને આગળ વધે છે; દીવાલ ઉપર પાંચ ફૂટ ઊંચે લટકાવેલું ચિત્ર લેવા તે દીવાલ પાસે ટેબલ, ટેબલ ઉપર ડબ્બો મૂકીને ચિત્ર સુધી પહોંચવાની અવિરત કોશિશ કરે છે; પરીક્ષામાં પુછાયેલ બે પ્રશ્નોના સાચા ઉત્તરો ન આવડતાં, તે અન્ય પરીક્ષાર્થીની ઉત્તરવહીમાંથી તફડંચી કરી લે છે; વ્યાપારમાં બે મહિના પછી નાણાંભીડ ઊભી થવાનાં એંધાણ પારખી જઈ, કુશળ વેપારી નાણાં એકત્રિત કરવા માંડે છે. આ બધી પ્રવૃત્તિઓ, જીવનમાં પ્રતિદિન ઊભી થતી વિટંબણાઓ અને સમસ્યાઓને પહોંચી વળવા માટેની પ્રયુક્તિઓ છે.

શિક્ષણ પામેલ વ્યક્તિ તે છે, જે તેના જીવનકાળ દરમિયાન ઊભી થનાર, અપેક્ષિત મુશ્કેલીઓ સાથે તાલ મિલાવી પોતાનો માર્ગ કાઢી શકે. તેને માટે શિક્ષણ, બીજું કંઈ નહિ, પણ એક અવિરત ચાલતી અનુકૂલન પ્રક્રિયા છે.

# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું ?

***આપણે ભાષણ પ્રિય પ્રજા છીએ. ડિસેમ્બર - જાન્યુઆરી માસમાં પરિષદો, સેમિનાર, જ્ઞાનસત્ર, ચર્ચાસભાઓ, ચિંતન શિબિરો થાય છે. ભાષણો આપણને કરવા અને સાંભળવા ગમે છે. તેમા મેળવેલું જ્ઞાન - માહિતી ત્યાં જ મૂકીને આવીએ છીએ અને આપણા ચીલાચાલુ રોજિંદા કાર્યોમાં પરોવાઈ જઈએ છીએ. વિચારોના અમલ અને કાર્ય યોજના ઉપર હંમેશા ઉદાસીન રહીએ છીએ. આ વાત ગાંધીજીએ ૧૯૧૬માં જુદી જુદી સભાઓમાં કરી હતી. ગાંધીજીનો આ ખટકો આજે પણ એટલો જ પ્રસ્તુત છે. આશા છે ગાંધીજીનો આ સંદેશ આપણને જરૂર જાગૃત કરશે. - તંત્રી***

આજે મને ભાષણ કરવા માટે અત્યારે અડધો કલાક અને સાંજના એક કલાક મળી દોઢ કલાક સુધીનો વખત આપવામાં આવ્યો છે. પણ તેટલો બધો વખત સુધી (ભાષણ) આપવું, અને તેને તમારે પચાવવું, એ મારી સત્તાની બહાર છે. માટે જ્યાં જ્યાં બોલવાનું થાય છે, ત્યાં ત્યાં હું ટૂંકથી જ પતાવું છું. હું ૩૦ વર્ષ સુધી ઘણું ભટક્યો છું. મેં જોયું છે કે જ્યાં અત્યંત બોલવાનું હોય છે. ત્યાં કામ કરવાનું ઘણું જ ઓછું હોય છે. અને એ દોષ આખા હિન્દુસ્તાન ઉપર મુકાતો આવ્યો છે. આ દોષ માટે આપણે લાયક છીએ. માત્ર ભાષણો અને વ્યાખ્યાનોનો ખોરાક મળે છે. એમાંથી આપણે ક્યારે મુક્ત થઈશું ? આપણી જિંદગીમાં જેટલો વખત ભાષણો સાંભળવામાં આપણે ગાળ્યો છે, તેટલો જ વખત જો કાર્ય કરવામાં ગાળ્યો હોત તો આજે હિન્દુસ્તાન સ્વરાજના પગથિયા ઉપર આવ્યું હોત. વ્યાખ્યાનો સાંભળવાથી કાંઈ સ્વરાજ મળવાનું નથી. સ્વરાજ તો બલિદાન આપવાથી અને લાયકાત મેળવવાથી જ મળે છે. ભાષણ માટે રાખવામાં આવે છે તેટલો વખત જો અત્રે બેઠેલ માણસને એક્કેક પાવડો આપી. અત્રે જેટલી જમીન છે તેટલી ખોદાવી તેમાં કાંઈ વાવેતર કરવામાં આવે. તો આવતે વર્ષે કાંઈ ને કાંઈ પણ સારો પાક ઊગશે જ.

માત્ર વ્યાખ્યાનો સાંભળવાથી કામો થતાં હોય અને આપણાં દરદો મટતાં હોય, તો ઘણે ઠેકાણે ‘ભાગવત’નાં પારાયણો થાય છે અને તે સાંભળવાને ઘણા શ્રોતાઓ બેસે છે. પણ કેટલાક તો ઝોકાં ખાતાં હશે. માત્ર સાંભળવાથી બધું મળી જતું હોય, તો પછી બીજું કર્તવ્ય કરવાની જરૂર જ નથી. બ્રાહ્મણો કથા-પુરાણ વાંચે, એટલે આપણો ઉદ્ધાર થયો. આમ હિન્દુસ્તાનના લોકોને સાંભળવાનો, બોલવાનો અને પોતાનાં વખાણો કરવાનો બહુ શોખ છે. તે કાર્યમાં તેઓ ગાંડાતૂર બની જાય છે. પણ આમ કરતાં જો મૌન ધારણ કરવામાં આવે, તો તેથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બોલવાથી કોઈ જાતનું મનન થઈ શકતું નથી. પણ તમે કોઈ પણ કાર્ય કરશો, તો તેમાંથી લોકોને સારઅસાર ગ્રહણ કરવાનો મળશે.

પરિષદો અને ભાષણો, એ બધાંથી હું થાક્યો છું. અને હું મારો અવાજ સાંભળીને પણ હવે કંટાળી ગયો છું. કાર્ય કરવા જે મનોબળ જોઈએ, તે નહીં હોવાથી પરિષદો મેળવીએ છીએ. આખા દેશમાં એમ

થાય છે.

મને આ સભાઓમાં અને આ ઠરાવોમાં શ્રદ્ધા નથી. સભાઓ ભરવી અને એમાં ઠરાવો પસાર કરવા, એ કેવળ સમયની બરબાદી છે.

આપણે માટે હવે પરિષદો ભરવાનો કાળ ગયો છે અને કંઈક કરી બતાવીને છાનામાના બેસી જવાનો કાળ આવ્યો છે. કારણ કે એવું કાર્ય કરી બતાવ્યા પછી જે કાંઈ બોલાશે, તેની અસર લોકો ઉપર જુદી હશે.

તમે જોશો તો યુરોપમાં આપણે દેશની માફક વ્યાખ્યાનો થતાં નથી. કારણ તેઓને સાંભળવાની ફુરસદ નથી. તેઓ હાલ પ્રગતિમાં છે તેવી પ્રગતિમાં આવવા માટે આપણે સરકાર પાસે કેટલાક હકો માંગવાના અને મેળવવાના છે. એ હકો મેળવવા માટે બાથ ભીડવાની જરૂર છે. તેવા હકો મેળવવા માટે આપણે લાયક થવાની જરૂર છે. માટે વાંચી, વિચાર કરી, અનુકરણ કરી સરકાર સાથે સત્યને રસ્તે બાથ ભીડવાને લાયક બનો.

તમે જો એક ઘડીભર પણ એમ માનતા હશો કે આધ્યાત્મિક જીવન શબ્દ દ્વારા શિખાડી શકાય છે. તો તમે ભૂલો છો. મેં પણ ઘણાં ભાષણોનો સ્વાદ ચાખ્યો છે. હું એટલું કહેવા ઈચ્છું છું કે આપણે ભાષણો કરવામાં આપણી સામગ્રી લગભગ સાવ વાપરી ચૂક્યા છીએ. આપણે કાનને કે આંખને ખોરાક મળે, એ જ કંઈ પૂરતું નથી. આપણાં હ્રદયને પણ પોષણ મળવું જોઈએ, અને આપણા હાથપગ પણ ચાલવા જોઈએ.

લખાણો આપણને કોઈ પણ દહાડો સ્વરાજ નથી અપાવવાનાં. ગમે તેટલાં ભાષણો પણ આપણને સ્વરાજ માટે લાયક નથી કરી શકવાનાં. આપણું ચારિત્ર્ય જ આપણને સ્વરાજ માટે લાયક બનાવશે. મારા આખા જાહેર જીવન દરમિયાન મને લાગ્યું છે કે આપણને જે વસ્તુની જરૂર છે, તે એક જ છે - અને તે ચારિત્ર્યની ખિલવણી. આપણા મહાન દેશભક્ત ગોખલેએ એમ કહ્યું છે કે, જ્યાં સુધી આપણી મનોકામનાને ટેકો આપવા આપણી પાસે ચારિત્ર્યરૂપી બળ નથી. ત્યાં સુધી આપણને કંઈ મળશે નહિ. આપણે કશાને માટે લાયક થશું નહીં.

મો.ક.ગાંધી

*(૧૯૧૬માં સુરત, કાશી, મદ્રાસ, અમદાવાદ અને મુંબઈ આપેલાં ભાષણોમાંથી સંકલન : 'ગાંધીજીનો અક્ષરદેહ' : ૧૩)*


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## અણધાર્યા સહયાત્રીનું મિલન

ઑફિસ બહાર એક બહેન મળવા આવ્યાં હતાં. હું બહાર એ બહેનને મળવા માટે નીકળી. બહાર આવી જોયું તો કોઈ દેખાયું નહિ. પુસ્તકાલયના દરવાજા પાસે એક વિદ્યાર્થિની ઊભી હતી. તેણે ઓઢણી પહેરી હતી. વિચારે ચડેલી હું ઑફિસમાં પાછી ફરી. શ્રી રાવલભાઈ આવ્યા, તેમણે કહ્યું કે પુસ્તકાલયના દરવાજા પાસે ઊભેલા બહેન તમને મળવા આવ્યાં છે. હું ફરી બહાર નીકળી એ બહેન પાસે ગઈ. તે બહેને મને નમસ્કાર કર્યા. નાનકડું-પાતળું કદ. ઊંચાઈ ઓછી અને ગોરું ગોરું શરીર. મેં તેમનું નામ પૂછ્યું. તેમણે કહ્યું, "મારું નામ શકુંતલા". SNDT યુનિ. તરફથી ચાલતી SLU કૉલેજના પ્રિન્સિપાલ જેઠાલાલ શાહની હું દીકરી. તરત જ મેં તેમને ઓળખ્યા અને ઑફિસમાં લઈ ગઈ. તમને તો હું ઓળખું છું. હું પણ એ જ કૉલેજમાં ભણેલી છું પણ શકુંતલાબહેન તમે જો સ્કર્ટ-બ્લાઉઝ પહેરીને આવ્યાં હો તો સાતમી-આઠમીની વિદ્યાર્થિની જેવાં જ લાગો હોં ! તેઓ પણ હસી પડ્યાં. શું કરું બહેન, કુદરતી રીતે જ મારું આવું કદ છે. તમે અત્યારે શામાં ભણો છો ? હાલ હું ભણતી નથી. હું એમ. એ. બી.ટી. છું. તમારી શાળામાં કોઈ જગ્યા ખાલી હોય તો નોકરી જોઈએ છે. પછી અમે મૌન રહ્યા. મેં તેમને વિનંતી કરી કે અમે તમને થોડા વખત પછી લઈ શકીશું. તમે રાહ જોઈ શકશો. તે વખતે કેળવણી ખાતાની ઝંઝટ નહોતી. પરવાનગી લેવી નહોતી પડતી. શાળા-સંચાલનના મોવડીઓને એમ લાગે કે આ યોગ્ય છે તો તેને એપોઈન્ટમેન્ટ આપી દેતા. પછી મેં એમને રઘુભાઈને પણ મેળવ્યા અને એમણે પણ મારા જેવો જ જવાબ આપ્યો. અમને બંનેને એમની વિચારસરણી સારી લાગી, અને તેઓને અમે થોડાક સમય પછી સંસ્થામાં લઈ લીધાં. તે જમાનામાં શ્રેણી ૫,૬,૭ના વર્ગો હાઈસ્કૂલની સાથે હતા એટલે શ્રેણી ૫ થી ૧૧ સુધી હાઈસ્કૂલ ગણાતી. (૧ થી ૪ના વર્ગો અમે ચલાવતા ન હતા) શ્રેણી ૫,૬,૭ના વર્ગો સવારમાં ચાલતા અને હાઈસ્કૂલ ૧૨ વાગ્યાથી શરૂ થતી. તેઓને ૫,૬ અને ૭ના વર્ગોમાં ગુજરાતી શીખવવા માટે એપોઈન્ટમેન્ટ આપી. શકુન્તલાબહેનની કારકિર્દીની શરૂઆતથી જ અમને એમ લાગવા માંડેલું કે એ જોત-જોતામાં સંસ્થાના એક વિશ્વાસુ અને સંસ્થાના સિદ્ધાંતોમાં વિશ્વાસ ધરાવનાર એક સહયાત્રી બની જશે.

## અજોડ શિસ્ત :

શકુંતલાબહેન સંસ્થામાં જોડાયાં તેના પહેલાથી છેલ્લા દિવસ સુધી શાળામાં એમનો પ્રવેશ ઘડિયાળના કાંટે રહેતો. એમની સાથે કામ કરનારા શિક્ષકો કહેતા ઘડિયાળ મેળવવું હોય તો શકુંતલાબહેનના પ્રવેશ વખતે ઘડિયાળ મેળવી લેવું. ત્યારે સૌ કાર્યકરોના મોંઢા ઉપર એક માનભર્યું સ્મિત દેખાઈ આવતું. શકુંતલાબહેન પોતે જે રીતે શિસ્તનું પાલન કરતાં હતા તે માટે તેમને અભિમાન નહોતું. કોઈ અનિયમિત શિક્ષક કટાક્ષમાં પણ એવું નહોતું કહી શકતું કે શાળામાં નિયમિત આવવાથી શું બિરુદ મળી જવાનું છે. તેઓ જે માનતા એ પ્રમાણે જીવન જીવતાં.

શાળાની પ્રણાલિકાઓ, સિદ્ધાંતો, શિક્ષણના ખ્યાલો તેઓ બરાબર સમજી લેતા અને એ પ્રમાણે સંસ્થામાં હંમેશાં વર્તતા. સંસ્થા પ્રત્યેની તેમની શ્રદ્ધા અને વફાદારીને કોઈ ચેલેન્જ કરી શકતું નહિ. "પોટલું બંધાવી દેશે" એવી વાત કોઈ કાર્યકરના હોઠ પર આવતી નહિ. આ હતી એમની વિશિષ્ટતા. મુઠ્ઠીભર હાડકાંનો એ દેહ હતો પણ જીવ જોરાવર હતો. કોઈની ટીકાનો તેમને ડર નહોતો. એ જ્યારે આચાર્ય બન્યા ત્યારે એક શિક્ષક ત્રણ વખત મોડા આવે તો "એ મોડા આવ્યા છે" એવી ચિઠ્ઠી લખતાં તેઓ સંકોચ અનુભવતા નહિ. તેઓ ચિઠ્ઠીમાં વિનંતી કરતાં કે હવે તમે નિયમત આવશો એમ હું માનું છું. એમની નીડરતાના ઘણાં દાખલાઓ છે. વરસાદની હેલી હોય, હુલ્લડ-તોફાનો હોય, તો પણ એમનો શાળામાં પોણા સાતે પ્રવેશ હોય જ. કોઈ મહાન રાષ્ટ્રીય વ્યક્તિનું મૃત્યું થયું હોય અને સૌને ખાતરી હોય કે શાળામાં રજા પડવાની છે તો પણ રજાની

જાહેરાત પહેલાં તેઓ પોતે શાળાના કંપાઉન્ડમાં ફરતાં જ હોય. સંજોગોવશાત્ એવું બન્યું કે વાસણશેરીમાં રહેતા એક ભાઈનું મકાન થતું હતું. એજ વખતે માધુભાઈ મિલમાં ચાલતી શાળામાં સવારના ૫,૬,૭ના વર્ગોની સંખ્યાનો ઘણો વધારો થયો. એ બધા વર્ગોને ત્યાં સમાવી શકાય એમ નહોતું. એટલે વાસણશેરીમાં શાળા ચલાવવાની પ્રપોઝલ આવી. મંડળે તે સ્વીકારી લીધી. ત્યારે એ શાળામાં કામ કરવા શકુંતલાબહેનને ત્યાં મૂક્યાં. માધુભાઈ મિલ કંપાઉન્ડમાંથી હવે તેઓ વાસણશેરીના શિક્ષણ સાથેની એકરૂપતા અને શ્રદ્ધાથી એમણે જે રીતે કામ કર્યું તે રીતે એમના માટેનું માન વિદ્યામંડળના સભ્યોમાં સારું એવું ઊભું થયું હતું.

અચાનક જ વિમળભાઈ શાહ તરફથી તેમના માતાના નામે એક શાળા શરૂ કરવા માટે દાન આપવાની પ્રપોઝલ આવી અને મંડળે તે સ્વીકારી. એ જ વાસણશેરીના મકાનમાં જે. એન. બાલિકા વિદ્યાલયનો પ્રારંભ થયો. જે. એન. બાલિકાના ઉદ્ઘાટન વખતે એ મકાનને શણગારવામાં આવ્યું. આસોપાલવના તોરણો બંધાયાં અને જે. એન. બાલિકા વિદ્યાલયની સ્થાપના થઈ. એ નવી સંસ્થાના આચાર્યા તરીકે શ્રી શકુંતલાબહેનની વરણી થઈ. તે દિવસથી મંડળના બીજા અનેક કાર્યક્રમોમાં તેઓ પોતે સાથ આપવા લાગ્યાં. કેટલાક વાલીઓ કહેતા કે આ નાનકડો જીવ આવડી મોટી શાળા કેવી રીતે ચલાવશે ? પણ સૂકલકડી શરીરમાં મનોબળ જબરજસ્ત હતું. જે દિવસથી તેઓ આચાર્યા થયાં તે દિવસથી આચાર્ય તરીકેની એમની શું ફરજો છે એ જાણી લીધી. એને માટે તેઓ પૂરા જાગૃત હતાં. શાળાની શરૂઆતમાં બધા વર્ગો વ્યવસ્થિત ચાલે છે કે નહિ તેની તેઓ આખા મકાનમાં રાઉન્ડ મારી ખાતરી કરતાં. ત્યારપછી જ પોતાની ઑફિસમાં જતા, એવી જ રીતે રિસેસ પૂરી થયા પછી તેઓ જેવો ઝીણવટભર્યો રાઉન્ડ લેતા. મોડા પહોંચનાર શિક્ષકને કહેતાં કે સેકન્ડ બેલના ટકોરા પડે છે એ શિક્ષણનું કાર્ય શરૂ કરવાના કટોરા છે. એ પહેલાં પહોંચવું એ આપણી ફરજ છે. રોજ આવું ધ્યાન દોરવાની એમની રીતને લીધે શિક્ષકો ખૂબ જાગૃત રહેતા અને વર્ગમાં સમયસર પહોંચી જતા. વર્ગમાં મોડા ન પડવાની વાતનું ૯૫ ટકા શિક્ષકો પાલન કરતા. એ શકુંતલાબહેનની જીત હતી. એમનું શારીરિક કદ જોઈ ઘણાં શિક્ષકો ઘણા સમય સુધી એમને આચાર્યા તરીકે મનથી સ્વીકારતા ન'તા પણ એમની નિયમિતતા, શિસ્ત અને સંસ્થાની પ્રણાલિકાને એક પ્રામાણિક સૈનિક તરીકે વળગી રહેવાની તેમની રીત બીજાને આઉટ કરી દેતી. આ હતા શકુંતલાબહેન. શાળામાં આવવાનો સમય હંમેશાં નક્કી હતો, પણ શાળામાંથી જવાનો સમય એમના માટે કદી નક્કી નહોતો. કુદરતી રીતે જ એ વિદ્યામંડળના એક આપ્તજન બની ગયાં હતાં. એમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી શકાય એવી એ વ્યક્તિ અચાનક ગંભીર માંદગીમાં સપડાઈ ગઈ. શ્રી વિઠ્ઠલભાઈ ઓઝાએ આ ગંભીર માંદગી વખતે તેમના હક્કના પૈસા પ્રો. ફંડ અને અન્ય મળવાપાત્ર રકમ મેળવી આપવામાં સખત મહેનત કરી મદદથી હતી. જે એમની માંદગીમાં ખૂબ ઉપયોગી બની. સરસ્વતીના કાર્યકરો એમની ખબર કાઢવા વારંવાર જતા અને એમની મુશ્કેલીમાં સહારો બની જતા. શરીર જીર્ણ થતું જતું હતું. અમે સૌએ, એમના સગાંવહાલાંઓએ તેમજ ડૉક્ટરોએ એમના જીવવાની આશા હવે છોડી દીધી હતી. દરેક દિવસે અને રાતે એમનું શરીર જીર્ણ બનતું ગયું. જીવલેણ રોગના લીધે એ દીવો બુઝાઈ ગયો. આજે પણ એમના સ્મરણો વિદ્યાલયના ખૂણેખૂણામાં અંકાઈ ગયા છે. એક પદ યાદ આવે છે, જે ગાંધીજી માટે ગવાતું હતું.' "એનું સૂકું શરીર જાણે લાકડી રે, માંહે જોરાવર છે જીવ એ ગાંધી ગુજરાતમાં ઊતર્યા રે...." આ પદ ઘરદીવડા સમા શકુંતલાબહેન માટે સરસ્વતીના સ્વજનો એમના માટે આ પદ બોલી શકે, "એનું સૂકું શરીર જાણે લાકડી રે, માંહે જોરાવર છે જીવ એવા શકુબહેન સરસ્વતીએ ઊતર્યા રે..." પછી તો એ દીપ બુઝાઈ ગયો.

એમના મૃત્યુ પછીના એમના વિલમાં લખ્યું હતું કે રૂા. ૨૫,૦૦૦/- સરસ્વતી વિદ્યામંડળને આપું છું. મંડળના કાર્યકરને જે રીતે વાપરવા હોય તે રીતે વાપરી શકે. આ હતો એક અનોખો નાતો. સરસ્વતીના ઈતિહાસમાં આ સંસ્થાના યજ્ઞમાં જેટલા યાત્રીઓ મળ્યા છે એમાંના એક યાત્રી જેને સંસ્થા કદી ભૂલી શકશે નહિ.

# સૂરસાગરનો માણવા જેવો મધુરરસ

**હીરજીભાઈ નાકરાણી**

કૃષ્ણ ભક્ત કવિ સૂરદાસની રચનાઓમાં સૌથી વધુ માણવા જેવા મધુરરસની નિષ્પત્તિ તેમના મહાનગ્રંથ સૂરસાગરમાં જોવા મળે છે. ગાગરમાં સાગર ભરવાનું કવિ કર્મ તેમણે કર્યું છે. એક લાખ જેટલા પદોનો સંગ્રહ સૂરસાગરમાં થયો છે. પણ આજે માત્ર પાંચ હજાર જેટલાં પદો જ પ્રચલિત છે. કુલ બાર સ્કંદોમાં ગવાયેલ પદોમાંના દશમ સ્કંદમાં રજૂ થયેલ પદો ખૂબ વિસ્તારથી આપવામાં આવ્યા છે, જેમાં કૃષ્ણ ભક્તિ અને બાલલીલા તેમજ ભ્રમરગીત સાગર અત્યંત મહત્ત્વના છે. દશમ સ્કંધના પૂર્વાર્ધમાં કૃષ્ણ જન્મ, માખણચોર, ગોદોહન, ગોચરણ, કાલિયનાગ દમન, મોરલી, ચીરહરણ, પનઘટ રોકવું, દાણલીલા અને રાસલીલા વગેરેનું રસપાન ખૂબ સારી રીતે વ્રજભાષામાં જ કરાયું છે. આ ભાષાને સાહિત્ય સ્વરૂપ આપવામાં સૂરદાસનો સૌથી મહત્ત્વનો ફાળો રહ્યો છે. કવિ સૂરદાસ કૃષ્ણ ભક્તિની અજસ્ર ધારાને પ્રવાહિત કરનાર ભક્ત કવિઓમાં સર્વોપરી સ્થાન ધરાવે છે. હિન્દી સાહિત્યમાં મહાત્મ સૂરદાસ હિન્દી કાવ્ય સાહિત્યમાં સૂર્યસમાન ગણવામાં આવ્યું છે એટલે જ કહેવાયું છે

"સૂર સૂર તુલસી શશિ, ઉડ્ગણ કેશવદાસ,
અબકે કવિ ખદ્યોતસમ, જહં તહં કરહી પ્રકાશ."

તેમના સૂરસાગરમાં સૂર્યનું તેજ અને તાકાત જોવા મળે છે. તુલસીએ તેમની પાસેથી ચંદ્રસમ ઘણું લીધું છે. કેશવદાસનું હિન્દી સાહિત્યમાં સ્થાન આકાશના સિતારા જેવું સામાન્ય છે અને અન્ય કવિઓની લબૂક ઝબૂક થતા આગિયાના પ્રકાશ સાથે સરખામણી કરી છે. સૂર્ય સમાન આ તેજસ્વી સૂર્યનો જન્મ આગ્રા પાસેનાં રુનકતા નામના નાનકડા ગામમાં સને ૧૪૭૮માં એક સારસ્વ બ્રાહ્મણ રામદાસને ત્યાં થયો હતો. તેઓ કૃષ્ણભક્તિના ગાયક હતા. તેમણે (સૂરદાસે) ૧૦૫ વર્ષનું લાંબુ જીવન ભક્તિરસમાં વ્યતીત કર્યું હતું. આ સમય દરમિયાન સૂરદાસે અઢાર જેટલા ગ્રંથોની રચના કરી હતી. તેમાં સૂરસાગર, સૂરસાવલી, સાહિત્યલહરી, નળદમયંતિ અને બ્યાહલો. આ પાંચ જ આજે પ્રચલિત રહ્યા છે.

કુલ ૧૨ સ્કંદોમાં રચાયેલ સૂરસાગરનાં પ્રથમ નવ સ્કંદો, સંક્ષિપ્તઃ છે અને દશમ સ્કંદ વિસ્તૃત છે, જેના પૂર્વાર્ધમાં કૃષ્ણજન્મ, નંદઘરે આગમન, કાલિદમન, માખણચોર વગેરે વર્ણિત થયા છે.

સૂરદાસ જન્માંધ હતા એવું કેટલાક વિદ્વાનોનું માનવું હતું તો કેટલાક જન્માંધતાનો સ્વીકાર કરતા નથી કારણ કે તેમણે સૂરસાગરમાં શૃંગાર રસનું સ્વરૂપ જે આબેહૂબ બતાવ્યું છે તેમાં અંધત્વ જન્માંધ ન હોવાના સંશયો પેદા કરે છે. કૃષ્ણના દેહ લાવણ્ય, રૂપ, રંગ અને તેની સાથે જોડાયેલ બાળ-ગોપાળ અને રાધાનું જે સૂક્ષ્મતાથી વર્ણન કર્યું છે તેના પરથી નક્કી થાય છે કે તેઓ જન્માંધ તો નહીં જ હોય પણ સમજણી ઉંમરે કોઈ આકસ્મિક ઘટના અનુસંધાને અંધાપો આવ્યો હોય એમ લાગે છે.

શ્યામ સુંદર જેવા પંડિત કહે છે, "જન્માંધ વ્યક્તિ શૃંગાર રસની નિષ્પતિમાં રંગો બાબત જે વર્ણનો મળે છે તે કોઈ અંધ વ્યક્તિનું કામ નથી." જ્યારે આચાર્ય હજારીપ્રસાદ ત્રિવેદી એક જગાએ લખે છે, "સૂરસાગરના કેટલાંક પદોમાંથી પણ જન્માંધ ન હોવાનો ધ્વનિ નીકળે છે. સૂરદાસ ખાસ કરીને ભાવનાના કવિ છે. શબ્દ તો ભાવના પાછળ પાછળ ચાલે છે. શૃંગારનો શણગાર એ સૂરદાસના પદોનું કેન્દ્રબિંદુ છે, જેમાં તેમણે વિવિધ રાગ-રાગિણીઓના માધ્યમથી ભક્ત હ્રદયને ભાવસ્વરૂપે અભિવ્યક્ત કરેલ છે.

ગોકુળ, મથુરા, વૃંદાવન, યમુના, મધુવન, ગોપ-ગોપીઓ, ગાયો, મોરલી વગેરેના માધ્યમ થકી સૂરદાસે સંપૂર્ણ વ્રજજીવન, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના સંદર્ભમાં તેમની વીણાએ જે પદોનું સુમધુર ગાન કર્યું છે તેના સ્વર અને શબ્દોને શતાબ્દી વહી જવા છતાં આજે પણ એટલા જ હ્રદયંગમ રહ્યા છે. તેમના પદોનો અંતરંગ અને બહિરંગ પક્ષ અત્યંત સુદૃઢ અને પ્રૌઢ જોવા મળે છે.

તેમાંનું માધુર્ય અનુપમ સૌંદર્ય અને અપરિમિત સૌષ્ઠવથી સભર પણ છે.

કાવ્યના બે પક્ષો હોય છે. ૧. ભાવપક્ષ, ૨. કલાપક્ષ. ભાવપક્ષ એ કાવ્યનો આત્મા અને આંતરિક ગુણ છે, જેનો સંબંધ કવિના હ્રદય અને તેની ભાવુકતા સાથે હોય છે. જ્યારે કલા પક્ષનો સંબંધ કાવ્યના બાહ્ય કાઠા સાથે હોય છે જેને વિવિધ પ્રકારના અલંકારોથી શણગારવામાં આવે છે.

આમ બંને પક્ષના માપદંડ એકબીજાથી ભિન્ન અને વિશિષ્ટ હોય છે. પણ જેની રચનામાં આ બંને પક્ષનું સંતુલન જળવાયું હોય તે રચના શ્રેષ્ઠ અને ઉત્તમ ગણાય છે. સ્ત્રી પોતાના બાહ્ય સૌંદર્યમાં વધારો કરવા માટે વિવિધ આભૂષણો અને અલંકારોથી શણગારે છે તેમ કાવ્યમાં પણ અલંકારોનો ઉપયોગ કરી ભાષાને શણગારવામાં આવે છે.

સૂરદાસ પ્રથમ ભક્ત હતા અને ભક્તિ ભાવનો ઉત્કર્ષ કરવો તે આના પદોનો આત્મા છે. ભાવની દ્દષ્ટિએ ભક્તિ માટે માધુર્ય અને વાત્સલ્ય ભાવના પદોની રચના તેમણે કરી છે. જેમાં આપણને વાત્સલ્ય અને શૃંગાર રસના દર્શન થાય છે. ભક્તિભાવમાં દૈન્યભાવનું સ્થાન શ્રેષ્ઠ માનવામાં આવે છે. ભક્ત એમ માને છે કે તેમની દીનતા દ્રવિત થઈને ઈશ્વર તેને પોતાના દાયરામાં લઈ લેશે.

મોં સો પતિતુ ન ઔર ગુસાઈ<br>
અવગુણ મોટો અજહુ ન છુપ્ત<br>
બહુત પરચૌ અબ તાઈ<br>
સૂર પતિત કૌ ઠોર કહૂં<br>
વહીં સખી લેઉ સરનાઈ."

આ રીતે શૃંગાર અને વાત્સલ્ય રસના મહાકવિ સૂરદાસે કૃષ્ણને આરાધ્ય અને ઈશ્વર માનીને પોતાના સૂરસાગરમાં કાવ્ય સૌંદર્યનું વર્ણન એટલું રસપ્રદ કર્યું છે કે અન્ય કવિઓ પોતાની જાતને અસમર્થ માને છે. સૂરદાસે શ્રીકૃષ્ણને ઈશ્વરીય ગુણોથી સભર માની તેનું ચિત્રણ એક સામાન્ય ગૃહસ્થના ઘરમાં લાલન-પાલન થકી ઉછેર થયેલ બાળકની જેમ કરેલ છે. નંદી થકી લાલન પાલન થવા સાથે સામાન્ય પરિવારમાં થતા સહજ ઉછેરમાં નાના - મોટા તમામ કોપો પોતે કરવા લાગે છે. વિદૂરનો પ્રસંગ જાણીતો છે. જમ્યા પછી એંઠા પાતળ ઉપાડવામાં શ્રીકૃષ્ણને ભોંઠપ કે ક્ષોભ, શરમ નડ્યા નથી. સૂરસાગરમાં આપણે એવું જાઈ શકીએ છીએ કે રાજા અને પ્રજા વચ્ચે વધુ અંતર ન હોવું જોઈએ. સૂરસાગરમાં મુખ્ય રૂપે ત્રણ રસ નિષ્પતિ થયેલ છે. શાંતરસ, અંતરગાન ભક્તિનો શૃંગાર અને વાત્સલ્ય રસ જોવા મળે છે અને તમામ પદો ગેય છે. પહેલાં કવિના મુક્ત કંઠે ગવાયેલાં છે અને પછી કાળક્રમે લખાયેલાં છે.

ભાવપક્ષની દ્દષ્ટિએ આપણે સૂર સાગરને તપાસીએ તો સૂરદાસે ગાગરમાં સાગર નહીં પણ મહાસાગર ભરવાનું સર્વોત્તમ કવિકર્મ કર્યું છે. તમામ પદોમાં ભાવોની વિવિધતા અને અનેકરૂપતાના સહજ દર્શન થાય છે. માનવ હ્રદયની ઊંડાઈમાં ડૂબકી મારનાર આ કવિ પાસે જ આવી આશા-અપેક્ષા રાખી શકાય. પોતાના સીમિત ક્ષેત્રમાં પણ નવીન ઉદ્‌ભાવનાઓ, કોમળ કલ્પનાઓ વગેરેના કારણે સૂરદાસ હિન્દી કાવ્ય સાહિત્યના સર્વશ્રેષ્ઠ કવિ માનવામાં આવે છે.

સૂરસાગરમાં સૂરદાસે બાલકૃષ્ણના મનમોહક સ્વરૂપ અને સૌંદર્યનું કલાત્મક વર્ણન કર્યું છે. તેમણે બંધ આંખો એ જે બધું જોયું, અનુભવ્યું તેનું હ્રદયપૂર્વક મુક્ત કંઠે ગાન કર્યું છે. બંધ આંખે જ બાલકૃષ્ણના આહ્‌લાદકારી સ્વરૂપ અને ચેષ્ટાઓ અનેક વખતે નૃત્ય કરી ઊઠી છે, જે હિન્દી સાહિત્ય માટે બહુ મૂલ્ય ખજાનો ગણવામાં આવે છે. બાળમનોભાવો અને ચેષ્ટાઓની સુંદર અને સ્વાભાવિક વ્યંજના સૂરસાગરના અનેક પદોમાં જોવા મળે છે. ત્રિભુવનના મનને મુગ્ધ કરનાર બાલકૃષ્ણને માતા જશોદા પારણામાં સુવડાવી હાલરડાં ગાય છે, જેથી કૃષ્ણ સાંભળતા - સાંભળતા સહજતાથી ઊંઘી જાય, કૃષ્ણથી આંખો બંધ થઈ એટલે એમ માન્યું કે કૃષ્ણ ઊંઘી ગયો છે એટલે હીંચકો નાખવાનું બંધ કર્યું પણ આ નટખટ કાનુડો એમ ઊંઘે ? એણે તો બંધ આંખોમાંથી એક આંખે ત્રાંસી નજરે જોઈ લીધું. આ જોઈને માતા જશોદાએ દોરી પકડી પુનઃ હીંચકો

નાખવા મંડી પડી અને હાલરડાં ગાવા લાગી પડી. સૂરદાસનું આ સ્વાભાવિક અને મનોવિશ્લેષણાત્મક ચિત્રણ જોતા જ લખે છે,

જશોદા હરિ પાલનૈ ઝુલાવે,
હલરાવૈ, દુલરાઈ મલ્હાવૈ, જોઈ જોઈ કથુ ગાવૈ
મોરે લાલકૌ આઉ નિંદરિયા, કાહૈં ન આનિ સુવાવૈ,
તૂ કાહૈ નહિં બેગહિ આવે, તોકો કાન્હ બુલાવૈ.
કબહૂં પલક હરિ મૂંદિ લેત હૈ, કબહુ અધર ફરકાવૈ.
ઈહિં અંતર અકુલાઈ ઊઠે હરિ, જસુમતિ મધુરૈ ગાવૈ.
જો સુખ સૂર અમર-મુનિ, દુરલભ, સો નંદ ભામિનિ પાવૈ.

જશોદાજી કનૈયાને પારણમાં જુલાવી રહી છે. ક્યારેક વહાલથી પુચકારે છે અને ગાતી જાય છે નિદ્રા તું મારા લાલ પાસે આવ. તું આવીને કેમ એને ઊંઘાડતી નથી? તું જલ્દી જલ્દી કેમ નથી આવતી? તને કનૈયો બોલાવી રહ્યો છે. શ્યામ સુંદર ક્યારેક આંખ બંધ કરી લે છે તો ક્યારેક હોઠ ફફડાવવા લાગે છે. એને પોઢી ગયેલો માની માતા ચૂપ થઈ જાય છે અને બીજી ગોપીઓને પણ ઈશારો કરી સમજાવે છે કે કનૈયો સૂઈ રહ્યો છે તેથી તમે પણ ચૂપ થઈ જાવ, મૌન ધારણ કરી લો. આવી સ્થિતિમાં કનૈયો અકળાઈ ઊઠે છે ને જાગી જાય છે એટલે ફરી જશોદા ગાવા લાગી પડે છે.

સૂરદાસજી પદાંતે કહે છે, જે સુખ દેવો અને મુનિઓને માટે દુર્લભ છે તે સુખ શ્યામને બાળસ્વરૂપે નંદપત્ની જશોદાને મળી રહ્યું છે.

આમ વાત્સલ્ય રસના ચિત્રણમાં સૂરદાસ અજોડ સ્થાન ધરાવે છે. તેમના વાત્સલ્ય ચિત્રણ પર આચાર્ય રામચંદ્ર શુક્લ લખે છે;

"બાલ સૌંદર્ય અને સ્વભાવના ચિત્રણમાં જેટલી સફળતા સૂરને મળી છે એટલી સફળતા અન્ય કોઈને નથી મળી, તેઓ પોતાની બંધ આંખો થકી વાત્સલ્યનો ખૂણે ખૂણે જોઈ આવતા હોય છે." તેમજ સૂરદાસની અપ્રતિમ કાવ્ય પ્રતિભા અંગે હજારીપ્રસાદ ત્રિવેદીજી લખે છે; સૂરદાસ પોતાના પ્રિય વિષયનું વર્ણન કરવા બેસે છે ત્યારે માનો અલંકારશાસ્ત્ર આખું હાથ જોડીને તેમની પાછળ-પાછળ દોડ્યા કરે છે. ઉપમાઓનું ઘોડાપુર આવે છે અને રૂપકોની વર્ષા થવા લાગે છે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે સૂરદાસ હિન્દી કાવ્ય સાહિત્યમાં સૂર્ય સમાન કવિત્વ ધરાવનાર મહાકવિ છે. તેમણે ન કેવળ ભાવ અને ભાષાની દૃષ્ટિએ હિંદી સાહિત્યને સુસજ્જિત કર્યું છે. કૃષ્ણ કાવ્યની વિશિષ્ટતાને પણ જન્મ આપ્યો છે. સૂરસાગર આ મહાકવિના પ્રસિદ્ધ અને પ્રખર ભક્તિપદોનું સંકલન છે અને શબ્દોની દૃષ્ટિએ આદરણીય પણ છે. દશમ સ્કંદના પૂર્વાર્ધમાં તેમણે કૃષ્ણની બાળલીલા, દાણલીલા, રાસલીલા અને નાગલીલાનું અતિ મનોરમ્ય અને મનોરમ્ય ભાવનું દર્શન કરાવ્યું છે અને બાળ સહજ વર્તન વ્યવહારનું સજીવ નીરૂપણ તેમના પદોમાં જોવા મળે છે;

મૈયા મોરી કબાહુ બઢેગી ચોટી ?
કિતી બાર મોહિ દૂધ પિયત ભઈ
    યહ અજહૂ હૈ છોટી.
તુજો કહતિ બલકી બહેની
    જ્યોં હૈ હૈ લાંબી મોટી
કાઢત ગ્રહત ન્હાવત જૈ હૈ
    નાગિન સી ભૂઈ લોટી.
કાચો દૂધ પિયાવતિપચિ પચિ
    દેતિ ન માખન રોટી
સૂરદાસ ત્રિભુવન મન મોહન
    હરિ હલધરકી બેટી.

સમકલી રાગમાં ગવાયેલું આ પદ બહુજ સુંદર છે. બાલ સ્વભાવ દ્વારા શ્રીકૃષ્ણ દૂધ પીવા માટે ખૂબ આનાકાની કર્યા કરે છે એટલે કૃષ્ણને દૂધ પીવડાવવા માટે એક અનોખો નુસ્ખો જશોદા અજમાવે છે. એક પ્રલોભન આપીને સમજાવે છે કે તું દરરોજ સવારે કાચું દૂધ પીયા કર તો તારી ચોટલી બલરામની ચોટલી જેટલી લાંબી થઈ જશે. કૃષ્ણને વાત તરત જ ગળે ઊતરી ગઈ. બીજા દિવસથી કાચું દૂધ પીવાનું ચાલુ કરી દીધું. ઘણો સમય પસાર થઈ ગયો પણ ચોટલી તો જેમની તેમ જ છે તું તો કહેતી હતી

ને કે કાચું દૂધ પીવા માંડ એટલે ચોટલી લાંબી અને બલરામની ચોટલી જેવી જાડી પણ થઈ જશે એટલે જ તો તું મને દરરોજ નવડાવી, વાળ ઓળી દે છે, ચોટલી ગૂંથી દે છે, જેથી ચોટલી વધીને નાગણ જેવી લાંબી થઈ જાય અને એટલે જ તું મને કાચું દૂધ પીવડાવે છે ને ? આ ચોટલીને કારણે જ તું મને માખણ અને રોટલી પણ ખાવા નથી આપતી આટલું કહીને કનૈયો રિસાઈ જાય છે. નાના બાળક માત્રનો આવો સહજ સ્વભાવ હોય છે. કૃષ્ણ પણ બાકાત નથી. સૂરદાસે અહીં પણ બાળ સહજ સ્વભાવની કમાલ દેખાડી છે.

આવું જ એક બીજું પદ રજૂ કરી ભાવકને રસપાન કરાવતા આનંદ થાય છે આ પદ ગૌરી રાગમાં ગવાયેલું છે. કનૈયાની બાળલીલા સાથે સંબંધ ધરાવતું આ પદ સજીવ ચિત્રણવાળું પણ છે.

દાઉ બહુત ખિજાયો, મોં સો કહત મોલકો લીન્હો,
તૂજ સુમતિ કબ જાયો, કહા કરૌ ઈહિકે મારૈ
ખેલન હૌ નહિ જાત, પુનિ પુનિ કહત કૌન હૈ
માતા, કો હૈ તેરૌ તાત ? મોરે નંદ જસોદા ગોરી
તૂ કત શ્યામલ ગાત ? ચુટકી દૈ દૈ ગ્વાલ નચાવત
હંસત સબૈ મુસ્કાત, તૂ મોહીકો મારન સીખી
દાઉ હિં કબહુ ન ખીજૈ, મોહન મુખ રિસ કીયો જાતે
જસુમતિ સુનિ સુનિ રીજૈ, સુનહુ કાન્હ બલભદ્ર ચબાઈ
જનમત હી કો ધૂત, સૂરશ્યામ મોહી ગોધન કી સૌ.

બલરામ કનૈયાનો મોટાભાઈ છે. તેનો વર્ણ લોહીના સંબંધે ગોરો છે. એટલે આ બાબત ઘણી વખત કનૈયાને ચીડવે છે. તને તો જશોદા માતાએ મૂલ્ય આપી ખરીદ્યો છે. તુજ વિચાર કરને કે નંદજી ગોરા છે, માતા જશોદા પણ ગોરી છે, હું પણ ગોરો છું તો પછી તું કેમ શ્યામ છે ? કૃષ્ણને ખાતરી થઈ ગઈ એટલે સંશય પેદા થાય છે ને ચોખવટ કરે છેઃ હેં મૈયા, તેં મને પૈસા આપી ખરીદ્યો છે ? હવે હું બલરામ સાથે રમવા નહીં જાઉં. તે વારંવાર મને બધાની વચ્ચે ચીડવ્યા કરે છે. તારા માતા-પિતા કોણ છે ? નંદબાબા અને માતા જશોદા તો ગોરા છે તો પછી તું શ્યામ કેમ ? આવું બાળ-ગોપાળો પણ મને કહેવા લાગે છે ? તેઓ બધાં મારી મજાક, મશ્કરી કરી હસાહસ કરે છે, મારી ખિલ્લી ઊડાવે છે. તું બલરામને તો ક્યારેય ચીડાતી નથી, મારતી નથી મને જ તું વારંવાર માર્યા કરે છે. તું સોગંદ ખાઈને બતાવ કે હું તારો જ પુત્ર છું કે ? કનૈયાના સંશયને દૂર કરવા માટે કનૈયાને બાથમાં લઈ આંસુ વહાવવા લાગી અને વહાલથી કનૈયાનો સંશય ટળે છે.

આપણે સૌ જાણીએ છીએ કે કનૈયાનો સંશય સાચો છે. તેને ઢાંકવા માટે જશોદા લાખ ઉપાય પણ કરે છે. બલરામ તો મોટો છો, સમજણો થયો છે એટલે કૃષ્ણનો પૂર્વ ઈતિહાસ તો તે જાણે જ છે એટલું કે દોસ્તોને ખબર નહોતી તેની જાણ થાય છે એટલે જ તો માહોલ બગડે છે. આજના સમાજનું જીવતું જાગતું ઉદાહરણ છે. સમાજમાં આવી જશોદા છે ?હોય તો ઘણા પ્રશ્નો હલ થઈ જાય એમ છે. પણ સમાજની માનસિકતા પછાત હોવાના કારણે સમાજ પીડાય છે. પોતાનાને તો સૌ કોઈ સાચવે પણ પારકાને પોતાના બનાવી સાચવનાર જશોદાઓ પાકશે ત્યારે સમાજમાં કોઈ પ્રશ્ન જ નહીં હોય. સાવકી માએ જશોદાને ગુરુ બનાવવા જેવી ખરી. હર સમાજમાં જશોદા પાકશે ત્યારે સાવકા બાળકને સાચી મા મળી જશે.

આવા જ ત્રીજા પદનો રસાસ્વાદ આપણે માણીએ. આ પદ સૌથી વધુ મશહુર અને લોકકંઠે વારંવાર ગવાયેલું છે. સૌ કોઈને ગમતું, ભાવતું અને વારંવાર ગાવા-સાંભળવા જેવું લાગે છે. આ પદને જયારે ગાયક અનુપ જલોટાને કંઠે સાંભળીએ છીએ ત્યારે ફિદા થઈ જવાય છે. વારંવાર સાંભળવાનું મન થયા કરે છે. અલંકારિક ભાષામાં છેલ્લે જે રૂપકનું અનુપાન કરાવે છે ત્યારે આપણે પણ ભાવવિભોર બની જઈએ છીએ. અનુપ જલોટાના સ્વરમાં કંઠય સંગીતનો જાદુ છે. સાંભળીને કયો ભાવક પાગલ નહીં થયો હોય. ક્યારેક તો કૃષ્ણને હાલરડામાં ઝૂલાવતા હોય તેવી અનુભૂતિ કરાવી દે છે.

નટખટ કનૈયો માખણ ચોર છે. માખણ મળે તો ગમે તેના ઘરમાં ઘૂસી જઈને માખણની મિજલસ ઉડાડવામાં કોઈ છોછ નથી એને. એક વખત આમ-તેમ જોઈ, કોઈ ભાળી ન જાય તે રીતે ચોરી-છૂપીથી માખણ ખાધું તો ખરું

પણ મોં પર લપેટાયું તેનો તેને ખ્યાલ ન રહ્યો. ઓછામાં પૂરું જશોદા જોઈ ગઈ. તેની જાણ કનૈયાને ન રહી, બસ પછી તો પૂછવું જ શું ? જશોદા ફરિયાદ કરે છે, કનૈયા તેં દોણીમાંથી માખણ ખાધું છે ? કૃષ્ણ તેની કાલીઘેલી ભાષામાં જવાબ આપે છે.

"મૈયા મોરી મૈં નહીં માખન ખાયો,

ભોર ભયે ગૈયન કે પાછે, તૂને મધુવન મોહી પઠાયે,

ચાર પ્રહર બંસીબન ભટકયો, સાંજ પરે ઘર આયો....મૈયા

મૈં બાલક બહિનકો છોટો, છીંકોકિસ બિધ પામો ?

ગ્વાલ-બાલ સબ બૈર પરે હૈ, બરબસ મુખ લિપટાયો.....મૈયા

તૂ જનની મનકી અતિ ભોરી, ઈનકે કહે પતી આયો,

યહ લૈ અપની લકૂટી કમરિયા, બહુત હી નાચ નચાયો....મૈયા

જિય તેરે કછુ ભેદ ઉપજ હૈ, તૂને જાન્યો પરાયો જાયો

સૂરદાસ તબ બિહંસી જશોદા, લૈ ઉરકંઠ લગાયો....મૈયા

મૈયા મોરી મૈં નહીં માખન ખાયો.

યશોદા તો નજરો નજર જોઈ ગઈ છે એટલે સહજતાથી પ્રશ્ન પૂછી બેસે છે.

તેં નહીં માખન ખાયો ? આ પ્રશ્ન એ તેના હૃદયને હચમચાવી નાખ્યું કનૈયો હવે ખુલીને કહે છે અને સ્વીકાર કરે છે.

મૈયા મોરી મૈં નેહી માખન ખાયો.

રામકલી રાગમાં ગવાયેલું આ પદ અત્યંત પ્રચલિત અને સૌને ગમતું પદ છે. કૃષ્ણની બાળલીલાઓમાં માખણ ચોરીની લીલા સર્વત્ર પ્રસિદ્ધ છે. એમ તો કૃષ્ણ ગોપ બાળના ઘરોમાં જઈને માખણ ચોરીને ખાઈ આવે છે. આ પદમાં સૂરદાસે કનૈયાના વાક્ચાતુર્યનું જે રીતે વર્ણન કર્યું છે તે અન્યત્ર ક્યાંય જોવા નથી મળતું. માખણ ચોરીને ખાધાના આક્ષેપમાં કનૈયો જે તાર્કિક બુદ્ધિથી જવાબ આપે છે તે સાંભળીને આપણે પણ ચકિત થઈ જઈએ છીએ.

પહેલો જવાબ આપે છે.

પહેલી સવારે તું મને ધેનુ ચરાવવા મધુવનમાં મોકલી દે છે. આખો દિવસ ગાયો ચરાવવા મધુવનમાં ભટકતો હોઉં છું તો પછી મેં કેવી રીતે માખણ ખાધું હોય તું જ મને કહે.

બીજો તર્ક કહે છે.

હું બહેનનો સાવ નાનકડો ભાઈ છું. મારા હાથ-પગ નાનાં-નાનાં છે. કૂદકો મારું તોય છીકામાં લટકતું માખણ પકડી શકું એમ નથી. માતા જશોદા કહે છે, તો પછી તારા ગાલ પર માખણ કેમ ચોંટ્યું છે ? મા, આમાં મારો કોઈ વાંક નથી, બધા ગોવાળિયાએ ભેગા થઈને મને અળખામણો કરવા માટે તેઓ દોણીમાંથી માખણ લઈને મારા મોં પર બળજબરીથી લપેડી દીધું છે. આમાં મારો કોઈ વાંક ગુનો નથી. મૈયા, તને એમ લાગે છે કે મેં જ માખણ ચોરીને ખાધું  છે, પણ વાસ્તવમાં એવું નથી. હકીકત સાવ જુદી જ છે, મારો કોઈ વાંક જ નથી. કનૈયાનો આ બીજો બચાવ પણ એટલો જ લૂલો છે. હજુ કનૈયો હકીકત છુપાવવામાં એટલે જ મક્કમ છે.

ત્રીજા તર્ક

કનૈયાનો તર્ક તો જુઓ ? માતાને ભોળી બનાવી દઈને કહે છે : તું મનની અતી ભોળી છે, બીજા તને ઉલ્ટુ-સુલ્ટુ કહે તે તું માની લે છે. લોલમ લોલ કરી ચાલતી ગાડીમાં બેસી જાય તેવી છે. છતાં હું તને ખોટો લાગતો હોઉં તો લે આ મારી લાકડી ને કામળી એમ કહીને કનૈયો રીસમાં લાકડી નીચે પટકી દે છે. મને તેં બહુ નચવ્યો. એમ કહીને મૌન થઈ જાય છે ને પછી ધીરે રહીને કહે છે, મૈયા, હું તને બહુ હેરાન કરું છું. પણ તને એટલું કહું છું કે મેં માખણ ખાધું નથી. કનૈયો હજુ સત્ય કહેવા તૈયાર નથી. દરેક બાળકની એક ઉંમર હોય છે. જે ખોટા-સાચાનો ભેદ પારખી શકે તેટલી તેનામાં વિવેક બુદ્ધિ હોતી નથી. માત્ર કનૈયાનો જ પ્રશ્ન છે એવું નથી પણ સમાજના દરેક સ્તરના બાળકોનો પણ આ જ પ્રશ્ન છે. બાળકો કનૈયાની જેમ નિર્દોષતાથી સહજપણે ખોટું બોલી નાખતા હોય છે.

ચોથો તર્ક

કનૈયો માતા જશોદાને કહે છેઃ 'મૈયા જ્યારે મારા વર્તન ઉપર તને શંકા આવે છે, સંદેહ પેદા થાય છે ત્યારે તું મને પારકો સમજીને પરાયો માનીને મારી સાથે વર્તન કરે છે. આ સાંભળીને જશોદા અવાક્ થઈ ગઈ, તેણે આવો જવાબ મળશે એવું તો ધાર્યું જ નહોતું. 'પરાયા' શબ્દએ જશોદાને નિજત્વનું ભાન કરાવી દીધું. જશોદાનું આંતરયુદ્ધ શરૂ થયું, મનોમંથન થવા લાગ્યું. માતૃત્વ જાગી ઊઠ્યું. કનૈયાને બાથમાં લઈ વહાલ કરવા લાગી પડી. કનૈયાને તો બસ આટલું જ જોઈતું હતું. છતાં માયલો ખુલ્લો થવા દેતો નથી. બાળકોને પોતાનું સ્વત્વ હોય, પોતાનો અહં પણ હોય છે. તે તેને પીડ્યા કરતો હોય છે. પ્રતિષ્ઠા અને સ્વમાન તો બાળકોને વહાલું હોય છે. સૂરદાસ બાળ મનોવિજ્ઞાનનો જ્ઞાતા છે એટલે કનૈયાના વ્યવહાર-વર્તનમાં બાળ સહજ ભાવો કનૈયા મારફત અભિવ્યંજિત થાય છે. છેલ્લે કનૈયો પોતાના નિર્ણયમાં મક્કમ છે કે મૈયા મોરી મૈં નહી માખન ખાયો.''

જશોદા ફરી પ્રશ્ન પૂછે છે, કનૈયા શું તેં માખણ નથી ખાધું ? આ છેલ્લા પ્રશ્ન એ બાજી સાવ પલટી નાખી. કનૈયાનું હ્રદય મંથન શરૂ થયું. મા મને આટલો પ્રેમ કરે છે, વહાલ કરે છે તો હવે મારે કંઈ પણ છુપાવું નહીં જોઈએ. એટલે પરિણામ એ આવે છે કે જશોદાના વહાલનો જવાબ નિખાલસતા અને સાહજિકતાથી આપે છે; મૈયા મોરી મૈં ને હી માખન ખાયો, અહીં યમક અલંકારની ચમત્કૃતિ જોવા મળે છે. મૈં નહીં માખન ખાયો ને બદલે મૈંને હી માખન ખાયો માં સૂરદાસની અદ્ભુત અલંકાર શક્તિના દર્શન થાય છે.

વાત્સલ્ય વર્ણનમાં સૂરદાસે જબરી સફળતા પ્રાપ્ત કરી છે. વાત્સલ્ય રસનું સજીવ ચિત્રણ કરવામાં સૂરદાસની તોલે કોઈ આવી શકે તેમ નથી. હિન્દી સાહિત્યમાં જ નહીં પણ વિશ્વસાહિત્યમાં પણ વાત્સલ્ય વર્ણન અનુપ ભેટ ગણાય છે. અવધ ભાષાના સર્વશ્રેષ્ઠ કવિ તુલસીદાસે ગીતાવલીમાં જ્યાં જ્યાં જે વર્ણન કર્યું છે તેટલી સફળતા તુલસીને મળી શકી નથી. સૂરદાસે કૃષ્ણની બાળલીલાના વર્ણનમાં કૃષ્ણના રૂપનું જે વર્ણન કર્યું છે તેના પર સમગ્ર કવિગણ મુગ્ધ છે. રૂપ સૌંદર્યના વર્ણનમાં સૂરદાસજીએ જે નવી ઉપમાઓ તથા ઉત્પ્રેક્ષા, રૂપકો એકઠા કર્યા છે તે જોતા જ બે ઘડી આશ્ચર્યથી થંભી જવાય છે.

કૃષ્ણના અંગ-પ્રત્યાંગોનું એટલું સુંદર વર્ણન કર્યું છે કે ભાવકની નજર સામે અનેક ઉપમાઓ થકી અલંકૃત થયેલ કૃષ્ણના શ્યામરંગી શરીરના પ્રત્યેક અંગોનું ચિત્રાણ ભાવકને જકડી રાખે છે. કૃષ્ણને વિવિધ રંગના વસ્ત્ર પરિધાનમાં જોવા વિવિધ અંગો પર ધારણ કરેલ અલંકારોને નિહાળવાનું કોને ન ગમે ? બાલકૃષ્ણના રૂપ સૌંદર્ય સિવાય બાળલીલાનું અત્યંત હ્રદયસ્પર્શ વર્ણન સૂરસાગરમાં જોવા મળે છે; જે અદ્ભુત અને અવર્ણનીય છે.

સૂરદાસે વાત્સલ્ય રસના વર્ણનમાં કૃષ્ણની કાલુડી બોખલી ભાષાની અભિવ્યક્તિ, ઘૂંટણિયે ચાલવું, ડગુમગુ ઊભા થઈ પા પગલી ભરવી, પડી જવું વળી ઊભા થવું ને ડગલીઓ માંડી મલકાવું, નંદને બાબા કહીને પુકારવું, શરીર પર ધૂળ લપેટાયેલી હોય, મુખ પર દહીં લીંપાયેલું હોય, પગમાં ઘૂઘરી, કમરે કંદોરો, કાંડામાં કંગન, ભાલ પર તિલક, માથે મુગટ તેમાં ખોસેલ મયૂર પીંછ, હાથમાં બાંસુરી અને કેટલીય બાલસુલભ ચેષ્ટાઓને લક્ષમાં રાખી બાલ મનોવિજ્ઞાનના પ્રખર જ્ઞાનદાતા સૂરદાસજીએ અત્યંત મર્મસ્પર્શી, સ્વાભાવિક અને આકર્ષક રીતે સૂરસાગરમાં વર્ણન કર્યું છે. બાળકની રુચિ, અભિરુચિ અને રસના તેઓ તલસ્પર્શી જ્ઞાતા હતા.

મધ્યયુગીન હિન્દી કાવ્ય સાહિત્યમાં સગુણ ભક્તિ શાખાનાં ઉદ્ગાતા કવિ સૂરદાસે સખ્યભાવે કૃષ્ણ ભક્તિ માટે જીવન સમર્પિત કરી દીધું હતું. એમ કહેવાય છે કે જ્યાં સુધી આકાશમાં સૂર્ય તપતો રહેશે ત્યાં સુધી સૂરદાસની કૃષ્ણ ભક્તિના અમર પદોનું ગાન ગવાતું રહેશે અને સૂરસાગરના અમર પદો હિન્દી સાહિત્યને બળ આપ્યા કરશે. તેમના પદોમાંથી અનેક કવિઓને પ્રેરણા અને બળ મળતા રહેશે.

# માનવજાતનું ઊર્ધ્વારોહણ : અહિંસક માર્ગે સ્વરાજ

**મનસુખભાઈ સલ્લા**

સેટેલાઈટ, અમદાવાદ.

દેશ-વિદેશની અનેક મહાન વ્યક્તિઓએ અન્યના જીવનમાં અહિંસક માર્ગે અસર પાડી હોય, સામી વ્યક્તિનું પરિવર્તન થયું હોય, એનો પ્રભાવ પછીની પેઢીઓ ઉપર પડ્યો હોય તેવું બન્યું છે. એવી અનેક ઘટનાઓ છે. ભગવાન બુદ્ધે અને મહાવીરે અહિંસાનું પ્રબોધન કર્યું છે. ઈસુ ખ્રિસ્તે કરુણા અને ક્ષમા દ્વારા નિર્વૈર થવાનું દર્શન આપ્યું છે. એ સૌના પ્રયત્નો વ્યક્તિ સાથે હતા. વ્યક્તિ બદલાય એના પર તેમનો ભાર હતો. એની અસર વ્યાપક સમાજ ઉપર પણ પડી. પરંતુ સમગ્ર જગતમાં અહિંસક માર્ગે કોઈ એક દેશ સત્તા પરિવર્તન કરી શકે એ દર્શન અવતરવાનું બાકી હતું.

દુનિયામાં અનેક મહાન રાજવીઓ થયા છે, પરાક્રમી સેનાપતિઓ થયા છે, ચાણક્ય, લેનિન અને માઓત્સે તુંગ જેવા મુત્સદ્દીઓ અને સંગઠકો થયા છે, પરંતુ એ સૌનો વિશ્વાસ હિંસક માર્ગ ઉપર જ હતો. તેમાંના કોઈને અહિંસક માર્ગે દેશ સત્તા પરિવર્તન કરાવી શકે એનો વિચાર સુદ્ધાં નથી આવ્યો. પરંપરાથી જે માર્ગ પ્રચલિત હતો એ માર્ગે જ તેઓ ચાલ્યા છે. એમના ત્યાગ અને પરાક્રમો ખૂબ વિશિષ્ટ છે, પરંતુ હિંસાના સાધનથી ભિન્ન સાધન હોય એવું તેમને સૂઝ્યું નથી. હિંસાના સાધનની, માર્ગની જ મર્યાદાઓ છે તે મહાભારતના યુદ્ધથી સાબિત થઈ ચૂક્યું હતું. મહાભારતકારે કહ્યું છે કે, 'જીતનારને ભાગે પણ આંસુ જ આવે છે.' છતાં ભારતના ક્રાંતિકારીઓ સુધી આ માર્ગ અપનાવાયો છે. એ ક્રાંતિકારીઓનાં દેશભક્તિ અને બલિદાન ગૌરવપૂર્ણ છે. પરંતુ હિંસાના માર્ગની મર્યાદાઓ અને વિફળતાઓ છે તે તો સ્વયંસ્પષ્ટ છે.

મહાત્મા ગાંધીએ વિચાર અને દર્શનની દિશામાં માનવજાતને એક નવા અને ઉચ્ચ સ્તર પર સ્થાપી આપી છે. મહાત્મા ગાંધી એવા રાષ્ટ્રપ્રમુખ છે જેમણે ભારત સામે (અને જગત સામે પણ) એક મૌલિક, અનન્ય અને ઉત્તમ વિકલ્પ મૂક્યો. એટલું જ નહિ, એ માર્ગને સફળ પણ કરી બતાવ્યો. કોઈ દેશે અહિંસક માર્ગે સ્વરાજ મેળવ્યું હોય તેવું તો પ્રથમવાર અને ભારતવર્ષમાં ગાંધીજીના નેતૃત્વમાં બન્યું છે. ઘણીવાર ક્રાંતિકારીઓનું ગૌરવ કરવામાં એ ભૂલાઈ જાય છે કે અહિંસક માર્ગે ચાલવામાં અનેકગણું મહાન સમર્પણ અને નૈતિકબળની જરૂર પડે છે.

હિંસક માર્ગે છદ્મ વ્યૂહો, સામાને છેતરવા અસત્યનો આશ્રય, જે માનતા હોય તેનાથી ઊલટી રીતે વ્યક્ત થવું અને સામાનું માથું વાઢીને વિજય મેળવવાનો હોય છે. અહિંસક માર્ગ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે. એમાં તો સત્યનું પળેપળે પાલન કરવાનું હોય છે, પોતાની નાનામાં નાની ભૂલ કે મર્યાદાને જગત સામે પ્રગટ કરવાનું સાહસ અને પારદર્શકતા જોઈએ છે. પ્રતિપક્ષીનાં બુદ્ધિ અને હ્રદયને સાચી વાત સમજાવીને સંમત કરવાનાં હોય છે. સામાને પીડા આપીને નહિ, પોતે સ્વેચ્છાએ દુઃખ વેઠીને સામાનું પરિવર્તન કરાવવાનો પ્રયત્ન હોય છે - પછી એ વ્યક્તિ હોય, જૂથ હોય કે રાજ્ય કરનાર શાસક હોય. આવો અહિંસાનો માર્ગ કેવળ ભારત માટે જ નહિ, જગત માટે પણ અસાધારણ ઘટના છે.

એટલે તો અનેક અંગ્રેજ હાકેમો માનતા હતા કે સૂતરનો તાંતણો કે મૂઠી મીઠું કશું પરિણામ નહિ લાવી શકે. કારણ કે તેઓ યુદ્ધના હિંસક માર્ગથી જ ટેવાયેલા હતા, અહિંસક માર્ગના આત્મબળનો તેમને પરિચય જ નહોતો.

માનવજાતના ઊર્ધ્વારોહણનો આવો અનન્ય માર્ગ ગાંધીજી કેમ પસંદ કરી શક્યા ? તેમને આવો માર્ગ કેમ સૂઝ્યો ? એનો જવાબ એ છે કે ગાંધીજી રાજકારણમાં ભલે હતા, પણ સત્તાકારણમાં નહોતા. તેમની શ્રદ્ધા આત્મબળ પર હતી, હિંસક સાધનો પર નહિ. ગાંધીજીની જીવનસાધના સત્ય માટેની હતી. તેઓ સત્યને જ ઈશ્વર

માનતા હતા. સત્યની પ્રાપ્તિ કરવી હોય તો માર્ગ અહિંસાનો જ હોવો જોઈએ એ તેમની પ્રતીતિ હતી. કારણ કે દ્વેષ, ઈર્ષા કે લોભના મૂળમાં હિંસા રહેલી છે એ તેમણે પારખ્યું હતું. અહિંસક મનુષ્ય જ અભય રહી શકે. ભારતીયો ભયભીત હતા કારણ કે આત્મબળને નહિ, દેહને મહત્વ આપતા હતા. ગાંધીજીએ આ સમીકરણ જ બદલી નાખ્યું. અહિંસક માર્ગે ચાલનારનું ધારક તત્ત્વ દેહ નહિ, આત્મા હોય છે. આત્માર્થીને વસ્તુ, પદ કે પૈસાનો લોભ નથી હોતો. એથી એ નિર્ભય રહી શકે છે. જેલ, એકાંત કે અગવડો એને ચળાવી શકતા નથી. અનેક સંતો અને મહાપુરુષોએ વ્યક્તિગત જીવનમાં આ સિદ્ધ કર્યું હતું, પરંતુ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં પ્રજાને સાથે લઈને, પ્રજાને અહિંસક માર્ગ માટે તૈયાર કરીને વ્યાપક ભૂમિકાની અહિંસક લડતો લડી.

એટલે ગાંધીજી અંગ્રેજોને વૈરી નથી ગણતા, પરંતુ એમની ખોટી નીતિઓ અને માન્યતાઓનો વિરોધ કર્યો છે. અહિંસક માર્ગે ચાલનાર મનુષ્યનો નહિ, તેની નબળાઈઓનો વિરોધ કરે છે. કવિ સુન્દરમે ગાયું છે કે –

‘હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગના,
લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બળથી.’

ગાંધીજીની પહેલાં આ વિષય અધ્યાત્મનો ગણાતો હતો. આવું તો સંતો જ કરી શકે. ગાંધીજીએ એની સ્થાપના વ્યવહારજીવનમાં કરી. દર્શકે કહ્યું છે તેમ ‘વ્યક્તિગત સદ્‌ગુણને સામાજિક સદ્‌ગુણ બનાવ્યો’ એ એમના નેતૃત્વની ખૂબી છે. એટલે અહિંસક સત્યાગ્રહ સંતો-મહાત્માનો જ નહિ, આખી પ્રજાનો, સામાન્યમાં સામાન્ય માણસનો બન્યો. ગરીબ-તવંગર, અભણ-ભણેલા સૌ તેમાં ભાગીદાર થયા. લાખો ભારતીયો એ માર્ગે જીવ્યા. મનુષ્ય અને તેની મર્યાદાને જુદા ગણવાનું ત્યારે જ શક્ય છે જ્યારે સામા પક્ષને વૈરી ન ગણવામાં આવતો હોય. આ માટે ગાંધીજીએ આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ અને આત્મશુદ્ધિને માધ્યમ બનાવ્યાં. વ્રતોને રોજબરોજના જીવનના ભાગ બનાવ્યા.

ગાંધીજીની હયાતીમાં જ બે વિશ્વયુદ્ધો થયાં હતાં, પણ ગાંધીજીના અહિંસક માર્ગની શ્રદ્ધા ડગી નહોતી, ઊલટી દૃઢ બની હતી. ગાંધીજીનો આદર્શ તો એ હતો કે ‘જણે જણનું સ્વ-રાજ હોવું જોઈએ.’ એટલે કે દરેક આત્માર્થીનું પોતાના ઉપર રાજ્ય હોવું જોઈએ. એ દ્વેષ કે લોભને વશ ન થાય. એ કક્ષાનું પ્રજાનું સંપૂર્ણ આરોહણ તો ત્યારે અને આજે પણ બાકી છે. એટલે અંશે આપણી લોકશાહી પણ પાંગળી છે. તેના દેહ પર પડતા ઉઝરડા એ પ્રજાને અહિંસા પૂરેપૂરી પચી નથી એ કારણે છે.

એમ પણ કહી શકાય કે સ્વરાજની લડતમાં ગાંધીજી સાથે જોડાયેલા બધા નેતાઓને પણ અહિંસક માર્ગ વિશે પૂર્ણ શ્રદ્ધા નહોતી. આચાર્ય ક્રિપલાણીએ એનો સ્વીકાર કરતાં કહ્યું છે કે, ‘અમે કાંઈ ગાંધીજી જેટલા સત્ય કે અહિંસાને વરેલા નહોતા. અમારી એવી શ્રદ્ધા નહોતી. પરંતુ અમે જાણતા હતા કે દેશ ગાંધીજીને અનુસરે છે એટલે અમે ગાંધીજીને અનુસર્યા.’ આ સ્વીકારમાં મોટા ભાગના આગેવાનોની મનોભૂમિકાનું યથાર્થ દર્શન છે. જો ગાંધીજી સાથેના તમામ નેતાઓની અહિંસક માર્ગની પૂર્ણ શ્રદ્ધા હોત તો દેશના ભાગલા, ભાગલા વખતની કાપાકાપી, સ્વરાજ પછીની વિધ્વંસક ઘટનાઓ અને સંકુચિત વિચારસરણીનો આધાર લઈને હિંસાને વધુમાં વધુ અપાતું મહત્ત્વ વગેરે શક્ય ન બન્યું હોત.

ઈતિહાસ તો એવી જ સાક્ષી પૂરે છે કે સત્તા પરિવર્તન હિંસક માર્ગે જ શક્ય છે. પરંતુ ગાંધીજીએ ક્રિપલાણીજીને કહ્યું હતું તેમ, ‘હું ઇતિહાસ વાંચનાર નહિ, ઇતિહાસ ઘડનાર છું.’ અહિંસક માર્ગ વિશેની એમની શ્રદ્ધા એવી અચલ હતી કે સફળતાના ટૂંકા રસ્તા તેમણે લીધા નહિ. ચૌરાચૌરીમાં ત્રાસ આપનાર પોલીસોને મથકમાં પૂરી દઈ, સળગાવી દેવાયા ત્યારે ગાંધીજીએ લડત સંકેલી લીધી. તેમના અનેક મુખ્ય સાથીદારો એથી નારાજ થયા હતા, પણ તેઓ અડગ રહ્યા હતા. એથી જ યરવડા જેલમાંથી આશ્રમના સાથીઓનું તેજ વધારવા વ્રતો વિશે દર મંગળવારે પત્ર લખતા (જેનું પુસ્તક ‘મંગળપ્રભાત’ નામે

પ્રગટ થયું છે.) તેમાં જેલના નિયમોનું પાલન બરાબર કરવા માટે તેમણે સ્વદેશી વ્રત વિશે ન લખ્યું. જેલમાંથી બહાર આવ્યા પછી સ્વદેશી વ્રત વિશે લખ્યું. વાઈસરોય સાથે વાટાઘાટો અને પત્રવ્યવહાર પત્રકારો સુધી ન પહોંચાડવા તેઓ સંમત થયા હતા તેથી વાઈસરોયના એક પત્રની નકલ મૌલાના આઝાદે કરી લીધી તેની જાણ થતાં તેમણે એ પત્ર ફડાવી નખાવ્યો હતો.

નિયમપાલન સ્વેચ્છાએ અને સંપૂર્ણપણે કરવાનું અને સાથે જ જે નિર્ણય કે નિયમ અમાનવીય કે અનુચિત લાગે તેનો ખુલ્લો વિરોધ કરવો અને વિરોધને પરિણામે જે કાંઈ સહન કરવાનું આવે તે સહન કરવાની તેમની તૈયારી હતી. આમાંથી પ્રજાનું ઘડતર થયું હતું.

૧૯૪૨ની 'હિંદ છોડો' લડતના બધા મુખ્ય નાયકોને અંગ્રેજ સરકારે જેલમાં પૂરી દીધા હતા. ગાંધીજીએ મુંબઈની ગોવાલિયા ટેંકની સભામાં જાહેર કર્યું હતું કે, 'સૌ પોતાના સેનાપતિ છે.' એ લડતમાં કેટલાક લોકોએ હિંસક માર્ગ પસંદ કર્યો. એથી અંગ્રેજ સરકારને લડત કચડવી સહેલી થઈ. એક તો દાયકાઓથી પ્રજાને નિશસ્ત્ર બનાવવામાં આવી હતી અને રાજ્યના સંગઠિત શસ્ત્રબળ સામે પ્રજા હિંસક માર્ગે ટકી ન શકે. ગાંધીજી જેલમાં હતાં. તેમની હિંસક માર્ગ માટે અસંમતિ જ હતી. 'હિંદ છોડો' લડત હિંસક માર્ગે સફળ થાય એમ નહોતી. છતાં એવું બન્યું એનાં દુષ્પરિણામો ભારતે ભોગવવાં પડ્યાં. અણગમતાના વિરોધ માટે સ્વેચ્છાએ સહન કરવું, કોઈ અનિષ્ટ સાધનનો ઉપયોગ ન કરવો એ ભૂલાયું તેની અસર પ્રજાના અમુક સમૂહોને પોતાની વેરવૃત્તિ, સ્વાર્થ અને અહંકારને સંતોષવા હિંસક માર્ગ અખત્યાર કરી શકાય એની ટેવ પડી. એટલે અંશે ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનો અહિંસક માર્ગ ભૂલાયો કે નબળો પડ્યો એમ જ ઈતિહાસ તો કહેશે. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે પ્રમાણમાં ઘણો સંયમ જાળવ્યો, પંરતુ મુસ્લિમ લીગને હિંસા માટે, અસત્ય માટે મોકળું મેદાન મળી ગયું. આમાંથી વૈરભાવનાનાં જે બીજ વવાયાં એ નોઆખલી, બિહાર, દિલ્હીમાં અને ભાગલા વખતની કત્લેઆમમાં પ્રગટ થયાં, ફૂલ્યાં-ફાલ્યાં. 'તલવાર ઉપાડે છે તે તલવારથી મરે છે' એ બાઈબલ વાક્ય ભૂલવા જેવું નથી. ગાંધીજી મરણાંત સુધી અહિંસક માર્ગને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ રહ્યા. પરંતુ સ્વાર્થી તત્ત્વોને હિંસક માર્ગ જ ફાવે એવો હતો. આ ઘટનાઓને સમગ્રપણે સમજીએ તો સ્પષ્ટ થાય છે કે હિંસાનો આશ્રય લઈને આત્મબળ, સમર્પણ, બંધુતા અને સમાનતા ખરા અર્થમાં સ્થાપી શકાય નહિ.

અહીં એક પ્રશ્ન થઈ શકે કે ગાંધીજીનું ઉદાત્ત નેતૃત્વ હતું, દેશ અહિંસક માર્ગે સ્વતંત્ર થયો તો સ્વરાજ પછી આખા દેશમાં નાનામાં નાના વ્યવહારોમાં પણ હિંસાની આટલી પ્રબળતા કેમ અનુભવાય છે ?

એનો જવાબ એ છે કે ગાંધીજીનું મુખ્ય પ્રદાન સાધનશુદ્ધિનું હતું .ધ્યેય સ્વાતંત્ર્ય અને સત્યપ્રાપ્તિનું હોય તો સાધન હિંસાનું ન જ હોઈ શકે. આપણે એક પ્રજા તરીકે એ ભૂલ્યા. વળી અહિંસાને માર્ગે ચાલવા માટે જે શિસ્ત અને જીવનશૈલી અનિવાર્ય ગણાય તે પ્રથમ નેતાઓએ અને પછી પ્રજાએ છોડી દીધી. વૈભવી જીવનની આકાંક્ષા ભ્રષ્ટ આચારનાં બારણાં ખોલી આપે છે. આપાણા આગેવાનોએ ભ્રષ્ટ આચારો પ્રત્યે ગાંધીજી જે જાગૃતિ અને આગ્રહો જાળવતા હતા તે જાગૃતિ અને આગ્રહો જાળવ્યાં નહીં. લોકહિતના નિર્ણયો અને સામાન્ય વ્યવહારોમાં પણ અશુદ્ધ સાધનોનો સ્વીકાર કરતા ગયા. આ લપસણા માર્ગે વધુ ને વધુ નીચે ઊતરતા ગયા. એટલે તેઓ ગાંધીજીને માન આપે છે, પણ તેમનું કહ્યું માનતા નથી.

જેમ હિંસક માર્ગના સૈન્ય અને સેનાપતિ પાસે શિસ્ત અને ખાસ પ્રકારની જીવનશૈલીની અપેક્ષા હોય છે (અને એ દંડ દ્વારા પણ સિદ્ધ કરી શકાય છે) તેનાથી અનેકગણાં વધારે શિસ્ત અને સ્વનિયમન અહિંસક માર્ગે ચાલવા માટે અનિવાર્ય બને છે. સાથે જ આજની કુદરત ઉપર આધિપત્ય જમાવીને, કુદરતને લૂંટવા, કાપવા, વેડફવાની જીવનશૈલી પણ હિંસાને જ પ્રોત્સાહન આપશે. એટલે કુદરતને ઓછામાં ઓછો ઘસારો કેમ આપવો અને ના છૂટકે ઘસારો

અપાતો હોય તો તેની પૂર્તિ કેમ કરવી એ અહિંસક સમાજરચનાનું પાયાનું તત્ત્વ બનશે. એટલે જ સાબરમતીને કાંઠે રહેનાર ગાંધીજી નદીના વિશાળ પ્રવાહમાંથી દાતણ-મોં સફાઈ માટે પોતાનો અધિકાર બે ટબૂડી પાણીનો જ છે એવું સ્વીકારે-સમજાવે તે એકવીસમી સદીનો નવો અહિંસાસંદર્ભ છે. એ કુદરત અનુકૂળ સ્વૈચ્છિક જીવનશૈલીનું સૂચક છે.

ભારત અને જગત ગાંધીજીનો અહિંસાનો મંત્ર ભૂલીને ભલે આજે વર્તી રહ્યું હોય, પરંતુ કાયમ એમ નભી શકાશે નહિ. પર્યાવરણના પ્રશ્નો આળા બન્યા છે, હજુ વધુ ક્રૂર અને મૂંઝવનારા બનશે તેમ તેમ ભારત અને જગતને સમજાશે કે ગાંધીજીનો અહિંસાનો માર્ગ સાચો છે. એ માર્ગે જ અસ્તિત્વ ટકાવી શકશે. કેવળ અન્ય દેશ કે પ્રજાની સાથે જ નહિ. નિર્જીવ ગણાતાં પંચતત્ત્વો અને બૅક્ટેરિયા જેવા સૂક્ષ્મ જીવો સાથે પણ હિંસાનો મનોભાવ પ્રતિકૂળ છે.

ભારત, ચીન અને દુનિયાના સુખી દેશો આર્થિક સમૃદ્ધિ માટે કાંઈ પણ કરતાં સંકોચ અનુભવતા નથી, પંરતુ માત્ર આર્થિક બાજુ જ નહિ, જીવનની બધી બાજુઓનો સમગ્રતાથી વિચાર કરવો પડશે. એમાં ગાંધીજીનું દર્શન પ્રસ્તુત અને અસરકારક છે. ગાંધીજીના જીવન પછી ભારત અને દુનિયા એક ઊંચું ડગલું ભરી ચૂક્યાં છે. (નેલ્સન મંડેલા અને માર્ટીન લ્યૂથર કીંગ એના નોંધપાત્ર નમૂના છે), ભલે અત્યારે ઝોલું આવી ગયું છે, પણ કોઈ પણ પ્રકારની સ્થૂળ-સૂક્ષ્મ હિંસા વિકૃતિભરી અને સર્વનાશકારી છે એ માનવજાતને ધીરે ધીરે સમજાશે. ગાંધીજીનું આ મહાન અવતારકૃત્ય છે. એમના દર્શનનું આ મહાન પ્રદાન છે.

# મુબારક - જન્મ દિન હ્રાય (બે)

**સુરેશચંદ્ર ગઢવી**

નિવૃત્ત સુપરવાઈઝર, શેઠ અ.હ.સરસ્વતી વિદ્યાલય, સરસપુર, અમદાવાદ. મો. ૮૦૦૦૫૦૫૫૦૯

**પર્વ અમૃત ઉજવે આજે, માત સરસ્વતીને આંગણે**
**કર્યા વર્ષ પૂરા પોંણાસો, સ્થાપી સરવાણી ચુંમાળીશ ગણે.**
**વર્ષ પંચોતેર ઉજવે આજે, તારીખ અઢારને સાલે અઢારે**
**માસ નવેમ્બર આદિત્યવારે, સરઘસાકારે સાડા-આઠ વાગે**
**વર્ષ પંચોતેર શાળાને થયા, ને સદી ઉપર એક સ્થાપક**
**સરવાણી આ સરસ્વતી વહી, જશીબહેન સૌ  દયે વ્યાપક**
**શાળાઓ મંડળ સરસ્વતી તણી, પાંગરે દિન દિન રાખી નામ**
**પર્વ ઉજવ્યું રેલી બાઈકે રેલાવી રેલી નાગરિક તમામ**
**પોળે મહોલે શેરીએ ચૌટે, વધાવ્યા 'દાદી' સતાયુ સકાજ**
**નાના મોટા અલાબ વૃદ્ધો, ઉમટ્યા બધા ઉમળકે આજે**
**અક્ષત કંકુ ગુલાલ ગોટે, હારતોરા નેં આરતી દિવેટે**
**ભણેલા, અભણ સૌ ભાવનાથી, કરવા દર્શન દોડ્યા ચિવેટે**
**સંસ્કાર આપ્યા, શિખવ્યું જીવન, ભણાવ્યા અમારા ગરીબનાં બાળ**
**હારડા થયા હારતોરા તણાં, ગુલાબ ચમેલી ફૂલડા હજારી સંગાથ**
**સૂર્યમુખીનાં પ્રતિકને વધાવ્યું, કુંકુમ ગ્રહી અક્ષત હાથ**
**રઘુદાદાનાં કુળનાં વાહક, સંગ જેમનાં હતી જલાવી ધૂણી**
**પરબ જ્ઞાનના, સાકાર સ્વપનના,**
**વિભોર કૃતજ્ઞ સમાજે - પ્રગટાવી લાંગણી કૂંણી**
**બેઠા 'દાદી' રથ મોટરમાં, દેતાં સૌને દિદાર પ્યારા**
**ઝિલ્યા ઓવરણા લોકો તણાં ઘણાં, ઉંચા કરી કરીને હાથ**
**નિહાળી નગર ચર્ચા જનોની, પેઢી પાંચથી પોષી જેણે**
**વૃદ્ધ વિદ્યાર્થીઓ નિહાળી દાદી, ઝીલી શુભેચ્છા ભીને નેણે**
**સુરેશ હું આજ હ્રાય દિને હરખાયો, ઉજવી જન્મદિન સાથે**
**સવાયો બન્યો એજ લાગણીઓ, છત્ર જશીબહેન આજ અમ માથે**
**આશિષ આપજો આ શિશ પરે, રાખજો અમ સૌ પુરણ પ્યાર**
**સમાજ ઋણી છે તમારો સદા આપજો તક ઉજવવા હર સાલ.**

# સત્યના પ્રયોગો

**ભરત મહેતા**

આપણે જાણીએ છીએ તેમ ગાંધીજી પાસે આત્મકથાનો કોઈ નમૂનો પ્રાપ્ત ન હતો. નર્મદ કે મણિલાલની આત્મકથાઓ લખાયેલી છતાં છપાયેલી ન હતી. વળી ગાંધીજી લોકજીવન / જાહેરજીવનના એટલા મોટા લોકનેતા બની ચૂક્યા હતા કે તેમની પાસે આત્મકથા લખવાનો સમય ન હતો. જેલમાં કેટલાક નિકટના સાથીદારોએ ગાંધીજીને આત્મકથા લખવા પ્રેર્યા, પણ ગાંધીજીથી એક ફૂલસ્કેપનું પાનું પૂરું ભરાયું પણ નહિ. ત્યારબાદ પુનઃ થોડા સમય પછી ભાઈ જેરામદાસ અને સ્વામી આનંદે આત્મકથા ટુકડે ટુકડે માગી, અને એમ ઈ.સ. ૧૯૨૫માં 'સત્યના પ્રયોગો' બહાર પાડી. આ આત્મકથામાં એમનો ઈ.સ. ૧૮૬૯-૧૯૨૦ સુધીના ત્રેપન વર્ષનો ઈતિહાસ નિરૂપાયો છે. ઈ.સ. ૧૯૨૦માં તો એ લોકનેતા બની ચૂક્યા હતા. ત્યાં તેમણે આત્મકથા અટકાવી.

આ આત્મકથામાં પાંચ ભાગો છે. પાંચેય ભાગ મળીને કુલ ૧૬૭ પ્રસંગો નિરૂપાયા છે. એમનું બચપણ, કિશોરાવસ્થા, દામ્પત્યજીવન, આફ્રિકામાં એમણે કરેલી લડત, પુનઃ સ્વદેશ પાછા ફરતાં વકીલાત માટે કરવી પડેલી મથામણનું અહિયાં રસિક આલેખન થયું છે. તેથી એમ લાગે છે કે ભલે ગાંધીજી પાસે કોઈ મૉડલ આત્મકથા ન હતી, પણ એમના મનમાં આત્મકથાના સ્વરૂપ વિશેની પૂરી સભાનતા હતી.

આ સભાનતાનો નમૂનો એમની પ્રસ્તાવનામાં દેખાય છે, સાંપડે છે. ગાંધીજીનું અન્ય સાહિત્ય યોજનાપૂર્વક લખાયેલું હતું, જ્યારે આત્મકથા તો હપ્તે હપ્તે અંતર્યામી લખાવે તેમ લખે જતા હતા. તેમ છતાં આ રચનામાં સંકલના દેખાય છે. પ્રસ્તાવનાના કેટલાક ઉલ્લેખો જોઈએ. એમને ખબર હતી કે 'આત્મકથા એ ઘણી વાર અહંનો જ બબડાટ થઈ બેસે.' તેથી પ્રારંભે જ તેઓ આત્મશલાઘામાં નથી જવાના તે જણાવે છે. અમૃતા પ્રીતમે આત્મકથાને 'આત્મશલાઘાનું કલાત્મક માધ્યમ' ગણાવ્યું છે કટાક્ષમાં. પરંતુ અહીં ગાંધીજી કહે છે –

"કહેવા યોગ્ય એક વાત પણ હું છુપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે. હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઈચ્છા નથી."

આમ, આત્મકથાકાર માટે જોઈતી હિંમત અને નમ્રતા એમનામાં પૂરેપૂરી છે. આગળ તેઓ કહે છે કે –

"જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે અને મારી ઝાંખીઓ ઝાંઝવાનાં નીર સમાન છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો."

આમ, જોઈ શકાય છે કે એમણે આત્મકથા હકીકતોનો હારડો બનાવવા નથી લખી, પરંતુ આંતરજીવનની વિકાસયાત્રા કે મથામણને કેન્દ્રમાં રાખી છે. તેથી જ તેઓ કહે છે –

"મારે પણ ક્યાં આત્મકથા લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે.... જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની પાસે હોય તો તે લાભદાયી થઈ પડે એમ હું માનું છું – અથવા કહો કે એવો મને મોહ છે. રાજ્ય પ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહિ પણ થોડે ઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે અને તેથી એ પ્રયોગોની મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ જ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી."

આમ, તેમણે સૂચક રીતે જ પોતાની આત્મકથાને પ્રથમ શીર્ષક 'સત્યના પ્રયોગો' આપ્યું અને પછી 'અથવા

આત્મકથા' એવું આપ્યું. તેથી કહી શકાય કે તેમની આત્મકથામાં વિવિધ પ્રકારના પ્રયોગોને સ્થાન મળ્યું છે. એનો અર્થ એ નથી કે બધા પ્રયોગો જ છે. ક્યાંક અન્ય વ્યક્તિઓનાં ચિત્રો, રમૂજ, સુધારકવૃત્તિ વગેરે પણ છે. પરંતુ પ્રધાન સ્થાન તો પ્રયોગનું જ છે. આ પ્રયોગોમાં તેમનું સત્યવીર તરીકેનું પાસું બહાર આવે છે. એ પ્રયોગવીર છે પણ સત્યને પામવા માટેના. આત્મકથા વિષયક સભાનતા તેમણે પ્રસ્તાવના ઉપરાંત અન્ય પ્રકરણોમાં પણ વચ્ચે વચ્ચે દેખાડી છે. જેમ કે એક જગ્યાએ તેઓ લખે છે –

"આ પ્રકરણ મારે લખવું ન પડે એમ હું ઈચ્છું છું. પણ આ કથામાં મારે એવા કેટલાક કડવા ઘૂંટડા પીવા પડશે. સત્યના પૂજારી હોવાનો દાવો કરીને મારાથી બીજું થાય તેમ નથી."

પોતે વહેમી પતિ હતા અને કસ્તૂરબાને વહેમની નજરે જોતા તે તેમણે કબૂલ્યું છું. તો વળી એક જગ્યાએ એ લખે છે –

"વિચારતાં ઘડીભર એમ થઈ આવે છે - આ પ્રકરણો લખવાનું માંડી વાળવાનું - એ જ વધારે યોગ્ય ન હોય !"

પણ, સ્વીકારેલું કામ કોઈ પણ ભોગે પૂરું કરવું જ એ તેમની વૃત્તિ છે. તેથી જ તેમણે 'સત્યના પ્રયોગો' પૂરી કરી જ.

આંદ્રે મોર્વાએ આત્મકથા માટે એવું લખ્યું છે કે "It is Courageous Search for truth." આત્મકથા લખવા માટે હિંમત જોઈએ. કારણ કે પોતાના દુર્ગુણો કબૂલવાના હોય છે. તેથી જ અંગ્રેજીમાં આત્મકથાને Confession Form (કબૂલાતનામું) ગણવામાં આવે છે. ગાંધીજીએ હિંમતપૂર્વક આ કથામાં પોતાના દોષો આલેખ્યા છે. બાળપણમાં કરેલી ચોરીનો ઉલ્લેખ કર્યો છે. ખોટા મોજશોખના કારણે ચઢી ગયેલું દેવું ચૂકવવા સોનાનું કડું એક તોલો કપાવેલું તે પણ કબૂલ્યું છે. પોતે ચુસ્ત વૈષ્ણવધર્મી હોવા છતાં પાંચ-સાત વાર માંસાહાર કરેલો તે પણ કબૂલ્યું છે. પણ તેમ છતાં તે ખોટું કરીને છુપાવતા નથી. એ પણ એમનો સદ્‌ગુણ છે. એ નિખાલસ ભાવે બધું કબૂલી લે છે. જેમ કે, કડાવાળી વાત, પિતા પાસે ચિઠ્ઠી લખીને જણાવી દીધી. માંસાહાર પણ એ વૃત્તિના કારણે જ છોડ્યો. એ સજા ભોગવે છે પણ જૂઠું બોલતા નથી. જેમ કે, આખાયે વર્ગની જોડણી સાચી પડી ત્યારે ચોરી નહિ કરનાર ગાંધી હાંસીપાત્ર ઠર્યા હશે, તેમ છતાં એ હાંસીની દરકાર ન કરી. બ્રાઈટનમાં પણ પોતાના તરફ ઢળેલી યુવતીને સામે ચાલીને પોતે વિવાહિત છે તેમ જણાવે છે. ખોટું બોલવું ન પડે એટલા માટે રસ ન હોવા છતાં બાઈબલ વાંચી જાય છે. તેવી જ રીતે દક્ષિણ આફ્રિકામાં જ્યારે સહી ઝુંબેશ ચલાવી ત્યારે સમજી વિચારીને સહી આપી એની જ લેવાનો આગ્રહ રાખે છે. એમની ખરી કસોટી તો વકીલાતના વ્યવસાયમાં થાય છે. કારણ કે તે વ્યવસાયને જૂઠને સચ કરનારા વ્યવસાય તરીકે પ્રતિષ્ઠા મળી ચૂકી હતી. એ વ્યવસાયમાં રહીને સત્યાગ્રહી રહેવું અઘરું હતું. પરંતુ ગાંધીજીએ એ વ્યવસાયમાં રહીને પણ સાચને આંચ ન આવવા દીધી. એ લખે છે –

"મારી શાખ એવી પડી હતી કે જૂઠા કેસ મારી પાસે ન જ આવે, હું એમ જ હંમેશાં માનતો હતો કે મને જૂઠો કેસ મળ્યો હોય તો હાર મળજો."

તેથી જ કેટલીક વાર એમને જ્યારે ખબર પડે કે અસીલે મને છેતર્યો છે તો તે લડવાનું જ માંડી વાળે. અસીલ ગુનેગાર હોય તો તે હંમેશાં ગુનાને છુપાવવાના બદલે ગુનો કબૂલ કરવાની જ સલાહ આપતા. આમ, ગાંધીજીની આત્મકથામાં એમની સત્યનિષ્ઠાનાં અનેક ઉદાહરણો મળે છે. તેનું કારણ બાળપણે જોયેલું 'હરિશ્ચંદ્ર નાટક' હતું.

ગાંધીજી રવીન્દ્રનાથના પેલા કાવ્યની જેમ માનતા હતા કે, 'આમારા જીવન, આમારા વાણી.' (મારું જીવન, મારી વાણી). સત્યને મનથી સ્વીકારે, એટલું જ નહિ પણ એને આચારમાં મૂકવાનો નિયમ કોઈ પણ ભોગે પાર પાડતા. તેથી કહી શકાય કે આ આત્મકથામાં એમની છબિ એવી ઉપસ્થિત થાય છે કે - આ માણસ મહાશક્તિશાળી નથી, પણ એ વારે વારે સંકલ્પો લઈને શક્તિશાળી બન્યો છે. તે પોતાને મળેલા સત્યને માત્ર ચૈતસિક નથી રાખતા પણ, way of life  તરીકે અપનાવતા. બાળપણથી જ

એમનામાં આ પ્રકારની વૃત્તિનાં દર્શન થાય છે. જેમ કે : બીડીમાંથી છુટકારો મેળવવા માટે આપઘાત સુધી પહોંચે છે. લાગવગમાં માનતા નથી. તેથી સગા ભાઈ માટે લાગવગ કરવા જતાં સંકોચ અનુભવે છે. કડું કપાવ્યા પછી એની કબૂલાત કરી લે છે. પરદેશમાં પણ સ્વમાન ખાતર જ પાઘડી ઉતારતા નથી. ઝીણામાં ઝીણા અપમાનને ધ્યાનમાં લે છે અને વૈચારીક સ્તરે નહિ પણ વ્યાવહારિક સ્તરે લડે છે. હિંદીઓનો મતાધિકાર પાછો ખેંચવાની વાત આવી ત્યારે તેનો પણ વાતચીતમાં જ નહિ પણ કોર્ટ સુધી લડીને વિરોધ કરે છે.

ઈ.સ. ૧૮૯૭માં એ સહકુટુંબ ડરબન આવે છે. ગોરા માટેની શાળામાં શિક્ષણનું સ્તર ઊંચું હતું. ગાંધીજી મહેરબાનીથી પોતાના બાળકને પ્રવેશ અપાવી શકાયા હોત, પણ ન અપાવ્યો. એ નોંધે છે –

"સ્વતંત્રતા અને અક્ષરજ્ઞાન વચ્ચે જ પસંદગી રહી છે ત્યાં કોણ કહેશે કે સ્વતંત્રતા અક્ષરજ્ઞાન કરતાં હજારગણી વધારે નથી ?"

પ્રિટોરિયામાં હજામે વાળ કાપવાની ઘસીને ના પાડી ત્યારે એમણે તરત જ બજારમાં જઈને સંચો ખરીદ્યો અને રૂમે આવી અરીસા સામે ઊભા રહી જાતે જ વાળ કાપ્યા. જ્યારે કોર્ટમાં વકીલ મિત્રોની મશ્કરી હળવા મને સહન કરી લીધી. એમની આ સ્વમાન સુરક્ષાવૃત્તિનું સર્વોત્તમ ઉદાહરણ મેરિત્સબર્ગ સ્ટેશને ઘટેલી ઘટના છે. તે નોંધે  છે –

"મારા ઉપર દુઃખ પડેલું તે તો ઉપર ચોટ્યું દર્દ હતું. ઊંડે રહેલા મહારોગનું એ લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. તે ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો."

ગુજરાતી આત્મકથાઓમાં તેમના સર્જકોએ જાતીય વૃત્તિની ચંચળતા નિઃસંકોચ આલેખી છે. જેમ કે નર્મદ અને મણિલાલની આત્મકથાઓ. ગાંધીજીએ પણ આ આત્મકથામાં ચંચળતાને આલેખી છે. પરંતુ આ બાબતમાં ગાંધીજીનું સામ્ય નર્મદ સાથે છે. તે આવી વાતો કરવા વિવેક વાપરે છે. મણિલાલ દ્વિવેદીની માફક ભાવકની ચંચળવૃત્તિને પોષે એવું આલેખન થયું નથી. આંદ્રે મોર્વાએ આવી બાબતોના સંદર્ભે કહ્યું - "It is better in such matter to suggest rather than to describe." (વર્ણન કરવા કરતાં તે સૂચવી દેવું વધારે સારું છે.) પિતાના મૃત્યુ સમયે આ વૃત્તિની ચંચળતાએ જ પિતાની અંતિમ ક્ષણથી દૂર રાખ્યા તે તેમને આજીવન ખટકેલું. ગાંધીજી આવી બાબતો વિશે જણાવે છે કે –

"વિષય ભોગવવાની વૃત્તિ તો પાછળથી આવી, તે કેમ આવી તે હું વર્ણવી શકું છું, પણ એવી જિજ્ઞાસા વાચકે ન રાખવી. મારી શરમ પર હું પડદો નાખવા ધારું છું. પણ જે કેટલુંક જાણવા જેવું છે તે હવે પછી આવશે."

આમ, છતાં એમ જરૂર લાગ્યા કરે છે કે ગાંધીજી પોતાની જાતીય વૃત્તિને વારંવાર નબળાઈ તરીકે જ જુએ છે. જેમ કે, નિશાળમાં ભણતાં ભણતાં પત્નીના વિચાર આવે તો તે પોતાની જાતને અત્યારે 'વિષયાસક્ત' ગણાવે છે. કસ્તૂરબાને શિક્ષિત કરવાના એમના અનેક પ્રયાસોને એમની આ ચંચળ વૃત્તિએ જ સફળ થવા દીધા ન હતા. તે તેમણે નિઃસંકોચ નોંધ્યુ છે. ગાંધીજીની આત્મકથા એમના હાથે પંચાવનમાં વર્ષે લખાઈ. તેથી પુખ્ત નજરે બધું જોવાયું છે. બાળપણના કેટલાક પ્રસંગોને તેઓ પક્વ દૃષ્ટિથી જુએ છે. તેથી સુધારક બનેલા મહાત્મા ગાંધી કિશોર ગાંધીને તોલે છે. તેમની આ સુધારકવૃત્તિનાં કેટલાંક ઉદાહરણ જોઈએ. જેમ કે, બાળપણની બીડી પીવાની ટેવને યાદ કરતાં લખે છે –

"મોટપણે બીડી પીવાની ઇચ્છા કદી થઈ નથી અને એ ટેવ જંગલી, ગંદી અને હાનિકારક છે એમ મેં સદાય માન્યું છે."

એ જ રીતે લાજ કાઢવાની રિવાજને પણ કુરિવાજ તરીકે વર્ણવે છે. બાળવિવાહ વિશેની એમની ચર્ચામાં સુધારક ગાંધીનો પ્રવેશ જણાય છે. તેવી જ રીતે લૉર્ડ કર્ઝનના દરબારમાં જવા માટે મહારાજના વેશ માટે કે હિંદુ વિદ્યાપીઠના સમારોહમાં રાજા-મહારાજાઓને ઘરેણાંથી લદાયેલ જોતાં તેમને દુઃખ થાય છે. તેમાં પણ એમની સંધારકવૃત્તિનાં દર્શન થાય છે. બાળપણથી વૈષ્ણવધર્મી હોવા છતાં, આ કારણોસર પોતાના ધર્મસ્થળ એવી હવેલીએ જવાનું ગમતું નથી. આમ, તેમની

બાળપણની આ વૃત્તિનો એમના જીવનમાં ક્રમશઃ વિકાસ થયેલ જોવા મળે છે.

આમ તો ગાંધીજીએ આ આત્મકથામાં સત્યના પ્રયોગો જ આલેખવા એવી પ્રતિજ્ઞા કરેલી. તેમ છતાં કેટલાક એવા સંદર્ભો આવે છે કે જેમાં એમણે પોતાના જીવનની રસિક વાતો કરી હોય. જેમાં તેમના બાળપણના સંદર્ભો મહત્ત્વના છે. બાળપણમાં તેઓ જોડકણાં બનાવીને શિક્ષકને ગાળો દેતા તે પણ નોંધ છે. બાળપણમાં તેઓ સમાન્ય બુદ્ધિના, શરમાળ હતા. તેથી પોતાને જો કોઈ ઈનામ કે શિષ્યવૃત્તિ મળે તો આનંદના બદલે આશ્ચર્ય થતું. શાળાએથી છૂટતાં જ એ સીધા ભણીને ઘેર આવતા. એમને સતત બીક રહેતી કે એમનું કોઈક અપમાન કરશે. અંધારામાં ખૂબ બીક લાગતી. ભીરુ, શરમાળ, સામાન્ય બુદ્ધિનો બાળક મોહનદાસ સંકલ્પના પુરુષાર્થ-બળે મહાત્માના પદ સુધી પહોંચ્યો તેમ ગણી શકાય.

આ આત્મકથામાં ગાંધીજીના વાચન-શોખના કેટલાક રસપ્રદ સંદર્ભો મળે છે. જેમ કે, બાળપણમાં વાંચેલું 'શ્રવણ પિતૃભક્તિ' એ વીસરી શકતા નથી. એ કબૂલે છે કે બાળપણમાં તેમણે બહુ વાંચ્યું નથી અને એમ પણ કબૂલે છે કે અમુક અમુક પુસ્તકો બાળપણમાં જ વાંચી લેવાં જોઈએ. એ જ રીતે 'સત્યવાદી હરિશ્ચંદ્ર' નાટક પણ એમના ચિત્તમાં વારંવાર ભજવાયું હતું. આમ છતાં તેઓ શ્રવણ કે હરિશ્ચંદ્ર ખરેખર થયા કે નહિ તેની પંચાતમાં પડતા નથી. તેઓ એમ જ માને છે કે તેઓ એમના મનમાં જીવે જ છે. અખાના 'છપ્પા', રસિકનું 'અન ટુ ધી લાસ્ટ', ટૉલ્સ્ટૉયનું 'ત્યારે શું કરીશું ?' કે ભગવદ્ગીતા એમનાં પ્રિય પુસ્તકો હતાં. જીવનોપયોગી વાચવાનો એમને ભારે શોખ હતો. તેથી એકપત્નીવ્રત વિશેની ચોપડી હોય કે કપડાં ધોવા વિશેનું ચોપાનિયું હોય, પણ પૂરેપૂરું વાંચતા, ઈસુનું 'ગિરિ પ્રવચન' વાંચવું એમને ખૂબ ગમતું. ભાગવત્, રામાયણ એમણે અંગ્રેજી મિત્રોના કહેવાથી ઈંગ્લેન્ડમાં વાંચ્યાં તેથી તેઓ શરમ પણ અનુભવતા.

મુનશીએ એક પત્રમાં એમણે લખેલું કે નર્મદની 'યાહોમ' કવિતા તેમને ખૂબ ગમતી, પણ તેનો રાગ પાકો થયો દક્ષિણ આફ્રિકામાં. અન્નાહાર વિશેની ચોપડીઓ પણ એમણે ખૂબ વાંચેલી. છતાં પણ ઘણું વાંચ્યું તો નથી જ, જે વાંચ્યું છે તેમાંથી જીવનમાં ઉતારવાનો શક્ય તેટલો પ્રયાસ તો અવશ્ય કર્યો જ છે. ટૉલસ્ટૉય એમના પ્રિય સર્જક હતા. તેઓ લખે છે - "તુલસીદાસનું રામાયણ મારી દૃષ્ટિએ ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ છે."

સત્ય નિષ્ઠા, ભીરુતા કે સુધારકવૃત્તિ જેવાં ગાંધીજીનાં મુખ્ય લક્ષણોની સાથેસાથે એમના વ્યક્તિત્વનાં અન્ય પાસાંઓ પણ પ્રગટે છે. પ્રયોગશીલતા, સંકલ્પવૃત્તિ અને વ્રતવૃત્તિ મુખ્ય છે.

એ સ્વભાવે પ્રયોગશીલ છે. એમને અન્નાહાર, કરકસર કરવાની ટેવ, સત્ય બોલવાની ટેવ પાડવાનું પ્રયોગો કરીને ગમ્યું છે. એ પોતાના પ્રયોગોમાં નિષ્ફળ નથી ગયા. તે એમની સંકલ્પવૃત્તિ કે વ્રતવૃત્તિથી જણાય છે. જેમ કોઈ શ્રદ્ધાળુ બાધા કે વ્રત લે તેમ કોઈ પણ બાબત માટે વ્રત લેતા. બીડી ન પીવા માટે, માંસાહાર ન કરવા માટે, એકપત્નીવ્રત પાળવા માટે, રંગભેદ દૂર કરવા માટે એમણે અનેક પ્રયોગો કર્યા છે અને સંકલ્પ કે વ્રત વડે સફળ પણ કર્યા છે.

આનો અર્થ એ નથી કે તેઓ ભૂલો કરતા જ નથી. જો તે પ્રયોગમાં નિષ્ફળ જાય તો એ છોડી પણ દેતા. તો ક્યારેક એમનામાં રહેલી સેવાવૃત્તિથી લોકોને જીતી પણ લેતા. બાલાસુંદરમ્‌નો કિસ્સો એનું જીવંત ઉદાહરણ છે.

બળવંતરાય ઠાકોરે ગુજરાતી સાહિત્યના દસ વિશિષ્ટ ગદ્યકારો ગણાવ્યા છે. તેમાં તેમણે ગાંધીજીને સમાવ્યા છે. ગાંધીજી એમની વિચારધારા પ્રમાણે સાદી, સરળ ગદ્યશૈલીના હિમાયતી હતા. 'સત્યના પ્રયોગો'માં એમની આ વિશિષ્ટ ગદ્યશૈલીના અવારનવાર અનુભવ થાય છે. સાદાં અને નાનાં વાક્યોથી ઘડાયેલી એમની ગદ્યશૈલી છે. પોતાના લગ્નનું વર્ણન કરતાં લખે છે - "માહ્યરે બેઠા, ચોરી ફેરા ફર્યા, કંસાર ખાધો, ખવડાવ્યો." એક જ પંક્તિમાં આખી પ્રક્રિયાનું ગતિશીલ આલેખન થયું છે.

પોતાના પિતા પાસે ચોરીની કબૂલાત કરતાં પ્રસંગનું આલેખન એમણે આ પ્રમાણે કર્યું છે - "કડું કપાયું, કરજ

ફીટ્યું... તેમણે ચિઠ્ઠી વાંચી, આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં, તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી. તે પોતે વાંચવા સારુ બેઠા થયા હતા તે પાછા સૂતા. હું પણ રડ્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાથી આલેખી શકું એટલું મારી નજર સામે તરી રહ્યું છે.''

પ્રથમ વાર માંસ ખાધા પછીની સ્થિતિનું વર્ણન પણ જુઓ -

''કેમ જાણે શરીરમાં બકરું જીવતું હોય અને રુદન કરતું હોય તેમ સ્વપ્નમાં પણ લાગે.''

પરદેશ ગયા પછીની સ્થિતિનું વર્ણન -

''મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. વિલાયત ગમે નહીં અને પાછા દેશ જવાય નહીં.''

માંસાહાર કરનાર મિત્ર સામેનું વિધાન જુઓ :

● ''છત્રીસ રોગોને હરનાર એક નન્નો જ મારી પાસે હતો.''

વિદેશમાં જેના ઘરે રહેતા હતા તેમની છોકરી સાથે ફરવા ગયેલા તેનું વર્ણન કે વેશ્યાને ત્યાં ગયા ત્યારે જ અનુભવ્યું તે જુઓ,

''હું શરમાયો, હું ચેત્યો... હું ભાગ્યો મારી કોટડીમાં. ધ્રૂજતો ધ્રૂજતો પહોંચ્યો. છાતી ધડકતી હતી. કાતિલના હાથમાંથી કોઈ શિકાર છૂટે ને તેની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ મારી હતી.''

તો હસાવવા માટે પણ ક્યારેક અંગ્રેજી શબ્દોને મારે-મચડે છે. જેમકે -

● ''બારિસ્ટર કહેવડાવવું તો સારું લાગ્યું પણ બારિસ્ટરું કરવું અઘરું લાગ્યું.''

તો ક્યારેક રૂપકોની ભાષામાં પણ વાત કરે છે.

● ''નિરાશામાં જરાક જેટલું આશાનું મેળવણ લઈ ધ્રૂજતે પગે હું મુંબઈના બંદરે ઊતર્યો.''

જેમ કે પરદેશથી પાછા ફરતાં રસ્તામાં તોફાન ઊઠે છે. તો ગાંધીજી તેને અંદરના તોફાન સાથે સરખાવતાં લખે છે -

● ''મુંબઈના બારામાં દરિયો તીખો હતો. આ બહારનું તોફાન મારે મન તો અંદરના તોફાનનું ચિહ્ન હતું.''

ક્યારેક સાવ ગામઠી ગદ્ય પણ વાપરી જાણે છે -

● ''શું ભાઈ'સાબ સંધ્યો, તરપણ, સોતીડું, કોદાળી, ખટકરમ અમે તો એવા જ ભેમણ તો. તમારા જેવા નભાવે તો નભીએ, નહીંતર ખેતી તો છે જ.''

પહેલો કેસ ચલાવવા જતાં ચક્કર આવ્યા તેનું પણ સરસ વર્ણન થયું છે.

''હું ઊભો તો થયો પણ પગ ધ્રૂજે, માથું ફરે. મને લાગે કે કોર્ટ ફરે છે. સવાલ પૂછવાનું સૂઝે જ નહીં ! હું નાઠો, હું શરમાયો.''

ક્યારેક કહેવત પણ વાપરે છે -

● ''પાંચ-સાત વરસ સુધી બારિસ્ટર કોર્ટમાં ઢેફાં ભાગે તો નવાઈ નહીં.''

● ''અરજી લખવાનું તો મળે પણ તેથી કંઈ છોકરાં ઘૂઘરે રમે ?''

ક્યારેક નવા શબ્દો પણ બનાવે છે - 'કેસસર' વગેરે. દક્ષિણ આફ્રિકામાં મેરિત્સબર્ગમાં પ્લૅટફૉર્મ પર ફેંકાયા તેનું વર્ણન હ્રદયદ્રાવક છે અને પછી તરત જ આગળ જતાં ગોરાના હાથે પુનઃ માર ખાવો પડ્યો તેનું નિરૂપણ પણ અસરકારક છે.

● ''હું માંડ કહી રહું એટલામાં તો મારા પર તમાચાનો વરસાદ વરસ્યો અને પેલાએ મારું બાવડું ઝાલીને મને નીચે ઘસડવા માંડ્યો. મેં પિત્તળના સળિયા હતા તે જડની જેમ પકડી રાખ્યા.''

માલિકથી જેણે ભરપેટ માર ખાધો હતો તે બાલાસુંદરમ્‌નું વર્ણન પણ અસરકારક છે.

''તેટલામાં એક દિવસ ફાટેલાં કપડાં પહેરેલાં, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા તેવો મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો-રોતો મારી સમક્ષ આવીને ઊભો !''

દરિયાના તોફાનનું વર્ણન, પુત્રની માંદગીનું વર્ણન, પોતાને સાંભળવા મળેલી મેદનીનું વર્ણન, પેશાબપાત્ર લઈને સજલ નયને ઊતરતાં કસ્તૂરબાનું વર્ણન, પણ આસ્વાદ્ય છે. કેટલીક વાર અલંકારયુક્ત પંક્તિથી તેઓ

વિચારને સઘનતા અર્પે છે.

"સર ફિરોજ શાહ મને હિમાલય જેવા લાગ્યા, લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા, ગોખલે ગંગા જેવા લાગ્યા, તેમાં નાહી શકું. હિમાલય ચઢાય નહીં, સમુદ્રમાં ડૂબવાનો ભય રહે, પણ ગંગાની ગોદમાં તો રમાય, તેમાં હોડકાં લઈને તરાય."

ગાંધીજીની આત્મકથાની ગદ્યશૈલી વિશે ડૉ. સતીશ વ્યાસ કહે છે -

"આ રચનાની વિશેષતા એની સાદી, સોંસરી ભાષા છે. નાનાં નાનાં વાક્યો, સૂત્રો, રૂઢિપ્રયોગો અને કહેવતોની સહજતાથી ગદ્ય બળૂકું લાગે છે."
('સન્નિધાન'-૫)

ગાંધીજીની ગદ્યશૈલી વિશે નગીનદાસ પારેખ લખે છે -

"ગાંધીજીનાં બધાં જ લખાણોમાં, જેમાં સાહિત્યગુણ વધારેમાં વધારે હોય એવું પુસ્તક તો 'આત્મકથા' છે. જેને વિશે ભાગ્યે જ મતભેદ હોય એવું પુસ્તક આત્મકથા જ છે. આખી કથા વેગીલી, સરલ, ચોટદાર, સંયમિત અને સંસ્કારી ભાષામાં વહે છે. પૂર્વજોનો અને માતા-પિતાનો અઢી પાનામાં કરાવેલો પરિચય વેધક છે. જે આપણા ચિત્ત પર સદાને માટે છવાઈ જાય છે."
('ગાંધીજી' : કેટલાક સ્વાધ્યાયલેખો)

આમ, છતાં નગીનદાસ પારેખ અને સતીશ વ્યાસ જેવા વિદ્વાનોએ તેમની ગદ્યશૈલીની કેટલીક ટીકાઓ પણ કરેલી છે.

ડૉ. સતીશ વ્યાસે આત્મકથાના ગદ્યની મર્યાદા બતાવતાં એવું કહ્યું છે કે "મેં રસનાં કૂંડાં પીધાં" જેવો પ્રયોગ કઠે છે. તો 'વાકેફગાર' અને 'વિદાયગીરી' જેવા શબ્દોમાં શુદ્ધિ પ્રત્યે ધ્યાન નથી રહ્યું.

શ્રી નગીનદાસ પારેખ કેટલાક વાક્યપ્રયોગની મર્યાદા બતાવે છે. એમણે કેટલાક શબ્દોના ગુજરાતી અનુવાદોની નોંધ લીધી છે. જેમકે, 'ડાઈનિંગ હૉલ' માટે 'ખાણાઘર', 'ગ્રાન્ડ નાઈટ' માટે 'ભારે રાત્રિ', 'ફૂટપાથ' માટે 'પગથી', 'ગોલ્ડન ઓપર્ચ્યુનિટી' માટે 'સુવર્ણતક' વગેરે. અંગ્રેજી વાક્યોની તેમના ગદ્ય પર ભારે અસર પડી છે. જેમ કે, ગાંધીજી આ પુસ્તકમાં ત્રણ વાર નહીં જેવા ઉપયોગવાળી 'મોંઘી વસ્તુ' માટે 'ધોળો હાથી' શબ્દપ્રયોગ કરે છે.

સંપાદન (Editing) કલા ખૂબ જ અનિવાર્ય છે, કારણ કે પોતાના જીવનની વાતો ટૂંકમાં અને સચોટ રીતે કરવાની હોય છે. આંદ્રે મોર્વા કહે છે. "He Should remove his reader from the burden of useless material." (આત્મકથાકારે એના વાચકને નિરર્થક વિગતો પીરસવી ન જોઈએ.) સામાન્ય આત્મકથાકારને જો Editingનો પ્રશ્ન કનડતો હોય તો ગાંધીજી જેવા જાહેર પુરુષને તો વિશેષ. જીવનમાંથી શું લેવું અને શું ન લેવું એ એમના માટે કસોટીનો મુદ્દો બની રહે છે. પરંતુ ગાંધીજી પોતાના જીવનની વિગતોમાંથી પ્રસંગોની પસંદગીમાં Editing કરી શક્યા છે. પ્રસંગની પસંદગી બાબતે ગાંધીજીમાં વિવેકશક્તિનો પરિચય થાય છે. તે આખી કથાને એવી રીતે માંડે છે કે સાહિત્યરસિકથી માંડીને સામાન્ય કિશોર સુધ્ધાંને તેમાં રસ પડે. અહીં તેમણે અરસિક હકીકતનો હારડો નથી કર્યો. દા.ત.,

"દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની હાલતનો ચિતાર આપવાનું આ સ્થાન નથી. તેનો ખ્યાલ મેળવવા ઈચ્છનારે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' વાંચવો જોઈએ."

તેમની આટલી જાગૃતિ છતાં 'સત્યના પ્રયોગો' ખાસ્સી દળદાર આત્મકથા બની છે. આ જાગૃતિના કારણે જ તેમની આત્મકથાની વસ્તુસંકલના નોંધપાત્ર છે.

'સત્યના પ્રયોગો'ના કુલ પાંચ ભાગો પાડવામાં આવ્યા છે. પહેલા ભાગમાં જન્મથી માંડીને વિદ્યાર્થી અવસ્થા સુધીનો ઈતિહાસ છે. બીજા ભાગમાં તેઓ વિલાયતથી મુંબઈ પાછા આવ્યા અને અહીં વકીલાત ન ફાવી તેથી દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં સફળ થયા તેનો ઈતિહાસ છે. ત્રીજા ભાગમાં સહકુટુંબ આફ્રિકા ગયા તે અને ચોથા ભાગમાં દક્ષિણ આફ્રિકામાં તેઓ લોકપ્રિય નેતા બનીને ભારત પરત આવ્યા ત્યાં સુધીનો ઈતિહાસ છે. પાંચમા ભાગમાં ઈ.સ. ૧૯૧૧થી ૧૯૨૦ સુધીનાં પાંચ વર્ષની તેમની કામગીરીનું આલેખન થયું છે.

આ પાંચેય ભાગના પ્રસંગો સુસંકલિત અને સુસંગત

બની શક્યા છે. પાંચેય ભાગનાં પેટાશીર્ષકો તથા આત્મકથાનું શીર્ષક સુધ્ધાં રસપ્રદ છે.

આત્મકથાનું મુખ્ય શીર્ષક 'સત્યના પ્રયોગો' છે. પ્રયોગ કરનાર નિરીક્ષણ પરીક્ષણ કરે છે. નોંધો કરે છે. ભૂલ પડે તો સુધારે છે. થયેલી ભૂલ પુનઃ ન થાય તેની ચોકસાઈ રાખે છે. જીવનપદાર્થ સાથે આવી શિસ્તથી વર્તીને મિ.એમ.કે. ગાંધીમાંથી 'મહાત્મા'ના બિરુદ સુધી પહોંચ્યા છે. એમણે જીવનને એક પ્રયોગ તરીકે સ્વીકારેલું. તેથી કૃતિનું આ શીર્ષક સમુચિત છે. અમૃતા પ્રીતમની આત્મકથા 'રેવન્યૂ સ્ટૅમ્પ', 'મારી હકીકત' એ જ રીતે સૂચક છે. કદી યુનિવર્સિટી નહીં જઈ શકનાર ગોર્કી 'મારાં વિશ્વવિદ્યાલયો' જેવું શીર્ષક આપે છે તેના જેવું અહીં પણ થયું ગણાય.

મુખ્ય શીર્ષક જ નહીં, પણ પેટા શીર્ષકો પણ રસપ્રદ છે. કેટલાંક શીર્ષકો સરળ અને સીધાં છે. જેમ કે, 'જન્મ', 'બચપણ', 'બાળવિવાહ', 'ચોરી' અને 'પ્રાયશ્ચિત.' તો ક્યારેક માર્મિક શીર્ષકો પણ રાખ્યાં છે. જેમ કે, 'બારિસ્ટર તો થયા - પણ પછી ?' કેટલીક વાર ભજનની પંક્તિઓ શીર્ષક તરીકે વાપરી છે. જેમ કે, 'નિર્બલ કે બલરામ', વગેરે. કેટલાંક મથાળાં નાટ્યાત્મક છે. જેમ કે, 'જલદી પાછા વળો', 'પહેલી રાત' અથવા 'રહ્યો', 'પહાડ જેવી ભૂલ', 'શરમાળપણું મારી ઢાલ' વગેરે તો ક્યારેક રમૂજી શીર્ષકો પણ આપે છે. જેમ કે, 'ડુંગળીચોર' વગેરે.

આત્મકથાકાર પોતાની વાત કરતાં કરતાં પોતાના જીવનનાં વિવિધ ક્ષેત્રો વિશેના વિચારો જણાવતો જાય છે. અહિંયા ગાંધીજીના ધર્મવિષયક, કેળવણીવિષયક, ભાષાવિષયક વિચારો મુખ્ય છે. એમને બધા ધર્મો પ્રત્યે માન હતું. પરંતુ તેઓ અપાર પ્રેમ તો સ્વધર્મ પર જ ધરાવતા હતા. છતાંયે બધા જ ધર્મો વિશે વાંચવાનું એમને ખૂબ ગમતું. કેળવણી તો માતૃભાષામાં જ આપવી એવું માનતા.

ગાંધીજીના જમાનામાં જે સામાજિક દૂષણો હતાં, તે દૂષણો પણ એક દસ્તાવેજની જેમ ઝિલાયાં છે. જેમ કે, બાળવિવાહના કારણે યુવક-યુવતીઓના અભ્યાસ પર થતી અસર, એ સમયની અસ્પૃશ્યતાની ભાવના, દક્ષિણ આફ્રિકામાં ચાલતી કાળા-ગોરાની રંગભેદ નીતિનાં સચોટ આલેખનો ગાંધીજીની આ આત્મકથામાં થયાં છે. તેથી 'સત્યના પ્રયોગો' એ અંગત દસ્તાવેજોની સાથોસાથ તે વખતના ભારત અને વિશ્વનો પણ સામાજિક દસ્તાવેજ બની રહે છે.

ગાંધીજીના લખાણમાં મોટા ભાગે સાદગી અને ગંભીરતા જોવા મળે છે. પરંતુ ક્યારેક ગાંધીજીનો વિનોદ પણ માણવાની તક મળે છે. જેમ કે, એમના વિવાહ વખતની સ્થિતિનું વર્ણન, પત્ની સાથેની પ્રથમ રાત્રિનું વર્ણન, તેમના સભ્ય થવાના પ્રયત્નોનું વર્ણન વગેરે રસપ્રદ બન્યું છે.

આમ તો આત્મકથામાં 'હું' જ કેન્દ્રમાં હોય છે. પરંતુ કથાકારના નિમિત્તે એનાં કુટુંબીજનો, શિક્ષકો કે મિત્રો પણ આત્મકથામાં પ્રવેશતાં હોય છે. 'સત્યના પ્રયોગો'માં નારાયણ હેમચંદ્રને સચોટ મિત્ર તરીકે ગાંધીજીએ ઉપસાવ્યા છે. લોકમાન્ય ટિળક, મિસ લેસિન વગેરેનાં ચિત્રણો પણ નોંધપાત્ર છે. પિતા કરમચંદ ગાંધી, દાદા ઓતા ગાંધી, માતા પૂતળીબાઈનું વર્ણન પણ રસપ્રદ છે. ગોપાલકૃષ્ણનું ચિત્ર વારંવાર આ કૃતિમાં પડઘાયા કરે છે. આધ્યાત્મિક મિત્ર રાયચંદભાઈ જે પછીથી શ્રીમદ્ રાજચંદ્ર તરીકે ખ્યાત થયા એ સંતનું પાત્રચિત્ર પણ સરસ રીતે રજૂ થયું છે. બાલાસુંદરમૂનું પાત્ર તો ભૂલી જ ન શકાય. શેખ અબદુલ્લા પણ. ટૂંકમાં, મહાન વ્યક્તિઓથી માંડીને નાનામાં નાની વ્યક્તિઓનાં ચિત્રો પણ તેમની આત્મકથામાં આકાર લે છે.

ગાંધીજીએ ચાલીસ દળદાર ગ્રંથો થાય તેટલું વિપુલ લેખન તેમના સતત કાર્યશીલ જીવન વચ્ચે કર્યું છે. તેમાં 'સત્યના પ્રયોગો' તો ચિરંજીવ રહેશે જ. આત્મકથાકાર પાસે જોઈતી તટસ્થતા, નિર્મમતા, વિવેક, હિંમત એમનામાં ભરપૂર છે. તેથી જ 'સત્યના પ્રયોગો'નું સ્થાન વિશ્વની આત્મકથાઓમાં અગ્રગણ્ય છે જે ભારતીય આત્મકથા સાહિત્યની આબરૂ છે.

●

અહીં જુદી જુદી પેઢીઓના અભ્યાસીઓના લેખોનો સમાવેશ કરાયો છે. જેના કારણે વિવિધ દૃષ્ટિબિંદુનો લાભ મળ્યો. પુનઃ એ માટે એમનો આભાર.

**(પાર્શ્વ પ્રકાશન દ્વારા પ્રગટ થનાર 'સત્યના પ્રયોગો'નું સંપાદકીય)**

# સ્વામ્બો (SWAMBO)

**રણછોડ શાહ**

**મેનેજિંગ ટ્રસ્ટી, એમિટી સ્કૂલ, ભરૂચ.**
**સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

"ખિજાઈ જવાની રીત ન્યારી ન્યારી છે :
ગોરંભાઈને અચાનક વરસે છે !
ચાતક કોઈ ખરેખર તરસે છે –
તડકો પછી ચાંદની પ્યારી પ્યારી છે !"

– નવીન કા. મોદી.

ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં કશુંક ખૂટે છે તેવું સૌને લાગે છે. ડિગ્રીધારી યુવાનો વ્યવસાયમાં દાખલ થયા છે પણ તેઓ સફળતા પ્રાપ્ત કરતા નથી. હજારો યુવકો નોકરીની શોધમાં માર્યા માર્યા ફરે છે, તો બીજી બાજુ નોકરી દાતાઓ ઈન્ટરવ્યૂ લઈ લઈને થાકી જાય છે. પ્રત્યેક વ્યવસાયમાં ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએશનવાળા યુવાનો પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રાયોગિક કાર્યનો અનુભવ નહીં હોવાને કારણે તેઓ જે તે જગ્યા ઉપર ટકી શકતા નથી. તેઓએ પરીક્ષામાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા હોય છે. પરંતુ વ્યવસાય માટે જરૂરી ગુણોનો બહુ મોટો અભાવ નજરે પડે છે. માંગ કરતાં પુરવઠો વધારે છે પરંતુ જેવો જોઈએ તેવો યુવાન કે યુવતી મળતાં નથી. તેથી સેંકડો જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડેલી છે.

આ સમસ્યાના પાયામાં શિક્ષણ રહેલું છે. શાળા-કૉલેજોમાં સૈદ્ધાંતિક શિક્ષણ આપવામાં આવે છે. પરંતુ પ્રાયોગિક શિક્ષણની ધરાર અવગણના કરવામાં આવે છે. લેખિત અને મૌખિક કૌશલ્યોનો ભારોભાર અભાવ જોવા મળે છે. ગ્રેજ્યુએટ થયેલો યુવક સાદી અરજી પણ લખી શકતો નથી. પોતાના વિષય ઉપર પાંચ મિનિટનું વક્તવ્ય આપી શકતો નથી. ફેક્ટરીમાં મશીન પાસેથી કેવી રીતે કામ લેવું તે બાબતે તદ્દન નિષ્ફળ પુરવાર થાય છે. રોજગાર આપનારને કુશળ કારીગર જોઈએ, શિખાઉ નહીં. હૉસ્પિટલમાં પૂરતી તાલીમ લીધા વિના ડૉક્ટર થયેલ યુવાનને કોણ સ્વીકારે ! બૅન્કની કામગીરી ન જાણનાર કૉમર્સ સ્નાતકને કોઈ કંપની નોકરી આપે ખરી ? બોર્ડ ઉપર સારા અક્ષરે નહીં લખી શકનાર અને સ્પષ્ટ શુદ્ધ ઉચ્ચારથી શિક્ષણ ન આપી શકે તેવા યુવક કે યુવતીને કઈ શૈક્ષણિક સંસ્થા કામ આપે ? આપણા શિક્ષણમાં સમસ્યા ઉકેલનું સ્થાન જ નથી. વ્યવહારિક કેળવણી તરફ લક્ષ્ય જ ગયું નથી. પ્રયોગ દ્વારા શિક્ષણનો સદંતર અભાવ જોવા મળે છે.

એક સવારની પાળીમાં ચાલતી લૉ કૉલેજમાં પ્રાધ્યાપકશ્રી વર્ગખંડમાં દાખલ થયા. તેઓએ જણાવ્યું કે આજે તેઓ 'આપણા અધિકારો' વિશે શીખવશે. સૌને ધ્યાન આપવા વિનંતી કરી. પ્રથમ પાટલી ઉપર બેઠેલ વિદ્યાર્થીને ઊભો કર્યો. તેઓએ પૂછ્યું, 'તારું નામ શું છે ?" વિદ્યાર્થીએ જવાબ આપ્યો, "સાહેબ, મારું નામ રાકેશ અગ્રવાલ છે."

ગુસ્સાભેર ચહેરે પ્રાધ્યાપકશ્રીએ ચીસ પાડીને કહ્યું, "તું વર્ગખંડથી જતો રહે. હું તને ભવિષ્યમાં ક્યારેય મારા વર્ગખંડમાં જોવા માંગતો નથી." રાકેશ અત્યંત મૂંઝવણ ભરી સ્થિતિમાં મુકાઈ ગયો. તેને સાહેબે જે કહ્યું તેનાથી આશ્ચર્ય અનુભવ્યું. પરંતુ તરત જ ઊભો થઈ પોતાના પુસ્તકો ભેગા કરી વર્ગખંડ છોડીને જતો રહ્યો. તમામ વિદ્યાર્થીઓ ભયભીત બનીને ગુસ્સે થઈ ગયા. પરંતુ કોઈ કાંઈ બોલ્યું નહીં. સૌએ નાખુશીપૂર્વક મૌન રહીને સાહેબનો નિર્ણય સ્વીકારી લીધો.

પ્રાધ્યાપકશ્રી બોલ્યા, "ચાલો, આપણે ભણવાનું શરૂ કરીએ. આપણા કાયદાઓ કઈ રીતે પ્રજાને ઉપયોગી બને છે?" વિદ્યાર્થીઓ ગભરાયેલા હતા પરંતુ ધીમે ધીમે સ્વસ્થ થવા પ્રયત્ન કરતા હતા. તેઓ ઉત્તર આપવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. એકે કહ્યું, "સમાજમાં બધું વ્યવસ્થિત રીતે ચાલે અને ગુંડાગીરી કે હિંસાનો ફેલાવો ન થાય તે માટે કાયદાનું કડક પાલન આવશ્યક છે." શિક્ષકે બરાડો પાડી જણાવ્યું, "ના." બીજા વિદ્યાર્થીએ કહ્યું, "લોકો ખોટું કરે તો તેમને સજા કરવા માટે કાયદાઓ હોય તે જરૂરી છે."

પ્રાધ્યાપકશ્રી કટાક્ષયુક્ત ભાષામાં બોલ્યા, "ના, તમારામાંથી કોઈની પાસે પૂરતી બુદ્ધિ છે ખરી કે આ પ્રશ્નનો સાચો જવાબ આપે ?" બીતાં બીતાં એક યુવતી બોલી, "કાયદા દ્વારા સૌની સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર કરી શકાય." પ્રાધ્યાપકે કહ્યું, "છેવટે એક વ્યક્તિ જવાબની નજીક પહોંચી શકી છે. તેનો જવાબ સંપૂર્ણ સાચો નથી. ટૂંકમાં ન્યાય જેવું કાંઈક છે ખરું અને હવે જણાવો કે ન્યાયનો ઉપયોગ ક્યાં કરવાનો ?"

તમામ વિદ્યાર્થીઓ સાહેબની કઠોર, બરછટ અને અસંસ્કારી વર્તણૂકથી અત્યંત અસ્વસ્થ થઈ ગયા હતા. તેમ છતાં એક વિદ્યાર્થી ઉત્તર આપવા ઊભો થયો. તેણે જણાવ્યું, "માનવ અધિકારો માટે કાયદાઓ આવશ્યક છે." અધ્યાપકશ્રી બોલ્યા, "બહુ સરસ કોઈએ કાંઈ વધુ કહેવું છે ?" અન્ય યુવતીએ જવાબ આપ્યો કે સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખવા માટે કાયદાઓ અનિવાર્ય છે. અધ્યાપકશ્રીએ જણાવ્યું કે તમારો જવાબ ખોટો નથી. તેમ છતાં તમે મારા પ્રશ્નનો જવાબ આપ્યો નથી. પ્રાધ્યાપક બોલ્યા, "જ્યારે મેં રાકેશને વર્ગખંડની બહાર કાઢી મૂક્યો ત્યારે મેં તે બરાબર કર્યું હતું ?" તમામ ચૂપ રહ્યા. કોઈએ જવાબ આપ્યો નહીં. તેઓ મોટેથી બોલ્યા, "મારે નિર્ણાયક અને એકમતે જવાબ જોઈએ છે." તમામ વિદ્યાર્થીઓએ એક જૂથ થઈ જવાબ આપ્યો, "ના".

પ્રાધ્યાપક બોલ્યા, "શું તમને સૌને લાગે છે કે મેં રાકેશ સાથે અન્યાય કર્યો છે ?" તમામે હકારમાં ડોકુ ધુણાવી પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. ત્યારબાદ અત્યંત નમ્રતા અને વિવેકપૂર્ણ રીતે પ્રાધ્યાપકશ્રી બોલ્યા, "રાકેશને વર્ગની બહાર કાઢી મૂક્યો ત્યારે તમારામાંથી કોઈએ કોઈપણ પ્રકારનો વિરોધ શા માટે કર્યો નહીં ? જો આપણે કાયદાઓ અને નિર્ણયોનો અમલ કરવાની ઇચ્છા ન ધરાવતા હોય તો શા માટે તેમને બનાવવાના ? તમારા પ્રત્યેકની ફરજ છે કે તમે જ્યારે અન્યાયના સાક્ષી બનો ત્યારે તાત્કાલિક તેનો વિરોધ કરો. તમારે સૌએ વિરોધ કરવો જોઈએ. તમારે શાંત બેસી રહેવું જોઈએ નહીં. ફરીથી આવું કરશો નહીં." એક વિદ્યાર્થી તરફ આંગળી કરી રાકેશને વર્ગમાં બોલાવી લાવવા જણાવ્યું.

તમામ વિદ્યાર્થીઓ કાયદો અને તેના પાલન વિશે પ્રત્યક્ષ શિક્ષણ પામ્યા. માત્ર વાતો કરવાને બદલે અધ્યાપકશ્રીએ પ્રયોગ દ્વારા શિક્ષણ આપતાં તે શિક્ષણ કાયમી બન્યું. આ ઘટના સૌ વિદ્યાર્થીઓના ચિત્તમાં કાયમી સ્થાન બનાવી ગઈ. કાયદાનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત થયું. જ્યારે આપણે આપણા હક્કોનો બચાવ નથી કરતા ત્યારે આપણે તેને લાયક નથી તેમ પુરવાર થઈ જાય છે. સાચા, સારા અને યોગ્ય કાયદાઓ પણ કચરાપેટીમાં પધરાઈ જાય છે કારણ કે પ્રજા જાગૃત હોતી નથી. ગાંધીજીએ આઠમી જાન્યુઆરી - ૧૯૨૫ના દિવસે કહ્યું હતું : "જ્યાં પ્રજા ઊંઘતી છે, ત્યાં રાજા રક્ષક મટી ભક્ષક થઈ જવાનો પૂરો સંભવ છે. ઊંઘતી પ્રજાને રાજાનો દોષ કાઢવાનો અધિકાર નથી." સાચી લાયકાત બાબતે ક્યારેય તડજોડ કે વધઘટ કરી શકાય નહીં.

નેતાઓ પ્રજા માટે ઉદાહરણીય બનવા જોઈએ. તેઓ જેવું કહે તેવું જ કરતા હોવા જોઈએ અને જેવું બોલે તેવું જ આચરણ કરતા હોવા જોઈએ. તેમના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોય તો તેવા નેતાઓ ક્યારેય પ્રજાપ્રિય અને સન્માનનીય બની શકતા નથી. જે જે રાષ્ટ્રોએ પ્રગતિ કરી છે તેના પાયામાં કોઈ એક નિઃસ્વાર્થી, પ્રામાણિક, ન્યાયપ્રિય અને મહેનતુ નેતાએ આપેલ બલિદાન રહેલું હોય છે. ત્યાગી, અહિંસક, સત્યપ્રિય અને સ્વાર્પણને વરેલા નેતાઓ જ રાષ્ટ્રને અનોખી ઊંચાઈ બક્ષી શકે છે. તેઓને 'સ્વ'ના વિકાસમાં નહીં 'સર્વ'ની પ્રગતિમાં રસ હોય છે.

ક્રોએસિયન (Croatian) ના પ્રમુખ સુશ્રી કૉલિન્દા ગરબર (Kolinda Garbar) તેમની અદ્ભુત સૌંદર્ય અને સાથી કાર્યકરોને આપેલ નિઃસ્વાર્થ સહકારના કારણે સમાજમાં આદરણીય સ્થાન ધરાવે છે. તેમની સુંદરતાની પાછળ શું રહસ્ય છે તેનાથી લોકો માહિતગાર છે ખરા ? તેઓનો જન્મ ૨૮મી એપ્રિલ, ૧૯૬૮ના દિવસે થયો. તેઓ અંગ્રેજી અને સ્પેનિશ સાહિત્ય સાથે સ્નાતક થયા છે. તેઓએ 'આંતરરાષ્ટ્રીય સંબંધો' ઉપર અભ્યાસ કરી

અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓએ ફુલબ્રાઈટ સ્કૉલરશિપ પ્રાપ્ત કરી છે. હાર્વર્ડમાં જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટીમાં અને જહોન હોપકીન્સ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. ૨૦૧૫માં ૪૬ વર્ષની ઉંમરે પ્રમુખ બન્યા. તેમને 'આંતરરાષ્ટ્રીય સંબંધો' વિશે પીએચ.ડી.નો અભ્યાસ શરૂ કર્યો. માત્ર તેઓના સૌંદર્યથી અંજાઈ જવાની સહેજ પણ જરૂર નથી કારણ કે તેઓ તો પૂર્વ - આર્મી કમાન્ડો પણ રહી ચૂક્યા છે. વળી એક ઉત્તમ નિશાનબાજ પણ છે. ૨૦૦૭ થી ૨૦૧૧ સુધી અમેરિકામાં તેમના દેશના રાજદૂત તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. ત્યારબાદ નાટો (NATO - North Atlantic Treaty Organization) માં 'પ્રજાની રાજનીતિ' બાબતમાં મદદનીશ સેક્રેટરી જનરલનું પદ શોભાવી ચૂક્યા છે. આ પદ ઉપર પહોંચનાર તેઓ પ્રથમ મહિલા હતા. આ પદેથી અફઘાનિસ્તાનની અનેકવાર મુલાકાત લઈ ત્યાં રહેતા નાટોના સૈનિકોનો નૈતિક જુસ્સો વધારવાનો તેઓએ વારંવાર પ્રયત્ન કર્યો છે. નાટોના વર્તુળમાં તેઓ સ્વામ્બો (SWAMBO - She Who Always Must Be Obyed) તરીકે પ્રખ્યાત છે. તેઓ નિયમોનું પાલન કરવામાં ચુસ્તતા જાળવે છે. તેઓ શિસ્ત અને ત્યાગનું આચરણ પોતાના ઉદાહરણ દ્વારા પૂરું પાડતા રહ્યાં છે. ક્રોએસિયન રમતવીરોની રમત જોવા માટે રશિયા ગયા ત્યારે વિમાનમાં ઈકોનોમી ક્લાસમાં તેઓએ સ્વખર્ચે પ્રવાસ કર્યો. તેઓએ ક્રોએસિયન જર્સી પહેરી હતી. વીઆઈપી બોક્સમાં બેસવાના તમામ નિયમોને ગણકાર્યા વિના પ્રેક્ષકો સાથે જાહેરમાં બેઠા હતા. પરસેવાથી રેબઝેબ ગ્રીન રૂમમાં બેઠેલા ક્રોએસિયન રમતવીરોને અભિનંદન આપતાં તેમને તેઓ ભેટી પડ્યા. તેઓ અસ્ખલિત રીતે ક્રોએસિયન, ઈંગ્લિશ, સ્પેનિશ અને ડેનિશ ભાષા બોલી શકે છે. વળી તેઓને જર્મન, ફ્રેન્ચ, રશિયન અને ઈટાલિયન બોલવાનું પણ ગમે છે. તેઓ પુટીન સાથે રશિયન ભાષામાં અને મેક્રોન સાથે ફ્રેન્ચ ભાષામાં વાતચીત કરતા હતા. ટૂંકમાં એટલું કહી શકાય કે લોકો આવા નેતાને સ્વીકારે છે કે જેઓ અત્યંત તેજસ્વી, પુખ્ત અને પ્રેરણાદાયી હોય. ભારતદેશ આવા વધુ નેતાઓની આતુરતાપૂર્વક રાહ જુએ છે.

જીવનનો ઉત્તમ સમય યુવાનીનો છે. બંને ઉદાહરણો સ્પષ્ટ સમજાવે છે કે જે પોતાની જવાબદારી પ્રત્યે જાગૃત છે તે જ કંઈક પ્રાપ્ત કરી શકે છે અને અર્પણ કરી શકે છે. જીવન માત્ર ભોગવવા માટે જ નથી. જીવનમાં અર્પણનું મહત્ત્વ આગવું અને અનોખું છે. જે યુવાન પુખ્ત છે તે જ બધું સમજી શકે છે. પ્રૌઢતા પ્રાપ્ત કરવાનું સરળ નથી પરંતુ એકવાર તે મળી જાય તો તમામ સમસ્યાઓનો ઉકેલ શક્ય બને છે. પ્રત્યેક વ્યક્તિ 'સ્વામ્બો બને તો ?'

**આચમન :**

**"દૂરથી એક સ્મિત લહેરાયું અમે જોતાં રહ્યાં,**
**આંખમાં એક સ્વપ્ન અંજાયું અમે જોતાં રહ્યાં,**
**મૂલ્ય ને સિદ્ધાંત ને સચ્ચાઈ ને એવું બધું,**
**કોડીઓના દામ વેચાયું અમે જોતાં રહ્યાં."**
**— અશોક જાની (આનંદ)**

# પંચોત્તેરનાં પગરણ

**હંસાબહેન દેસાઈ**

પ્રભાતના આ મંગલ ટાણે પંચોત્તેરનાં પગરણ
સરસ્વતીને આંગણ કેવાં છલકે સૌનાં અંતર
રઘુકુળ રીતે મનભર વહેતી વિદ્યાની સરવાણી
ભાવનગરની ભાવના વરસે અષાઢી અંબરથી
એક સમે મેં આ ભૂમિ પર પર દીધો હતો જ્યારે
સાંધ્યનભની એ રેખામાં રંગ પૂર્યા ઉષાએ
એક ક્ષિતિજના અવલોકનથી ઉઘડી અંતરબારી
જીવનપંથને અજવાળે આ જ્ઞાનની ગરવી જ્યોતિ
વહેતી રાતે માધુકરીનો રંગ રંગ મેળો જામે
સ્પંદિત બનતી ઉરની વાણી વિદ્યાના આ ધામે
સ્મરણિકાના સંગે સ્ફૂરતી મનની ઊર્મિલ વાતો
પળપળમાં અંકુરિત બનતી વિદ્યાની મિરાતો

# એક નવોદિત શિક્ષિકાની તપસ્યા અને સહિષ્ણુતા

**જયશ્રી**

ડિઝાયર હોમ, ૭ સેન્ટ લૂઈસ સ્ટ્રીટ, પોંડિચેરી-૬૦૫૦૦૧.

આ જમાનામાં શિક્ષણ એક મોટો વ્યવસાય થઈ ગયો છે. તે છતાંય હજુ એવા શિક્ષકો છે જેઓ વિદ્યાર્થીઓને સમર્પિત છે અને ફક્ત એમનું જ શ્રેય વાંચ્છે છે.

એરિન એવી જ એક શિક્ષિકા છે, જેણે દિવસરાત જોયા વગર નઠારા અને વંઠેલ કિશોરોને કેળવ્યા અને શિક્ષિત કર્યા, શિસ્તબદ્ધ કર્યા. જે કિશોરો માટે કહેવાતું કે એ લોકો કશાયને લાયક નથી. (Good for nothing) એકાદ-બે વર્ષમાં drop out થઈ જશે, એવાઓને એણે ચાર વર્ષની અંદર હાઈ સ્કૂલ પાસ કરાવીને યુનિવર્સિટીના ઉંબરે પહોંચાડી દીધા.

આ કેવી રીતે થયું ? સ્કૂલવાળાઓને તો ચમત્કાર જેવું લાગ્યું. ૧૫ ઑગસ્ટ ૧૯૬૯માં જન્મેલી એરિનનું સ્વપ્ન હતું વકીલ થવાનું પણ વિધિએ એને માટે કશું બીજું જ નીમ્યું હતું. ૧૯૯૧માં લોસ એન્જલસમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. રોડની કિંગ નામના અશ્વેત કાર્યકરને સિપાઈઓએ મારી નાખ્યો હતો. એટલે અશ્વેતો ઊકળી ઊઠ્યા અને બંદૂક કે જે પણ હથિયાર હાથમાં આવ્યું તે લઈને શ્વેતો પર તૂટી પડ્યા. બંને બાજુથી ઘણા માર્યા ગયા અને ઘાયલ થયા. આ બધું એરિને ટીવી પર લાઈવ જોયું અને એનું દિલ દ્રવી ઊઠ્યું અને એણે તત્ક્ષણ નક્કી કર્યું કે એ વકીલ નહીં પણ શિક્ષિકા થશે. પિતાએ, મિત્રોએ બહુ જ સમજાવી પણ એ એકની બે ન થઈ. રંગભેદ, જાતિભેદને લીધે આ બાળકો ભણી નહોતાં શકતાં અને આમતેમ રખડતાં રહેતાં, મારપીટ કરવી, ચોરીચપાટી કરવી, ગંદી ગાળો બોલવી એ બધું જાણે એમના જીવનમાં વણાઈ ગયું હતું.

એરિને બીજે જ દિવસે બી.એડ.નો કોર્સ જોઈન્ટ કર્યો અને ૧૯૯૪માં એને કેલિફોર્નિયાની વુડરોડ વિલ્સન હાઈ સ્કૂલમાં નોકરી મળી ગઈ. આ સ્કૂલ કોઈ પણ જાતના ભેદભાવ વગર બધાં બાળકોને એડમિશન આપતી હતી એટલે એરિને વિચાર્યું કે આ સ્કૂલ એને માટે આદર્શ રહેશે. પણ થોડા જ દિવસોમાં એને સચ્ચાઈની ખબર પડી કે બધું ધતિંગ છે. અહીં કિશોરો વચ્ચે ઘણો જ ભેદભાવ વર્તાય છે એ જોઈને એ ખૂબ વ્યથિત થઈ ગઈ. અહીં મોટા ભાગના વિદ્યાર્થીઓ અમેરિકન-આફ્રિકન અથવા એશિયન્સ કે બેટિનોસ (બેટિના) હતા. આ કિશોરો માટે સ્કૂલ બહુ જ સહીસલામત જગ્યા હતી, કારણ કે એ લોકો જ્યાં રહેતા હતા ચાલીઓમાં કે સ્લમ્સમાં ત્યાં આડોસપડોસમાં બહુ જ ઝઘડા થતા અને એમની પાસે પિસ્તોલ કે બંદૂક હોય તો ખૂન કરતાં પણ ગભરાતા નહીં.

એરિન તાજેતરમાં નવી નવી શિક્ષિકા થઈ હતી એટલે એને એવો વર્ગ આપવામાં આવ્યો જેમાં કિશોરવયનાં બાળકો હતાં, મોટા ભાગે અશ્વેત. એમને ભણવામાં રુચિ ન હતી, મોટા ભાગે મંદબુદ્ધિવાળા ડ્રોપ આઉટ્સ વિદ્યાર્થીઓ હતા જેમનામાં શિસ્તનો છાંટો પણ ન હતો. એ લોકો ઉદ્ધત, લાગણીહીન હતા. કેટલાક તો જ્યુવેનાઈલ (કિશોરો માટેની જેલ)માં પણ જઈ આવ્યા હતા.

એરિનને નાત, જાત, રંગભેદનો કોઈ પૂર્વગ્રહ નહોતો. પહેલો દિવસ એરિન માટે દુઃસ્વપ્ન જેવો હતો. એ વહેલી આવી ગઈ હતી અને પાટિયા પર પોતાનું નામ એરિન ગ્રુવેલ (Erin Gruwell) લખી દીધું હતું અને ભણાવવાનો વિષય અંગ્રેજી જેથી દાખલ થનાર દરેક વિદ્યાર્થી વાંચી શકે. શિસ્તહીન બાળકોમાં એટલી પણ તમીઝ ન હતી કે વર્ગમાં દાખલ થવાની પરવાનગી માગે કે ગુડ મોર્નિંગ વિશ કરે. જેમ જેમ બાળકો આવતાં ગયાં તેમ તેમ પોતાનાં ખુરશી-ટેબલ પર ગોઠવાઈ ગયાં અને કલબલ શરૂ થઈ ગઈ. જ્યારે ઘંટ વાગ્યો ત્યારે થોડી વાર શાંતિ રહી અને એરિને આ સેમિસ્ટરના સિલેબસ વિતરણ

કર્યા. શાંતિથી સિલેબસ વાંચવાને બદલે છોકરાઓ હસાહસી કરવા લાગ્યા, ખુરશીઓ પર ડોલવા લાગ્યા તો વળી કેટલાક વિદ્યાર્થીઓ પેન્સિલથી ટેબલ પર તબલાં વગાડવા લાગ્યા. કેટલાક મોબાઈલ કાઢીને રમવા લાગ્યા. કેટલાક ટેબર પર માથું મૂકી બગાસાં ખાવા માંડ્યા. છોકરીઓ પોતાનો મેકઅપ ઠીકઠાક કરવામાં પડી. એક છોકરાએ તો હદ કરી, સૂચિપત્રનું વિમાન બનાવીને એરિન પર તાક્યું પણ એરિન સમયસર ત્યાંથી ખસી ગઈ એટલે વાગ્યું નહીં. એ ખામોશ રહી, કોઈ જાતની પ્રતિક્રિયા ન આપી એટલે પેલો છોકરો બહુ નિરાશ થઈ ગયો અને મોટે મોટેથી બેસૂરું ગાવા લાગ્યો. એ અભ્યાસક્રમ સમજાવતી હતી ત્યારે પણ છોકરાઓ શાંત ન જ રહ્યા અને એનો અવાજ ઘોંઘાટમાં ડૂબી જતો હતો. એરિને બી.એડ. કર્યું હતું અને વર્ગને કેવી રીતે કાબૂમાં રાખવો તે પણ જાણતી હતી પણ અહીં પરિસ્થિતિ વિપરીત હતી, ક્લાસ તદ્દન બેકાબૂ હતો. પહેલે દિવસે એણે કોઈ જાતનું રીએક્શન ન આપ્યું, બસ સહિષ્ણુતાથી આ વંઠેલ કિશોરોને જોઈ રહી. પહેલો દિવસ પૂરો થયો. વિદ્યાર્થીઓ શંકાશીલ હતા. એકે કહ્યું કે આ શ્વેત ટીચર પોતાની જાતને બહુ સુપિરિયર માને છે, પણ જોજોને એ બે દિવસથી વધુ નહીં ટકે. બીજાએ કહ્યું કે હું ચેલેન્જ કરું છું કે એ અઠવાડિયામાં કંટાળીને ચાલી જશે, તો ત્રીજાએ કહ્યું કે ચાલો આપણે એને એક મહિનાનો સમય આપીએ. પણ એરિન ટકી રહી. શ્રોડ નામનો એક વિદ્યાર્થી જે અશિસ્ત માટે જાણીતો હતો. તે એક દિવસ બાસ્કેટ બોલથી રમતો રમતો વર્ગમાં દાખલ થયો અને વટથી એક નજર એરિન તરફ કરી અને પોતાના ટેબલ પર જતો રહ્યો. શ્રોડ આમેય ઉદ્ધત હતો. આગલા ટીચરો સાથે બહુ જ અસભ્ય રીતે વર્તતો. એમને ધમકાવતો, ઘાંટાઘાંટી કરતો, પરિણામે શ્વેત કે અશ્વેત ટીચરો થોડા વખતમાં બીજે ચાલી જતા. એણે નક્કી કર્યું કે એ એક દિવસ એરિનને રડાવશે ત્યારે જ જંપશે. પણ હાય હાય રે નસીબ ! જે એરિનને એ રડાવવા માગતો તે જ એરિન એની વહારે ધાઈ.

બન્યું એવું કે એક દિવસ એક વિદ્યાર્થીએ શ્રોડનું કાર્ટૂન દોર્યું જેમાં એણે શ્રોડના ખૂબ મોટા અને જાડા હોઠ બતાવ્યા હતા. આ કાર્ટૂન હાથોહાથ વિદ્યાર્થીઓ અંદર અંદર પસાર કરવા લાગ્યા અને વર્ગમાં હસાહસી થઈ રહી. છેવટે એ કાર્ટૂન એરિનના હાથમાં આવ્યું. થોડીવાર હસવાનું ખાળીને એ કાર્ટૂનને જોઈ રહી અને પછી ખૂબ જ ગંભીરતાથી વિદ્યાર્થીઓને પૂછ્યું, “બાળકો, તમે જાણો છો આવી જાતનાં કાર્ટૂનો કોણ બનાવતા ?” બાળકો ચૂપ. પછી એરિને એમને સમજાવ્યું કે જર્મનીના નાઝીઓએ આવાં કાર્ટૂન બનાવીને પોતાનો પ્રચાર કર્યો અને જ્યૂ (Jews) જાતિનો સમૂળગો વિનાશ કર્યો. “હોલોકોસ્ટ (holocaust) એટલે શું તમને કોઈને ખબર છે ?” કોઈનો પણ હાથ ઊંચો ન થયો. એરિને ચાલુ રાખ્યું, “ઠીક, મને કહો, તમારામાંથી કેટલાને બંદૂકના નિશાના બનાવવામાં આવ્યા હતા ?” લગભગ ૮૦ ટકા વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા.

એરિનને લાગ્યું કે એ લેસન તૈયાર કરવામાં કેટલો સમય આપે છે અને કાળજીપૂર્વક તૈયાર કરે છે પણ આ બધું કંઈ કામનું નથી. આ બાળકોને જિંદગીના પાઠ પઢાવવા પડશે. એટલે એ એવી એવી ચોપડીઓ શોધી લાવી જેમાં બાળકો એ પાત્રો સાથે એકરૂપ થઈ શકે અને સમજી શકે કે એ લોકોએ જ દુ:ખ વેઠ્યાં છે એવું નથી. બીજાં બાળકોએ પણ ઘણું સહ્યું છે એટલે તેમની સાથે સહાનુભૂતિ થતી. એરિને એ પણ ફીલ કર્યું કે ક્લાસની ચાર દીવાલોમાં ગોંધાઈને બાળકોને ભણવાનું ન જ ગમે. એટલે એણે એક નવલ પ્રયોગ કર્યો. બાળકોને કહ્યું કે “હું અઠવાડિયામાં એક વાર તમને પાર્ક કે મ્યુઝિયમ એવે એવે ઠેકાણે લઈ જઈશ, પણ એક શરતે બીજે દિવસે તમે જે જે જોયું, અનુભવ્યું એ વિશે લખવાનું. વિદ્યાર્થીઓ તો હોંશે હોંશે તૈયાર થઈ ગયા અને શરૂ થયો એરિનનો પ્રયોગ. કરાર પ્રમાણે એ લોકોએ અઠવાડિયામાં એ લખાણ આપવાનું હતું નહીં તો બીજું આઉટિંગ નહીં થાય. વિદ્યાર્થીઓએ તો ચાર દિવસમાં પોતાનાં લખાણો આપી દીધાં. એમાંથી ૮-૧૦ જે સારાં હતાં તે એણે વર્ગમાં વાંચી

સંભળાવ્યાં. જેમનાં લખાણો વખણાયાં અને વંચાયાં તે વિદ્યાર્થીઓ તો બહુ ખુશ. આને લીધે છોકરાંઓમાં લખવાની ચાનક ચઢી.

બીજો પ્રયોગ એણે વાર્તાઓ દ્વારા કર્યો. એથી એવી ચોપડીઓ શોધી લાવી જેમાં આ બાળકોને ખબર પડે કે દુનિયામાં પણ કેટલા કિશોરો દુ:ખી છે. આ વાર્તાઓ પરથી એણે વિદ્યાર્થીઓને નાનાં નાનાં નાટક ભજવવાનું કહ્યું, ફક્ત ક્લાસમાં જ. આમાં પણ બાળકોનો ઉત્સાહ અને રચનાશક્તિ ઊભરી આવ્યાં. એક દિવસ એરિન એક ચોપડી લઈ આવી જેમાં એક આફ્રિકન અમેરિકન છોકરો આ લોકો જેવો જ દુ:ખી હતો, હડધૂત થતો હતો. વિદ્યાર્થીઓને એ વાર્તા ઘણી ગમી ગઈ એટલે એરિને એમને કહ્યું કે આના પરથી ૧૦ મિનિટની એક નાનકડી ફિલ્મ બનાવો. વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા અને એરિનની મદદથી ફિલ્મ બનાવી. જ્યારે બીજા વર્ગોમાં એ ફિલ્મ બતાવવામાં આવી ત્યારે બધા જ ખૂબ છક્ક થઈ ગયા અને કહેવા લાગ્યા વાહ, એરિનના વિદ્યાર્થીઓ આવું પણ કરી શકે !

પહેલું દુ:સ્વપ્ન જેવું સેમિસ્ટર પૂરું થયું. રજાઓમાં એરિન પેરિસ ફરવા ગઈ હતી. ત્યાં એની મુલાકાત એક પુરાણા સહવિદ્યાર્થી સાથે થઈ. એ પણ પેરિસ ફરવા આવ્યો હતો અને જોગાનુજોગ એ જ હોટેલમાં રહેતો હતો. બંને સવારના નીકળી પડતાં અને જુદાં જુદાં સ્થળો જોતાં. એરિનના પંદર દિવસ બહુ જ આનંદમાં વીત્યા અને એમણે નક્કી કર્યું કે કેલિફોર્નિયા પાછાં જઈને લગ્ન કરીશું.

થોડા દિવસમાં જ બીજું સેમિસ્ટર ચાલુ થવાનું હતું એટલે એ બંનેએ તે પહેલાં જ લગ્ન કરી લીધું. સ્કૂલ ખૂલ્યા પછી એરિન જ્યારે વર્ગ લેવા આવી ત્યારે એનો પતિ પણ એની સાથે હતો અને બંને પુષ્કળ કેન્ડીઝ, નાની કેક્સ વગેરે લઈ આવ્યાં હતાં. બાળકો એના પતિ સાથે ખૂબ સભ્યતાથી વર્ત્યાં. એરિન બહુ જ આનંદમાં હતી.

બીજું સેમિસ્ટર શરૂ થયું. હવે વિદ્યાર્થીઓ પણ થોડા શિસ્તબદ્ધ થયા હતા અને વાંચવામાં રસ ધરાવતા હતા. એરિનની એક ફ્રેન્ડ બુકશોપમાં કામ કરતી હતી એટલે એરિન પડતર ભાવે બાળકોની રુચિનાં પુસ્તકો ખરીદી લાવતી. એક દિવસ એરિન એમને એક ડોક્યુમેન્ટરી ફિલ્મ જોવા લઈ ગઈ. તેમાં બે કિશોરોને બાસ્કેટબોલ રમવાનો ખૂબ જ શોખ હતો. એ લોકો પણ અશ્વેત હતા અને આ વિદ્યાર્થીઓની જેમ જ ચાલીઓમાં ઊછરેલા.

એ લોકોને બાસ્કેટબોલ રમવાની એટલી ધગશ હતી કે ગમે તેટલાં અપમાનો, કષ્ટો વેઠીને પણ એ લોકો ટકી રહ્યા. એમની ખંત અને મહેનત જોઈને છેવટે કોચે એમને ટીમમાં લીધા. એ લોકોને લીધે ટીમ જીતી ગઈ અને સ્કૂલને ચૅમ્પિયનની ટ્રોફી મળી.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ એરિનના પૂર્વગ્રહો ઓછા થતા ગયા. સહિષ્ણુતા અને પ્રેમ એ જ એનો શિક્ષણ મંત્ર બની ગયો. એક દિવસ વિદ્યાર્થીઓને એક ઉચ્ચવર્ગીય થિયેટરમાં લઈ ગઈ, ઑસ્કાર વિનિંગ ફિલ્મ ‘schindler’s list’ જોવા. જેવા આ છોકરાઓ થિયેટરમાં દાખલ થયા કે ત્યાં બેઠેલી સ્ત્રીપ્રેક્ષકો પોતાનાં ઘરેણાં સાચવવા લાગી અને પોતાનાં પર્સીસ જોરથી દાબીને પકડી રાખ્યાં. એ સ્ત્રીઓની પ્રતિક્રિયા જોઈને એરિન દંગ થઈ ગઈ. બીજે દિવસે આ શરમજનક સમાચાર છાપાંઓમાં મોટા અક્ષરે છાપવામાં આવ્યા. એરિનને ધમકીભર્યા ફોન આવવા માંડ્યા કે જો કાળિયાઓ માટે આટલો લગાવ છે તો પરણી જા કોઈ કાળિયાને ! એરિન ચૂપ રહેતી અને પેલા લોકો બબડતાં બબડતાં ફોન બંધ કરી દેતા.

અત્યાર સુધી એરિન વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે બહાર લઈ જતી, કારણ કે એ નવીસવી એટલે સ્કૂલવાળા એને બહુ સપોર્ટ નહોતા કરતા. આથી એરિને ફાજલ સમયમાં પાર્ટ ટાઈમ જોબ કરવા માંડી હતી. જ્યારે પિતા અને પતિને એ ખબર પડી ત્યારે બન્નેએ એને બહુ સમજાવી કે તું આ બધી માથાફોડ છોડ અને બીજાઓની જેમ જ ભણાવ. એરિને બંનેને સમજાવવાની બહુ કોશિશ કરી કે આ બાળકો જુદી જાતનાં છે અને એમને જુદી રીતે

ભણાવવાં પડશે.

છાપામાં સમાચાર છપાયા પછી એરિનને એક ફાયદો થયો. થોમસ કેનીઅલી (Thomas Kenyally) જે ફિલ્મનો લેખક હતો એણે છાપામાં સમાચાર વાંચી એરિનને કોન્ટેક્ટ કર્યો અને એક દિવસે એના આખા વર્ગને આમંત્રિત કર્યો, જેમાં એ ફિલ્મના સુપ્રખ્યાત ડિરેક્ટર, સ્ટીવન સ્પીલબર્ગ પણ આવ્યા હતા. આ વિદ્યાર્થીઓને મળીને સ્ટીવન ખૂબ જ પ્રભાવિત થયા અને એરિનને અભિનંદન આપ્યા કે આ એની તપસ્યાનું અને ધીરજનું ફળ છે કે એક વખતના વંઠેલ કિશોરો આટલા સભ્ય થઈ ગયા છે અને ભણતા થયા છે.

એરિનને એક બીજો મોટો ફાયદો એ થયો કે સમાચાર વાંચીને જોન ટ્યુ નામના એક કરોડપતિએ જ્યારે જાણ્યું કે એરિન છોકરાઓને બહાર લઈ જવા માટે પાર્ટ ટાઈમ જોબ કરે છે એણે એરિનનાં સાહસ અને લગનને બહુ બિરદાવ્યાં અને હવેથી બાળકોનો બહાર જવાનો ખર્ચો તેઓ જ આપશે એની ખાતરી આપી. વળી એણે વર્ગને માટે ઘણાં બધાં કમ્પ્યૂટરો પણ આપ્યાં જેથી બાળકો આસાનાથી લખી શકે અને સ્પેલિંગ સુધારી શકે.

આવા સનસનાટીભર્યા સમાચાર છાપાંઓમાં તો આવે જ ને ! એરિનને મળેલું સન્માન અને કદરદાનીની વાતો વાંચીને સ્કૂલની કેટલીક ટીચરો ઈર્ષ્યાથી સળગી ઊઠી અને જઈને પ્રિન્સિપાલને ફરિયાદ કરી. એટલે એમણે એરિનને કહ્યું કે "તને જે જોઈતું હશે તે સ્કૂલ તરફથી મળશે પણ તું આવા સ્ટંટ કરવાનું છોડી દે. એથી અમારી સ્કૂલની બદનામી થાય છે."

ઘણાને એમ લાગતું હતું કે એરિન આ બાળકો પાછળ પોતાનો સમય બગાડે છે. આ બાળકો કંઈ ભણવા-ગણવાનાં નથી પણ એરિને મક્કમ રહી ધીરજ અને સહિષ્ણુતાથી પોતાનું કામ ચાલુ રાખ્યું. એ સમજતી હતી કે કિશોરો કુમળી વયના છે. નાદાન છે, માર્ગ ભૂલ્યા છે. એટલે એમની સાથે જ ટકી રહેવા માગતી હતી. બાળકો જેટલાં હઠીલાં હતાં એરિન પણ એટલી જિદ્દી હતી. એનો અભિગમ બહુ જ પોઝિટિવ હતો. એણે જોયું કે બાળકો બુદ્ધિશાળી છે અને એમને ગમતી પ્રવૃત્તિમાં એ લોકો ઘણું સારું કામ કરતાં હતાં.

હવે વિદ્યાર્થીઓ લખતાંવાંચતાં થયા હતા એટલે એરિને એમને એક એક ડાયરી તથા બોલપેન આપ્યાં જેમાં એ લોકોએ એમની જિંદગીમાં શું શું બન્યું, એમણે શું શું વેઠ્યું એ બધું લખવાનું હતું. એક વિદ્યાર્થીએ લખ્યું કે "અમારે ઘર જેવું કશું હતું જ નહીં. આજે અહીં તો કાલે ત્યાં વણજારાની જેમ ભટકતા હતા, છેવટે એક ચાલીમાં જગ્યા મળી અને અમે જરા ઠરીઠામ થયા. તોય ખાવાપીવાનાં તો ફાંફાં જ હતાં. અમને સરકાર તરફથી કંઈ મળતું નહોતું, કારણ કે અમે સિટિઝન નહોતા. બાપ દારૂડિયો એટલે ઢીંચીને પડ્યો રહે. મા બિચારી દિવસપાળી અને રાતપાળીની ડ્યૂટીઓ કરે ત્યારે અમને કંઈક ખાવાનું મળે."

આ બધાં લખાણો એટલાં હ્રદયસ્પર્શી હતાં કે એરિનનું હ્રદય દ્રવી જતું. એનું બાળપણ તો સુખસાહ્યબીમાં અને રમતગમતમાં વીત્યું હતું. આવી તો એણે કદી કલ્પના પણ નહોતી કરી. આ બાળકો પ્રત્યે એની સહાનુભૂતિ વધી ગઈ અને ધીમે ધીમે પ્રેમનો સેતુ બંધાયો. બાળકોનાં લખાણો એરિન તાળાચાવીમાં બંધ રાખતી. જો કોઈ બહુ જ સારું લખાણ હોય તો ક્લાસમાં વાંચતી પણ નામ ગુપ્ત રાખીને. આ બધાં લખાણો લખવાથી જાણે એમના આત્માને શાંતિ મળી, જિંદગીના ઘા રુઝાવા લાગ્યા. જાણે બધું જ ઝેર ઓકી કાઢ્યું અને હળવાં થઈ ગયા.

બીજું સેમિસ્ટર પણ પૂરું થવા આવ્યું હતું. કેટલાક ઈર્ષ્યાળુ ટીચરોની ટીકાથી કંટાળીને એરિને આ સ્કૂલ છોડવાનું નક્કી કર્યું. એ પ્રિન્સિપાલને રાજીનામું આપવા ગઈ. તેઓ ખૂબ જ નવાઈ પામ્યા. એમણે કહ્યું, "બે સેમિસ્ટરમાં તેં બાળકોમાં ઘણો જ સુધારો અને શિસ્ત આણ્યાં છે. તારું કામ, તારી ધગશ બધાએ જ વખાણી છે અને હવે તું છોડી જશે તો બાળકોનું શું થશે ? એ લોકો તો દુઃખી દુઃખી થઈ જશે અને તેં જે આટલો સુધારો આણ્યો

છે એ બધા પર પાણી ફરી જશે. કોઈ થોડા અદેખા ટીચરોથી ગભરાઈને તું ચાલી જશે તો બાળકોનું ભવિષ્ય બગડી જશે. અમે બધા તારી સાથે છીએને ! હવે તો સમાચારપત્રોમાં પણ તારા આ નવલ પ્રયોગની ચર્ચા થાય છે અને તને કેટલા બધા લોકો સપોર્ટ કરવા આગળ આવ્યા છે તે તું કેમ ભૂલી જાય છે ? માટે તારું રાજીનામું પાછું લઈ લે. તને ખબર છે આવતા સેમિસ્ટર માટે પણ એ લોકોએ તારું જ નામ આપ્યું છે !''

એરિનને પણ લાગ્યું કે બાળકો માટે એણે જે મહેનત કરી છે તે બધી વ્યર્થ જશે. બાળકો પણ નિરાશ થઈ જશે અને અમારી વચ્ચે હવે જે લાગણી અને પ્રેમનો સેતુ બંધાયો છે તે તૂટી જશે અને બાળકોનો જીવનમાંથી વિશ્વાસ ઊઠી જશે. આમેય તો બિચારાં ત્રસ્ત અને દુઃખી છે એમાં હું પણ છોડી દઈશ તો એ લોકોનું ભવિષ્ય જોખમાઈ જશે. ભલે એક બીજું વર્ષ એમની સાથે ખેંચી કાઢીશ અને એ લોકો હાઈ સ્કૂલ પાસ કરી અને આગળ ભણતાં થાય એ જોઈશ.

સેમિસ્ટર શરૂ થયું. એરિનને એક ખૂબ સરસ ચોપડી હાથ લાગી ગઈ. Diary of Anne Frank: The diary of a young girl - એન ફ્રેન્ક નામની એક કિશોરીની ડાયરી મળી જે એણે પોતાના કોર્સમાં શામિલ કરી. ત્યારબાદ એ ઝલાટા ફિલિપોવિક એ પણ એક કિશોરી હતી જેણે બોસ્નીઆની લડાઈમાં (war of Bosnia) ખૂબ વેઠ્યું, ભયંકર યાતનાઓ સહી, એ બધું એનની ડાયરીમાં હતું. આ ચોપડી વાંચીને કિશોરોનું અંતર દ્રવી ગયું. એમને ખબર પડી કે દુનિયામાં અમે જ દુઃખ નથી વેઠ્યાં, બીજાઓએ તો અમારાથી પણ વધારે કષ્ટો વેઠ્યાં છે. એન અને ઝલાટા જાણે એમના જીવનમાં વણાઈ ગયાં. એનનું તો બલિદાન થઈ ગયું પણ ઝલાટા હજુ જીવતી હતી. એક જર્મન મહિલા મીએપ ગીઝ જેણે આ કિશોરીઓને પોતાના ઉપરના માળિયામાં આશરો આપ્યો હતો તે પણ જીવતી હતી. જ્યારે વિદ્યાર્થીઓને ખબર પડી કે મીએપ અને ઝલાટા જીવતાં છે તો એ લોકો એરિનની પાછળ પડી ગયા કે અમને એમનું સરનામું આપો અમે એમને પત્ર લખીશું કે આપણે ત્યાં આવે. આ સાંભળીને એરિન બહુ જ ખુશ થઈ અને બે દિવસમાં જ મીએપનું સરનામું શોધી લાવી. ઘણાં બધાં બાળકોએ પત્રો લખ્યા અને એરિને પોતાના પત્ર સાથે એ પોસ્ટ કર્યા. મીએપ એમસ્ટરડમમાં રહેતી હતી અને એરિને એને કેલિફોર્નિયામાં આવવાનું આમંત્રણ આપ્યું જેનો બધો ખર્ચો એરિનના એક દાતાએ કર્યો. જોગાનુજોગ એ જ વર્ષે એન ફ્રેન્કની ડાયરીનું ૫૦મું વર્ષ હતું. એણે બાળકોને હોલોકોસ્ટની વાતો કરી, કેવી રીતે આ નાઝીઓ જ્યુ લોકોને યાતનાઓ આપતા હતા અને છેવટે એકસાથે ઘણા બધાને એક હોલમાં પૂરીને બધાં બારીબારણાં બંધ કરીને ગેસ છોડતાં લોકો રિબાઈ રિબાઈને મરી જતા. એણે એ પણ કહ્યું કે એણે એન ફ્રેન્કના કુટુંબને ઉપર માળિયામાં સંતાડી રાખ્યું હતું અને જ્યારે પણ પોલીસ એને પકડવા આવે ત્યારે એમને થોડા પૈસા આપીને ભગાડી મૂકતી પણ છેવટે એ લોકો બધાયને પકડીને લઈ ગયા. એનની બધી વસ્તુઓ લઈ ગયા પણ ઈશ્વરેચ્છાથી એનની ડાયરી બચી ગઈ હતી જે મેં અમેરિકાના પ્રકાશકોને છાપવા આપી. ૧૯૪૬ની વાત છે. ચોપડી ધૂમ વેચાઈ અને હજુ પણ વેચાય છે. આજે હું તમારી સામે છું, કારણ કે આજે એ ચોપડીનાં ૫૦ વર્ષ પૂરાં થાય છે. મીએપની વાતોથી બાળકો બહુ જ રોમાંચિત થયાં અને ભગવાનનો પાડ માન્યો કે એ લોકોને એવી રીતે માળિયામાં નથી રહેવું પડ્યું. આ ક્લાસરૂમ-૨૦૩ અમારે માટે અત્યંત સહીસલામત છે અને એરિન મૅડમ અમારાં ગોડ મધર છે.

સમાચારપત્રોએ મીએપના આવવાની નોંધ લીધી અને બાળકોને બહુ બિરદાવ્યાં. જુદાં જુદાં શીર્ષકો આપીને લખતાં ''રચનાત્મક લખાણોએ બાળકોને સાહિત્યમાં રુચિ લેતા કર્યા.'' કોઈએ લખ્યું ''કિશોરો પોતાનો ત્રસ્ત ભૂતકાળ ભૂલીને સહિષ્ણુતાના સંદેશવાહક બન્યા છે.'' એરિન ગ્રુએલે તો કોલસામાંથી હીરા બનાવ્યા. આ બધું વાંચીને કેટલીક ટીચરો ઈર્ષ્યાથી સળગી ઊઠતી અને એરિન

વિશે ગમે તેમ બોલતી.

મીએપ આવી તેને આગલે દિવસે એરિને એક બીજાં બહેન ગેરડો સીએફર (Gerdo Siefer) જે આ હોલો કોસ્ટમાંથી બચીને નીકળ્યાં હતાં તેમને બોલાવ્યાં. આ ગેરડો સીએફરે પોતાને એક કોટડીમાં બંધ કરી દીધી હતી જેમાં બારી પણ નહોતી, સીધા ઊભા રહેવાની જગ્યા પણ નહોતી. બેત્રણ દિવસ પછી એ નીકળી અને લપાતીછુપાતી એક ચર્ચમાં ઘૂસી ગઈ. સિસ્ટરે એને જોઈ અને નવડાવી, ધોવડાવી, જમાડીને એક રૂમમાં સુવાડી દીધી. ત્યાં એ દોઢ દિવસ સૂતી. એ જાગી ત્યારે સિસ્ટરે એને ગરમ ગરમ સૂપ પીવડાવ્યો જેથી એને શક્તિ આવી અને પોતાની કથની કહી સંભળાવી.

જ્યારે મીએપ બીજે દિવસે આવી ત્યારે બાળકો અત્યંત ઉત્સાહિત હતાં અને એનું ભાવભર્યું સ્વાગત કર્યું. સવાલ ઉપર સવાલ પૂછ્યે જ જતાં હતાં. છેવટે મીએપે કહ્યું કે તમે શાંત થઈ જાઓ, હું તમને અથથી ઈતિ સુધી બધું કહીશ. કિશોરો શાંતિથી બેઠા અને મીએપે એમને સઘળું સવિસ્તર સમજાવ્યું. ઉપરાંત કહ્યું કે હોલોકોસ્ટ તો કેટલાક નાઝીઓએ સર્જેલો પણ આમ અમારી જર્મન પ્રજા બહુ જ ભલી છે. માટે થોડા નાઝીઓને લીધે તમારે બધા જર્મનોનો તિરસ્કાર નથી કરવાનો. વાતને અંતે એક બાળકે એમને કહ્યું કે "તમે તો અમારાં હીરો છો." મીએપે તરત જ કહ્યું "હીરો હું નહીં, તમે સાચા હીરો છો. તમે જ હિંમતથી આટલી નાની જિંદગીમાં આટલાં કષ્ટો વેઠ્યાં છે તે કોઈ પણ હીરો કરતાં ઓછાં નથી. તમારે તમારું ભવિષ્ય ઊજળું બનાવવાનું છે માટે ખૂબ મહેનત કરજો. તમે ખૂબ જ સારાં બાળકો છો અને એરિન તમને ખરે રસ્તે દોરી રહી છે. તમે સારા નાગરિકો થશો તો સમાજને, દેશને અને દુનિયાને સુંદર બનાવી શકશો."

હવે બાળકોને ઝલાટા ફિલોપોવિકને (Zlata Filipovic) મળવું હતું જેણે એન ફ્રેન્ક ઓફ સારાજેવો (જેણે Anne Frank of Sarajevo) પર ચોપડી લખી હતી. એમાં એન અને ઝલાટાએ બોસ્નિયન લડાઈમાં સારાજેવોના ઘેરાવા તળે કેટલીક યાતનાઓ વેઠી હતી. ભૂખમરો અને દુઃખો વેઠ્યાં હતાં, ઘેરાવો હોવા છતાં પણ રસ્તા પર નીકળી દુશ્મનો પર બૉમ્બમારો કરતાં હતાં. આવી બહાદુર કિશોરીને મળવાનું કોને મન ન થાય ? એરિને એમને કહ્યું કે તમે આમંત્રણ પત્રો લખો હું પોસ્ટ કરી દઈશ. એરિનના આશ્ચર્ય વચ્ચે બે દિવસમાં પત્રો લખાઈ ગયા, એરિને એનું બાઈન્ડ કરાવ્યું અને બાળકોને બતાવ્યું કે "તમારા આ બધા પત્રો પુસ્તકની જેમ બાઈન્ડ થઈ ગયા અને હવે હું ઝલાટાને પોસ્ટ કરીશ. ઝલાટાનો પત્તો મળતો નથી, કોઈ કહે છે ફ્રાંસમાં રહે છો તો કોઈ કહે છે આયર્લેન્ડમાં. હું બંને ઠેકાણે આ ચોપડીઓ મોકલીશ. ઝલાટાનું નામ લેખિકા તરીકે જાણીતું છે એટલે ગમે તેમ પહોંચી જશે. અને બન્યું પણ એવું જ. એક મહિનાને અંતે આયર્લેન્ડથી ઝલાટાનો ઉત્તર આવ્યો કે "મને આવાં બાળકોને મળવાની બહુ જ ઈંતેજારી છે. હું ચોક્કસ આવીશ." એરિને એને માટે પણ એક દાતા શોધી કાઢ્યા જેનો બધો જ ખર્ચો એમણે ઉઠાવ્યો. ઝલાટા યુએસએમાં ચાર દિવસ રહી. ચારેય દિવસો એણે બાળકો સાથે વિતાવ્યાં અને ખૂબ વાતો કરી, જાતજાતની ઍક્ટિવિટીઝ કરી. કિશોરો તો એને મળીને અભિભૂત થઈ ગયા. એમણે પોતપોતાની ડાયરીમાં આ બધા વિશે લખ્યું.

એક ત્રીજા સેમિસ્ટરની રજાઓમાં એરિન એમને વોશિંગ્ટન લઈ ગઈ, અલબત્ત દાતાઓના ખર્ચે, ઘણાં બાળકોએ તો કદી મુસાફરી જ નહોતી કરી. તેમની ખુશીનો પાર ન હતો. બધું જાણે સ્વપ્નવત્ લાગ્યું. વિદ્યાર્થીઓએ ત્યાંનું મ્યુઝિયમ જોયું અને નોંધો લખી, તેઓ ત્યાંના એજ્યુકેશન સેક્રેટરીને પણ મળ્યા જેમણે આ બાળકોની ખૂબ પ્રશંસા કરી, ઘણું બધું સમજાવ્યું, જાતજાતના સવાલો પૂછ્યા જેનાં બાળકોએ સરસ જવાબ આપ્યા. જતાં જતાં બાળકોએ પોતાની લખેલી ડાયરીઓ એમને ભેટમાં આપી જે વાંચીને સેક્રેટરી બહુ જ પ્રભાવિત થયા અને એરિનને અભિનંદન આપ્યાં કે આટલા ઓછા સમયમાં ૧૫૦ બાળકોને

લખતાંવાંચતાં કર્યાં અને સાહિત્યમાં રસ લેતાં કર્યાં. તેઓ જિંદગીમાં ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા વ્યક્ત કરી.

એક વખત એરિને એમને king arthur and camelotની વાત કહેતી હતી પણ બાળકોએ એમાં રુચિ ન બતાવી. એટલે એરિને વર્ગમાં કહ્યું કે એ આ વાર્તાની ટેસ્ટ લેશે. જે લોકો ટેસ્ટમાં પાસ થશે એ લોકોને Medieval Times Restaurant માં લઈ જશે. બાળકોમાં ચુસ્તી આવી અને બધાં જ એ વિશે વધુમાં વધુ જાણવા ઉત્સુક થયાં. પછી તો એ લોકોને આમાં ખૂબ રસ પડ્યો અને જાણે પોતે એ જમાનામાં રહેતાં હતાં એવું એમને લાગવા માંડ્યું. આ રીતે તેઓ ધીરે ધીરે સાહિત્ય તરફ વળતાં ગયાં. એરિનના આશ્ચર્ય વચ્ચે બધા જ ૧૫૦ વિદ્યાર્થીઓ પાસ થયા અને બધાને જ રેસ્ટોરામાં લઈ ગઈ. ત્યાં એમણે બધું તે જમાનાનું ફર્નિચર જોયું, કેટલાક કુસ્તીબાજો કુસ્તી કરીને એમને આનંદ આપતા હતા. એક વિદ્યાર્થીએ પોતાની ડાયરીમાં લખ્યું, ‘‘આનાથી વધારે સારું શું હોઈ શકે. તમે એ જમાના વિશે જાણો અને થોડો આનંદ માણો. એરિન મૅડમને ખૂબ ખૂબ ધન્યવાદ.’’

હવે લગભગ બધા જ વિદ્યાર્થીઓ સાહિત્યમાં રસ લેતા થયા હતા એટલે એરિને શેક્સપિયર (Shakesheare) શરૂ કરાવ્યું અને ક્લાસમાં જ નાના નાના ડ્રામા કર્યા. શિક્ષણ અને સહિષ્ણુતા એરિનના જીવનમાં વણાઈ ગયાં હતાં. કોઈ પણ વિદ્યાર્થી કોઈ મુશ્કેલીમાં હોય તો એરિન એને મદદ કરતી અને મુશ્કેલીનો હલ શોધી આપતી. એ કોઈ દિવસ બાળકોને નીચાં ન દેખાડતી. એ બધાય વિદ્યાર્થીઓને કહે કે તમારામાં ક્ષમતા છે. તમે અઘરામાં અઘરું કામ કરી શકશો. એક વિદ્યાર્થીએ પોતાની ડાયરીમાં લખ્યું કે ‘‘એરિન મૅડમ જે પણ ભણાવે છે તે બધું જ હવે જિંદગી સાથે સાંકળી શકાય છે. તેઓ એટલાં હોંશિયાર હતાં કે આવા મોટા મોટા માણસોને અમારા વર્ગમાં આમંત્ર્યા, અમારી સાથે વાતો કરાવી, એરિન મૅડમ જે પણ ચોપડી લાવતાં તેમાં અમને બહુ જ શીખવાનું મળતું. મારા જેવા વિદ્યાર્થીઓને જગાડ્યા, આગળ વધાર્યા, લખતાંવાંચતાં કર્યા, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ કેળવી. હું એમની પાસેથી શીખ્યો કે કશું જ અસંભવ નથી, ફક્ત માણસમાં ઈચ્છાશક્તિ, લગન અને સહિષ્ણુતા હોય તો !’’

એક વિદ્યાર્થિની ભણવામાં બહુ નબળી હતી. એરિને એને કહ્યું, ‘‘તારામાં બુદ્ધિ છે, ક્ષમતા છે, તું ઘણું બધું કરી શકે એમ છે. મને તારામાં સંપૂર્ણ વિશ્વાસ છે.’’ આ સાંભળીને એ વિદ્યાર્થિની બહુ જ પ્રભાવિત થઈ અને છેક સુધી સારું ભણી.

કેટલાક વિદ્યાર્થીઓને ડિબેટ કોમ્પિટિશનમાં મોકલતી તો કોઈ કોઈને અમુક વિષય પર વર્કશોપ કરવાનું કહેતી. એના ક્લાસમાં એક જ શ્વેત વિદ્યાર્થી હતો એણે લખ્યું, ‘‘એરિન મૅડમે તો આ ચાલીવાળાઓનું સદંતર રૂપાંતર કરી દીધું. એ અમારાં બેસ્ટ ટીચર છે. એ અમારી બહુ જ કાળજી રાખે છે. અમે કદી પણ એમને લઘુતાગ્રંથિ ફીલ થવા નથી દેતા.’’

૧૫૦ વિદ્યાર્થીઓએ આવું તો કેટકેટલું લખ્યું. એનો વર્ગ જાણે એક પરિવાર બની ગયો હતો અને બધા જ એકબીજાને મદદ કરતા. પહેલાં જે છોકરાઓ મારપીટ કરતા હતા તે બધા જ સુધરી ગયા, શ્રોડ જેવો ઉદ્ધત છોકરો પણ સુધરી ગયો એટલે બધાં જ બાળકો એને સ્નેહ કરતાં, ચાહતાં અને ખૂબ જ માન આપતાં. સ્કૂલના નિયમ પ્રમાણે કોઈ એક શિક્ષક એક જ ક્લાસને બે વર્ષથી વધુ ન ભણાવી શકે પણ એરિન માટે અપવાદ કરવામાં આવ્યો અને બાકીનાં બે વર્ષ પણ એણે જ એ ૧૫૦ વિદ્યાર્થીઓને ભણાવ્યા અને યુનિવર્સિટીના ઉંબરે પહોંચાડ્યા. એરિન લખે છે, ‘‘એ મારા જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ હતો, ૧૫૦ કિશોરોને ભણાવીને માણસ બનાવ્યા. ખરેખર મારું હ્રદય ખુશીનું માર્યું ફાટી જશે એવું લાગે છે.’’

એરિન અને વિદ્યાર્થીઓનું છેલ્લું સેમિસ્ટર ખૂબ જ સંકલિત સારું રહ્યું. વિદ્યાર્થીઓનાં લખાણોની ડાયરી સંકલિત કરીને એને પુસ્તકાકારે છપાવ્યું. છોકરાઓ તો કલ્પી જ નહોતા શકતા કે એમનાં લખાણોનું પુસ્તક છપાશે

એટલું જ નહીં આ પુસ્તકની જે રોયલ્ટી મળશે એમાંથી આપણે એક ટ્રસ્ટ બનાવીશું અને જે વિદ્યાર્થીઓને જરૂર હશે તેમાંથી આપણે તેમને મદદ કરીશું.'' ૧૯૯૯માં એ પુસ્તક 'Freedom Writer Diary' છપાયું. બહુ જ પ્રશંસિત થયું. ચોપડીની પ્રસ્તાવનામાં લખ્યું હતું - Freedom wirters diary - How a Teacher and 150 students of teens used writing to change themselves & the world around them.'' દસ વર્ષ પછી એની બીજી દસ હજાર ચોપડીઓ છપાઈ અને અનેક ભાષાઓમાં અનૂદિત થઈ. એની ફિલ્મ પણ બનાવવામાં આવી જે લોકોએ ખૂબ જ પસંદ કરી. ચોથા સેમિસ્ટરના છેલ્લા અઠવાડિયામાં વિદ્યાર્થીઓએ એક સરપ્રાઈઝ પાર્ટી રાખી હતી જેની એરિનને ખબર ન હતી. તે દિવસે એમણે બહુ જ આનંદ કર્યો અને એરિનને ફૂલોના ગુચ્છાઓથી સંતાડી દીધી. એરિનની આંખમાં આંસુ આવી ગયાં. એરિન લખે છે, ''વર્ષોની મહેનત પછી આ કિશોરોને જેઓ નઠારા ગણાતા હતા તેમને મારી સહિષ્ણુતાથી ભણાવ્યા અને કિશોરમાંથી પુખ્ત યુવાન થયા. આજે ભલે હું એમની ટીચર નથી પણ હું એમની મિત્ર છું, માર્ગદર્શક છું અને અત્યંત વિશ્વસનીય છું. બધા પોતપોતાની જિંદગીમાં સારી રીતે સ્થાયી થઈ ગયા છે, બે-ચાર તો શિક્ષણક્ષેત્રમાં સારું કામ કરી રહ્યા છે. તેઓ હંમેશાં મારી સાથે રહ્યા છે, મને મદદગાર થયા છે અને મારા છૂટાછેડા પછી અને મારા પપ્પાના મૃત્યુ પછી મને ખૂબ જ મદદ કરી, સાંત્વના અને સહાનુભૂતિથી મને ટેકો આપ્યો. આનાથી વધારે મને શું જોઈએ ?''

વિલ્સન હાઈસ્કૂલને એણે મહામૂલાં ચાર વર્ષોની સેવા આપી. ત્યાં સુધીમાં તો એનું નામ ખૂબ જ જાણીતું થઈ ગયું હતું. કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીએ એને સરસ નોકરી આપી ''Distinguished teacher in residence.''

આપણે સાચા હૃદયની પ્રાર્થના કરીએ કે દુનિયામાં એરિન જેવી ટીચરો હોય, ખાસ કરીને ભારતમાં.

**નવનીત સમર્પણમાંથી સાભાર....**

# સંબંધ

**ઉપેન્દ્રભાઈ પટેલ**

સેક્રેટરી, સરસપુર સેવા ટ્રસ્ટ, સરસપુર, અમદાવાદ.

એજ સંબંધ સાચા, ખૂલે બંધ   દયના તાળા
મેળવણીની જેમ મળી જાય, ભેળની જેમ ભળી જાય એજ...
નથી અકળામણ, નથી ગૂંગળામણ
છે પ્રેમનું લબકામણ, સંબંધનું સોગંદનામુ   એજ...
ગુપ્તતામાં ગુમનામ, વહેતા પ્રેમના વાયરા
વાયરો તો વધતા રહે, સંતાડો તો સુવર્ણતા   એજ...
નથી વાડા, નથી તાળા, નથી કમાડ કાષ્ટ્રના
અંતરગુફામાં છંટાયા, અત્તરના છાંટા   એજ...
નથી બંધન, છતાં છે અકબંધ
નથી સગાઈ લોહીની, પણ લોઢાથી મજબૂત   એજ...

# અમૃત વર્ષની શુભેચ્છા

**દિલીપ દવે**

સરસપુર ● મો. ૯૩૭૭૭૧૫૭૨૧

સરસ્વતી વિદ્યામંડળ ઘરશાળા બને
અમૃત વર્ષની શુભેચ્છા ૭૫ વર્ષે થાય
જ્યોત સે જ્યોત જલે, સદા મંગલ જ્યોત બને
શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાન ગંગા જ્યાં વહે
સરસપુર સરસ નામનો, પુર બને ચારે કોર વિસ્તાર
માધુભાઈ મિલના કમ્પાઉન્ડમાં, પ્રગટતી અમારી શાળા
રઘુભાઈ-જશીબહેન ઉપાસના થકી, ઉપાસના ફળ મળે
હિંમતભાઈની હિંમત થકી, વિઠ્ઠલભાઈની વિશાળતા મળે,
ગોપલાણીનો શિક્ષા ભાવ વધે, શુભસ્ય પ્રેરણા મળે
જશીબહેનના ૧૦૧ વર્ષે અમૃતવર્ષની જ્યોત જલે
શિક્ષણ નિર્મળ બને શિક્ષકો થકી અમજીવન બને
આપના વિદ્યાભ્યાસી, આશિષ મળે આપના થકી
અમૃતવર્ષે શાળા - મહાશાળા બની અમૃતવર્ષે બને

# મેઘાણી, મહારાજ અને માણસાઈના દીવા

**વી. એસ. ગઢવી**

૧૧૫/૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર.
મો. ૯૯૭૮૪૦૬૧૩૦

સમગ્ર ગુજરાત જેમને રાજ વિનાના મહારાજ તરીકે ઓળખે છે તેવા રવિશંકર વ્યાસ લોક હ્રદયના સિંહાસને બિરાજેલા મહામાનવ છે. ગાંધી તથા ગરીબીના નિંભાડામાં ખરા થઈને આવેલા મહારાજ વીસમી સદીના બીજા દાયકામાં મહીકાંઠાના વિકરાળ પ્રદેશમાં અનેક પડકારો વચ્ચે ગાંધી મહાત્માના ખેપિયા તરીકે પ્રવેશ કરે છે. આ વિસ્તારના જ સરસવણી ગામના રવિશંકર મહારાજ બારૈયા, પાટણવાડિયા ઈત્યાદિ લોકોને તેમની સંપૂર્ણતામાં જૂએ છે તેમજ સમજે છે. મહીકાંઠાના આ લોકોની નબળી બાજુને ઉત્તેજન આપનારા આ ગોર મહારાજ નથી. જાગૃત થવાની કે પરિવર્તન કરવાની કોઈ સૂફિયાણી સલાહ આપ્યા સિવાય મહારાજ આ સમાજ સાથે એકરૂપ થઈને જીવે છે. આ કોમના તમામ લોકો ગુનેગાર છે તેવી આંધળી સરકારી માન્યતા સાથે તમામ માનવીની જે હાજરી પોલીસ સ્ટેશનમાં લેવાય છે તેની ઊંડી વેદના મહારાજ અનુભવી શકે છે. પોતાની નિષ્ઠાના બળે અન્યાયી હોય તેવી કાનૂની પ્રથાઓ હડિયાપાટી કરીને દૂર કરાવે છે. આથી મેઘાણીના માણસાઈના દીવાની કથાઓ દરેક કાળમાં સંદર્ભયુક્ત બની રહે તેવી છે.

મહાત્મા ગાંધીની ઊંડી અસર મહારાજના દરેક નાના મોટા કામમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. બાપુને ૧૯૧૬માં મહારાજે અમદાવાદમાં જોયા. ગાંધીની સ્પષ્ટભાષિતા તેમજ અસાધારણ નિર્ભયતા મહારાજના મનમાં વસી ગઈ અને આજીવન જળવાઈ રહી. ૧૯૧૭માં ગોધરામાં મળેલી રાજકીય પરિષદના અંતે ગાંધીના ભાથામાં સરદાર સાહેબ તેમજ મહામના મહારાજ જેવા ધારદાર શસ્ત્રોનો ઉમેરો થયો. 'માણસાઈના દીવા' ની દરેક કથામાં મહારાજની નિર્ભયતા ચોતરફ વિસ્તારેલા ઘનઘોર તિમિરમાં વીજરેખાની જેમ ચમકે છે. જે બહારવટિયાના નામ માત્રથી લોક થરથરે તેમજ સરકારી તંત્ર બેચેન બની જાય તેવા બહારવટિયા નામદારિયાની ટોળી તથા મહારાજનો મેળાપ મેઘાણીભાઈએ આબેહૂબ શબ્દોમાં કંડાર્યો છે. મહારાજની નિર્ભયતાના ભાતીગળ શિખરનું દર્શન દરેક શબ્દમાં પ્રગટ થાય છે. મહીકાંઠાના આ ઉબડખાબડ પ્રદેશમાં અવિરત પ્રવાસી મહારાજનો ભેટો નામદારિયા સાથે થાય છે. વાલિયા લૂંટારા તથા બુદ્ધની મુલાકાત અહીં સ્મૃતિમાં આવે છે. ખૂંખાર બહારવટિયાની ટોળી સામે નિર્ભય થઈને ખડકની જેમ ઊભેલા મહારાજને બહારવટિયો પૂછે છે :

'પેન્સિલનો ટુકડો તમારી પાસે હશે ?'

મહારાજ હા કહે છે.

'અને કાગળ ?' બીજો પ્રશ્ન પુછાય છે.

'એ પણ છે.'

બહારવટિયો વાતનો દોર લંબાવતા કહે છે : 'કાગળ તથા પેન્સિલ આપો. તમારા (મહારાજના) ગામના સોમા માથુર પર અમારી ચિઠ્ઠી લખીને તમને આપીએ. સોમાએ અમને તાત્કાલિક રૂપિયા પાંચસો પહોંચડવાના છે નહિતર તેની ખેર નથી. ચિઠ્ઠી તમે પહોંચાડજો.'

હવે ગાંધીના બહારવટિયા મહારાજનો સમથળ રહેલો સ્વર ઊંચો થાય છે.

"આવી ચિઠ્ઠી લખવા મારી પાસે કાગળ નથી. હું તો મારા ગામ જઈને ગામલોકોને સમજાવીશ કે બહારવટિયાના જૂલમો સામે આપણે લડવાનું છે. બહારવટિયા ગામ પર હૂમલો કરે તો સામી છાતીએ સામનો કરી અવસર આવ્યે મર્દાનગીથી મરવાનું છે."

ગાંધીની ટોળીના આ ધોળી ટોપીવાળા મહારાજનો સ્પષ્ટ તથા નિર્ભય સંદેશ બહારવટિયાઓની ટોળી પર

સોંસરવો ઊતર્યો હોવો જોઈએ. નામદારિયાની ટોળીએ મહારાજના ગામ સરસવણીના પાદરે પછી કદી દેખા દીધી ન હતી. મહારાજ જેવા ગતિશીલ વાહકોએ ગાંધી વિચારની ચિનગારી પ્રગટાવી હતી. 'મૂઠી ઊંચેરા' મહારાજ ગાંધીની આકાશગંગાના તેજસ્વી તારક સમાન હતા. સ્વામી આનંદે રવિશંકર મહારાજ માટે લખેલા શબ્દોમાં મહારાજના વિરાટ વ્યક્તિત્વની ઝલક જોવા મળે છે. સ્વામીદાદા લખે છે :

"હું તો રોજ સવાર - સાંજ માળા - પ્રાર્થના વખતે 'પુણ્યશ્લોકો નલોરાજા, પુણ્યશ્લોકો યુધિષ્ઠિર' સાથે મહારાજનું નામ વર્ષોથી લેતો હોઉં છું. પુણ્યશ્લોક એટલે પુણ્યનો પહાડ મહારાજ ગુજરાતના સૌથી ઊંચા સેવક તથા સર્વશ્રેષ્ઠ બ્રાહ્મણ છે."

રવિશંકર મહારાજના મુખમાંથી અમૃત સ્વરૂપે સહજ રીતે સરેલા શબ્દો મેઘાણીભાઈ કાળજીથી નોંધે છે. 'મૂઠી ઊંચેરા' મહારાજની અનુભવજન્ય વાતો સામાન્ય નથી. સરળ તથા સહજ શબ્દો અને કર્તાભાવનો સદંતર અભાવ એ રવિશંકર મહારાજની વાણીના ભૂપણ સમાન છે. મહારાજની વાણીમાં માનવીય મનની અમીરાત ટપકતી દેખાય છે. આપણે સમાજના જ કેટલાક લોકો તરફનો પૂર્વગ્રહ બાંધી લઈએ છીએ. ત્યારબાદ તે વર્ગ તરફ આવા પૂર્વગ્રહના ચશ્મા પહેરીને જ નજર કરીએ છીએ. મહાસાગરના મથાળે કદાચ કૂડોકચરો દેખાતો હોય તેમ બને. પરંતુ તેને અતિક્રમીને મહાસાગરનાં તળિયાં તપાસનારને મોંઘામૂલાં મોતીની પ્રાપ્તિ થાય છે. મહાસાગરની એ યુગો પર્યન્તની વેદના રહી હશે કે લોકો તેનો તોલ તથા મોલ ઉપર દેખાતા કૂડાકચરાને જોઈને કરે છે. રામજી વાણિયાએ સાગરના હૈયાની આ વ્યથા સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. મરજીવાને સાગર કહે છે :

જળ ખારા જાણી કરી
મરજીવા ફેરવીશ નહિ મોં,
અમારા તળિયા તપાસી જો
તને કુબર કંગાળ લાગશે.

ગાંધી તેમજ વિનોબા અને લોકસેવક રવિશંકર મહારાજ માણસના ભીતરની માણસાઈને તાગનારા તેમજ જગાડનારા હતા. આવા લોકોની તટસ્થ કથનીને કારણે જ મહારાજ કથિત અને મેઘાણી આલેખિત 'માણસાઈના દીવા' ની કથા જગતના સાહિત્યમાં સ્થાન તથા સન્માન મેળવી શકે તેવી ભવ્ય છે. મહારાજ એક પ્રસંગ ટાંકતા કહે છે કે પાટણવાડિયાની પુત્રી અને જાજરમાન માતા સ્વરૂપજીબા પોતાના પતિ મથુરના મૃત્યુ નિમિત્તે ગામલોકોને ભેગા કરે છે અને મથુરની સ્મૃતિમાં ગામના હિતમાં હોય તેવું કોઈ કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે. સીધા સાદા ગામલોકો કહે છે : "ગામમાં પંખીઓ માટે કાયમી ચણની વ્યવસ્થા થાય તો સારું" લોહી અને પરસેવો એક કરીને બચાવેલી તથા અથાક શ્રમ કરીને જાળવેલી પોતાની સૌથી સારી અને ફળદ્રુપ ચાર વીઘા જમીન પંખીઓના ચણ માટે જૈફ ઉમ્મરનાં જીબા બેજીજક અર્પણ કરે છે. આમાં માગણી કરનાર ગ્રામજનોનું મંગળમય દર્શન તથા આપનારની અસાધારણ ગરવાઈના એવરેસ્ટનું તેજોમય દર્શન થાય છે. બ્રિટિશ સત્તાધીશોએ ગુનાહિત જાહેર કરેલા સમાજના આ ઉજળા પાત્રોની સારી તથા નબળી વાતો મહારાજ અને મેઘાણી થકી જગત સમક્ષ પહોંચી શકી. સ્નેહયુક્ત સદ્ભાવના તમામ ચૈતન્યયુક્ત જીવો માટે હોય તેવો એક અમૂલ્ય અભિગમ માનવતા અને માનવીય મૂલ્યો તરફની આપણી શ્રદ્ધાને ટકાવી રાખે છે તથા દૃઢ કરે છે. આથી જ કદાચ મહારાજે આ અંધારી રાતના તારલાઓની વાતો કહેવા તેમજ લખવા સર્જક અને સંશોધક મેઘાણીએ સંમતિ આપી હશે. સદ્ભાવના - સહિષ્ણુતા તેમજ નિર્ભયતાનું સિંચન લોકમાનસમાં તથા વિશેષ કરીને બાળમાનસમાં થાય તો એક સ્વસ્થ દૃષ્ટિકોણ ધરાવતા સમાજનું નિર્માણ કરવું તે અશક્ય કાર્ય નથી.

ખાસ કરીને 'માણસાઈના દીવા' જેવી તકલીફોમાં

વણાતા માનવગરિમાના તાણાવાણાની કથાઓ બાળમાનસને વિશેષ પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે. પોરબંદરના બાળક મોહનને પણ હરિશ્ચંદ્ર તથા શ્રવણની કથાઓ સાંભળીને પોતાનું જીવન પણ તે દિશામાં વાળવાની મહેચ્છા જાગે છે. જેમની જન્મશતાબ્દીનું વર્ષ ચાલે છે તેવા ડૉ. પી. સી. વૈદ્યનો પણ આવો જ અનુભવ છે. વૈદ્ય સાહેબ કહે છે કે બાળપણમાં તેમણે પિતાને સંભળાવવા વાંચેલી ગાંધીજીની આત્મકથા તેમના જીવનમાં સદાકાળ પ્રેરણારૂપ બની રહી હતી.

ગાંધી-લિંકન-મંડેલા કે મહારાજ જેવા દિગ્ગજ નેતાઓ વિશ્વને મળ્યા તે લોકનું સદ્‌ભાગ્ય છે. આ બધા વચ્ચે પણ જગતે બે ભીષણ મહાયુદ્ધ જોયા તે માનવમનની અનેક મર્યાદાઓ અને મલિનતાને આભારી છે. વિનોબાજીની દૃષ્ટિએ સંત તુકારામની હરોળમાં બેસી શકે તેવા મહારાજનો વિચાર વારસો અંધારામાં પણ અજવાળું ફેલાવે તેવો છે. નવી પેઢી સુધી મહામૂલા મહારાજની વાતો લઈ જવા જેવી છે. અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં સારવાર લેતાં મહારાજની સ્વાનુભવની વાતો મેઘાણીએ આકંઠ પીધી હશે. આ સંવાદને કારણે 'માણસાઈના દીવા'ની કથાઓએ જગતમાં નૂતન પ્રકાશ પાથર્યો. આ એક ઐતિહાસિક મિલન હતું જેના થકી મહીકાંઠાના જનોની તેજ તિમિર મિશ્રિત વાતોનું સોંસરવું દર્શન જગતને થયું. 'માણસાઈના દીવા' કાળની ઝાપટમાં વિલાય તેવા નબળા નથી. 'શબદ'માં જેની શ્રદ્ધા છે તેવી મેઘાણીની ધીંગી કલમ થકી મહારાજની અનુભવી વાણીનું ગંગાવતરણ અહીં થયેલું છે. આ શબદ તણખાનું સત્ત્વ અલગ તરી આવે તેવું છે.

આતમની એરણ પરે
જે દી અનુભવ પછડાય જી
તે દી શબદ તણખાં ઝરે
રગરગ કડાકા થાય...
જી જી શબદના વેપાર.

## ધર્મનું સાચું સ્વરૂપ

**દુર્ગેશ ઉપાધ્યાય (વડોદરા)**

સી-૫, તેજલ એપાર્ટમેન્ટ, બીજો માળ, ગીતા મંદિર પાસે,
પ્રતાપનગર રોડ, વડોદરા-૩૯૦૦૦૪.

અલ્વરમાં 'ધર્મનું સાચું સ્વરૂપ' એ વિષય પર સ્વામી વિવેકાનંદની વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. તેમાં ઘણા લોકો આવ્યા હતા, મુસ્લિમ બિરાદરો પણ તેમનાં વ્યાખ્યાન સાંભળવા આવતા.

વ્યાખ્યાન સાંભળવા આવેલામાં એક મૌલવી પણ હતા. તેમને વિચાર આવ્યો. આ મહાપુરુષને મારે ત્યાં જમવા લઈ જઉં.

પણ તરત એવો વિચાર પણ આવ્યો કે, સ્વામીજી તો ચુસ્ત હિંદુ પંડિતને ત્યાં ઊતર્યા છે અને તે પંડિત આવો પ્રસ્તાવ માન્ય રાખે તેવો ન હતો. છતાં વિચાર મક્કમ કરી, એ પંડિતની હાજરીમાં જ સ્વામીજીને કહ્યું : 'આપ પ્રવચનમાં કહો છો કે, ધર્મના કે નાત-જાતના વાડાને તમે ધિક્કારો છે, તો મારી વિનંતી છે કે, તમે એક દિવસ મારા ઘરે આવીને ભોજન ગ્રહણ કરો.

સ્વામીજી તો આ વાત સાંભળીને ખુશ થયા, તે બોલ્યા, ભાઈ, જગતના ધર્મોના રસ્તા ભલે અલગ અલગ હોય પણ તેમાંનું મૂળતત્ત્વ છે માનવતા, સત્ય, નીતિ, સદાચાર અને તેથી જ હું માનવીને માનવી સાથે સમભાવ, સદ્‌ભાવનાથી જીવવા માટે, વર્તવા માટે કહું છું, પછી હું આપને ત્યાં કેમ ન આવું ? અવશ્ય આવીશ.'

આ સાંભળી મૌલાના ખુશ થઈ ગયા. તેમને ધર્મના સાચા સ્વરૂપનું આજે દર્શન થયું હતું.

# શિક્ષણ સમાચાર

## અશોક સોમપુરા

૭, એપેક્ષનગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ
સોસાયટી પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪.
મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**રાજ્યની ૧૦૩ પ્રાથમિક શાળાઓમાં માધ્યમિક શાળાઓ શરૂ કરાશે.:** શિક્ષણ વિભાગ દ્વારા આદિવાસી અને બિનઆદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં બીજી પાળીમાં ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. વર્ષ ૨૦૧૯-૨૦થી માધ્યમિક શાળાઓ માટે શિક્ષકો તેમજ વહીવટી કર્મચારીઓની ભરતી કરી શૈક્ષણિક કાર્ય શરૂ કરવાનું નક્કી કર્યું છે. નવી શાળાઓ ઊંચો ડ્રૉપ આઉટ રેશિયો અને નીચો ટ્રાન્ઝિસ્ટર રેશિયો ધરાવતા વિસ્તારમાં શરૂ કરવા સરકારે સૂચન કર્યું છે.

**સ્કૂલ બૅગનું વજન:** માનવ સંશાધન વિકાસ મંત્રાલયે વિદ્યાર્થીઓની સ્કૂલ બૅગના વજન અંગે પરિપત્ર જાહેર કર્યા બાદ આ અંગે રાજ્ય સરકારે પણ દિશા-નિર્દેશ જાહેર કર્યો છે. કેન્દ્ર સરકારના બાળ સંરક્ષણ આયોગે સ્કૂલ બૅગના વજન અંગે સૂચનાઓ જાહેર કરી છે. તેના અનુસંધાનમાં રાજ્ય સરકારે રાજ્યમાં ગુજરાત બોર્ડ, સીબીએસઈ સહિત તમામ બોર્ડ સંચાલિત શાળાઓમાં બૅગનું વજન બાળકના વજનના ૧૦ ટકા કે તેનાથી ઓછું રાખવાનું નક્કી કર્યું છે. ડૉક્ટર્સ અને શિક્ષણવિદોના અભિપ્રાય બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો તમામ શાળાઓએ તાત્કાલિક અમલ કરવાનો રહેશે. ગાઈડ લાઈનમાં વાલીઓ માટે પણ નિર્દેશ અપાયા છે.

**રાજ્યમાં ૩ વર્ષમાં ૨.૧૭ લાખ વિદ્યાર્થીઓ ઘટ્યા:** ગુજરાતમાં પ્રકાશિત થયેલી સામાજિક આર્થિક સમીક્ષા મુજબ ગુજરાતમાં સતત ત્રીજા વર્ષે પ્રાથમિક શાળાઓનો તો વધારો થયો છે પરંતુ તેની સામે વિદ્યાર્થીઓનો સતત ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષની તુલનામાં આ વર્ષે ૫૫ - પંચાવન હજાર વિદ્યાર્થીઓનો ધરખમ ઘટાડો નોંધાયો છે. તો છેલ્લા ત્રણ વર્ષમાં જ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ૨.૧૭ લાખનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જે દર્શાવે છે કે ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં ઝડપભેર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થતો જાય છે.

રાજ્યમાં ૨૦૧૬માં ૪૪,૦૧૮ શાળાઓ હતી. જે ૨૦૧૫માં ૪૩૬૩૮ થી ૩૮૦ શાળાઓનો વધારો દર્શાવે છે. રાજ્યમાં ૨૦૧૫માં કુલ વિદ્યાર્થીઓ ૯૧.૪૨ લાખ હતા. તે વર્ષ ૨૦૧૬માં ૭૫ હજાર ઘટીને ૯૦.૬૭ લાખ થઈ ગયા છે.

**સતત ઘટતી જતી વિદ્યાર્થી સંખ્યા**

| વર્ષ | પ્રાથમિક શાળા | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪ | ૪૩૧૭૬ | ૯૨.૨૯ લાખ |
| ૨૦૧૫ | ૪૩૬૩૮ | ૯૧.૪૨ લાખ |
| ૨૦૧૬ | ૪૪૦૧૮ | ૯૦.૬૭ લાખ |
| ૨૦૧૭ | ૪૪૫૪૫ | ૯૦.૧૨ લાખ |

સોર્સ: આર્થિક સામાજિક સમીક્ષા, ગુજરાત રાજ્ય.

**ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં પાંચ લાખ વિદ્યાર્થીઓનો વધારો :** ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે પાંચ લાખ વિદ્યાર્થીઓ વધશે. આ વર્ષે ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં બોર્ડમાં કુલ ૧૭.૭૭ લાખ ફૉર્મ ભરાયા છે.

માર્ચ ૨૦૧૯ માં લેવાનારી પરીક્ષા માટે અત્યાર સુધી ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫.૨૦ લાખ વિદ્યાર્થીઓ, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧.૫૭ લાખ અને ૧૦માં

ધોરણમાં ૧૧ (અગિયાર લાખ) ફોર્મ ભરાયા છે. ગયા વરસે ધો. ૧૨ સામાન્ય પ્રવાહ - વિજ્ઞાન પ્રવાહ અને ધો. ૧૦ ના કુલ મળીને ૧૨.૬૭ લાખ ફોર્મ ભરાયા હતા. આ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા વધતા બોર્ડ વધારે પરીક્ષા કેન્દ્રો ફાળવશે.

**પરીક્ષા પહેલાં શાળાઓ બનાવશે સ્ટુડન્ટ્સના પ્રોગ્રેસ રિપોર્ટ:** અમદાવાદ સહિત દેશભરની સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન સાથે માન્યતા પ્રાપ્ત શાળાઓમાં પ્રિ-બોર્ડ એક્ઝામ શરૂ થઈ ગઈ છે. જ્યારે કેટલીક શાળાઓમાં સેકન્ડ ટર્મ ટેસ્ટ પણ યોજાઈ ગઈ છે. તેને લઈને ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં પ્રોગ્રેસ કાર્ડ રિપોર્ટ તૈયાર થઈ જશે, તેને આધારે વિદ્યાર્થીના પર્ફોર્મન્સ અંગે જાણકારી મળશે. જે વિદ્યાર્થીએ આ બંને પરીક્ષામાં સારું પર્ફોર્મન્સ કર્યું હશે તેને બોર્ડ પરીક્ષાના રિવિઝન માટે મોટીવેટ કરાશે. જે વિદ્યાર્થીઓ ઓછો સ્કોર કર્યો હશે તેના સંબંધીઓને શાળાના શિક્ષકો મળશે અને વાલીઓને જાણ કરશે. આ પ્રક્રિયાનો ફાયદો વિદ્યાર્થીઓને તેની બોર્ડની પરીક્ષામાં મળશે.

**સીબીએસઈમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળશે પસંદગીના રીડર :** સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની બોર્ડ પરીક્ષામાં ભાગ લેનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓને પસંદગીના રીડર તો અપાશે જ પરંતુ તેની સાથે તેમના માટે અલગ પરીક્ષા સેન્ટર પણ ગોઠવાશે. આ સંબંધિત સીબીએસઈ બોર્ડ અમદાવાદ સહિત દેશના શહેરોની તમામ શાળાઓને સૂચનો જાહેર કરી દીધા છે. અત્યાર સુધી સામાન્ય વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા આપતી વખતે દિવ્યાંગ વિદ્યાર્થી અસહજતાની લાગણી અનુભવતા હતા એટલે આ વખતે તેમને અલગ પરીક્ષા કેન્દ્ર ફાળવવાનો નિર્ણય આ બોર્ડ દ્વારા લેવામાં આવ્યો છે.

**TAT (ટાટ)ના ગુજરાતી માધ્યમનું ૪૫ ટકા પરિણામ** : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે લેવાયેલ શિક્ષક અભિરૂચી કસોટીનું પરિણામ ૪૫ ટકા રહ્યું છે. સરેરાશ પરિણામ ૩૯.૨૯ ટકા રહ્યું છે. આ પરીક્ષામાં ૯૮૨૮૮ ઉમેદવારો રજિસ્ટર્ડ થયા હતા. જેમાંથી ૩૬૭૦૮ ઉમેદવારો ક્વૉલિફાય થયા છે. જેમાં ગુજરાતી માધ્યમનું ૪૫.૩૧ ટકા, અંગ્રેજી માધ્યમનું પરિણામ ૩૪.૯૬ ટકા પરિણામ રહ્યું છે.

**ટૂંકાવીને....**

- હવે શાળાઓમાં ભણતાં પહેલાં દફતરનું વજન થશે.
- પ્રોફેશનલ કોર્સમાં ૧.૧૨ લાખ સીટ ખાલી, છતાં નવી ૧૩૬૦ નો ઉમેરો.
- સેપ્ટના વિદ્યાર્થી નાનઝિંગ જઈને શીખશે હેરિટેજ રિસ્પોન્સિવ પ્લાનિંગ.
- NID ની સ્ટુડન્ટે બનાવેલી ફિલ્મ "સાદ" ને બેસ્ટ સ્ટુડન્ટ્સ શોર્ટ ફિલ્મનો એવોર્ડ એનાયત થયો. સ્ટુડન્ટ કનિકા ખરાતને ટ્રોફી, સર્ટિફિકેટ સાથે ૨૫૦૦૦ નું કેશ પ્રાઈઝ પણ મળ્યું.
- યુએસએની પ્રતિષ્ઠિત સ્કૉલરશિપ માટે વિશ્વની ૧૧૯ યુનિવર્સિટીના ૨૮૦૦ વિદ્યાર્થીઓમાંથી અમદાવાદની વિદ્યાર્થીની અરનાઝ અમીરની પસંદગી થઈ છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેના નિયમમાં ફેરફાર કર્યો છે. તે મુજબ બોર્ડનું પેપર ફોડનારને ત્રણ વર્ષની જેલ કે બે લાખ રૂપિયા દંડ થશે. અત્યાર સુધી રૂ. ૨૦૦ દંડ અને બે વર્ષની સજા થતી હતી.
- જીટીયુના પરીક્ષાના માળખામાં ફેરફાર. ડિપ્લોમામાં પાસિંગ માર્ક ૨૩ થી ૨૮ કરવાની વિચારણા. જો કે આ નિયમ સામે ૭૦ જેટલી કૉલેજોએ વિરોધ નોંધાવ્યો છે.
- રોટરી ક્લબ ઑફ જામનગર દ્વારા યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં બાર વર્ષના માનિત સુનિલભાઈ જોગેલ પ્રથમ નંબરે સિદ્ધિ હાંસિલ કરી છે. ચિત્ર સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય દર્શાવનાર માનિત જોગેલને અભિનંદન.

# શતાબ્દી વર્ષ - અમૃત પર્વ (શુભેચ્છા રેલી)







મુ.શ્રી જશીબહેન ૧૦૦ વર્ષ પૂર્ણ કરી શતાબ્દી વર્ષ (૧૦૧ વર્ષ)માં પ્રવેશ કરે છે. જોગાનુજોગ સરસ્વતી વિદ્યામંડળ ૭૪ વર્ષ પૂર્ણ કરી અમૃત વર્ષ (૭૫ વર્ષ)માં પ્રવેશ કરે છે. શતાબ્દી અને અમૃતપર્વની ઉજવણી નિમિત્તે સરસ્વતી વિદ્યામંડળના દરેક વિભાગે શુભેચ્છા રેલીનું આયોજન કર્યું હતું.

**બાલભારતી સંકુલ :** આ અવસરમાં સહભાગી બનવા અસારવા વિદ્યાલય, શાંતિકુમાર કોઠારી વિદ્યાલય તથા બાલભારતી બાલવિહાર દ્વારા તા. ૮ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીના પ્રારંભમાં શ્રી જયોતીન્દ્રભાઈ, શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ, શ્રી સજુભા ઝાલા, શ્રી દિલીપસિંહ સોલંકી, વિભાગીય વડાઓ શ્રી મીતાબહેન, શ્રી ભાવનાબહેન, શ્રી જશુબહેન, શ્રી તૃપ્તીબહેન, શાળાના કાર્યકર્તાઓ, સેવકભાઈઓ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ તથા બાલ વિહારના ભૂલકાઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓ જુદા જુદા વેશભૂષાઓમાં શોભતા હતા. અસારવા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ લેઝીમના તાલબદ્ધ દાવ કરતા હતા.

શરૂઆતમાં ફૂલોથી શણગારેલ ખુલ્લી જીપમાં મુ.શ્રી જશીબહેન બેઠા હતા સાથે હતા શ્રી ઈરાબહેન તથા બાલભારતીના આચાર્ય શ્રી ભારતીબહેન રેલીના રસ્તે અલગ અલગ સ્થળોએ વાલીઓ તથા પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું મુ.શ્રી જશીબહેનનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવતું હતું. રેલીના સમગ્ર મળી શાળામાં ગવાતા ગીતો મ્યુઝિક બૅન્ડ દ્વારા રજૂ કરવામાં આવતા હતા.

રેલી અસારવા ચકલા, અસારવા વિદ્યાલય, મોહન ટોકિઝ, સિવિલ હૉસ્પિટલ, જૂના એમ.એલ. ક્વાર્ટર, કલાપીનગર, પતરાવાળી ચાલી, ચમનપુરા સર્કલ થઈ શાળામાં પરત થઈ હતી. વિદ્યાર્થીઓ બિસ્કીટ લઈ છૂટા પડ્યા હતા. આમ રેલી શાંતીથી સંપન્ન થઈ.

**સરસપુર સંકુલ :** ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલની તમામ શાળાઓ દ્વારા તા. ૧૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શુભેચ્છા રેલીમાં સહભાગી બની હતી. શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય, જે.એન. બાલિકા વિદ્યાલય, સરસ્વતી કુમારશાળા નં.૧, સરસ્વતી કુમારશાળા નં.૨ અને સરસ્વતી બાલવિહારના કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

રેલીની શરૂઆતમાં દરેક વિભાગના બૅન્ડ, શણગારેલા બળદ ગાડાઓ અને નાના બાળકો માટે ખાસ વાહનો હતા. ત્યારબાદ સંસ્થાના મોવડીઓ જોડાયા હતા. મુ.શ્રી જશીબહેન વહેલી સવારે શાળાના મેદાનમાં રેલીને પ્રસ્થાન કરાવવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આવી પહોંચ્યા હતા.

રેલી સરસપુર ચાર રસ્તા - પૂર્વ હિમાંશુ બાલ મંદિર - શારદાબહેન હૉસ્પિટલ - મણીબહેન હૉસ્પિટલ - વિષ્ણુનગર - ડૉ. હરિભાઈ ગોદાણી દવાખાનું - રણછોડજી મંદિર - સરસપુર ચાર રસ્તા થઈ પુનઃ શાળાના મેદાનમાં પરત આવી હતી. રેલીના માર્ગમાં અનેક સંસ્થાઓ, વાલીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન મ્યુઝિક બૅન્ડ દ્વારા સંસ્થાઓની શાળાઓમાં ગવાતા ગીતો રજૂ કરવામાં આવતા હતા. અને આમ સફળતા પૂર્વ શાંતિથી રેલી સંપન્ન થઈ હતી. વિદ્યાર્થીઓ બિસ્કીટ લઈ છૂટા પડ્યા હતા.

મુ.શ્રી જશીબહેન નાયક • સરસ્વતી વિદ્યામંડળ

# શુભેચ્છા રેલી

100 વર્ષ શતાબ્દી વંદના

75 અમૃત પર્વ



Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
ઘરશાળા • જાન્યુઆરી - ૨૦૧૯ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# જયતુ જય જય પુણ્ય ભારત



જયતુ જય જય પુણ્ય ભારત ભૂમિ સાગર અંબર
જયતુ જય જય ઋતુ અધિસ્વર જય વિધાત્રુ શિવંકર
જય ઉદયગિરિ પર ભર્ગ સુંદર
ઉદિત સ્વર્ણિમ સૂર્ય હૈ
જય શાંત કૌમુદી ધવલ યામિની
વિધુ સુધારસ પૂર્ણ હૈ
જયતુ જય જય દિવ્ય ગણ મુનિવર
ધુતિર્ધર કિન્નર... જયતુ જય જય ઋતુ
જય સત્ય નિર્મલ ચિત્ત ધર્મ
નિઃશંક નિરલસ કર્મ હૈ
જહીં હૃદય મનનો મેળ સંગ
નિસંગ પ્રેમલ મર્મ હૈ
જયતુ જય જય સભર જીવન
સ્થિતિ ગતિમય મંથર... જયતુ જય જય
જય નિમ્ન ઉન્નત ક્ષુદ્ર ઉર્જિત
એક સંહતિ સર્વ હૈ
જય નિખિલ વ્યાપ્ત પ્રસન્નતામય
નિત્ય નૂતન પર્વ હૈ
જયતુ જય જય ગત અનાગત
ક્ષણ વિતર્ત નિરંતર... જયતુ જય જય

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.